શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
ડિસેમ્બર : ૨૦૧૯ ● અંક : ૬
પાના નં. ૧ ● કુલ પેજ : ૬૦

૧૫ ડિસેમ્બર, ૨૦૧૯ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૨-૨૦૧૯ | કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૭૧૮૪, ૪૦૦૭૭૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ :

**મુકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯**
**સાગર સાવલા : ૯૪૨૭૯૧ ૧૩૦૯૪**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને**
**તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

SGI

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**

INSTA-POWER



DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014


OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

Corp. & Regd. Office Vadodara
Works 1 (Anjar - Kutch)
Works 2 (Waghodia - Vadodara)


www.artnirman.com
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99


ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે
અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો
તુલસી
કુંવારપાઠું
અમૃતફળ
આમળાં
આહાર
એ જ
ઔષધ
તમારું રસોડું જ
તમારું દવાખાનું
ભાગ ૧
તમારું રસોડું જ
તમારું દવાખાનું
ભાગ ૨
ઘઉંના જવારા
પાણી
આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.
NAVNEET
Knowledge is wealth
NAVNEET EDUCATION LIMITED
Correspondence Address : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052. India
Phone : (079) 6630 5000, 6630 5001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
email : navneet.ahd@navneet.com • Website : www.navneet.com

**વર્ષ-૩૩ ● અંક - ૯**
**૧૫ ડિસેમ્બર, ૨૦૧૯**



**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર



**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.



'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


## આ અંકમાં....


**તંત્રી લેખ**
- કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના પાણીની વ્યથા ..... **અશોક મહેતા**....૭

**કચ્છ**
- કચ્છ પ્રદેશની પહેચાન : પ્રશંસનીય પ્રવાસન ક્ષેત્ર ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૯
- હડપ્પિયન સંસ્કૃતિનું ખીરસરા ..... ...૧૧
- કચ્છના જોવાલાયક સ્થળો ..... ...૧૩

**સંસ્કૃતિ**
- ઉત્તરાયણની અનેક માન્યતાઓ અને અનેક લોકકથાઓ છે..... **ડૉ. મિહિર એમ. વોરા**....૧૪

**ઐતિહાસિક વાર્તા શ્રેણી**
- અદૃશ્ય પાત્રો - ૨ : જીકડી ..... **હરેશ ધોળકિયા**...૧૫

**ગુજરાતી કથાગીતો**
- બહારવટિયા કાદુના ચરિત્રને ચરિતાર્થ કરતું રાસ ગીત :
  ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા ..... **સંકલન : જીના વીરેન શેઠ**....૨૧

**સત્ય ઘટના**
- મહાત્મા ..... **પારુલ આર. પટેલ**....૨૭

**પ્રવાસ**
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિઝીટ – એક યાદગાર સંભારણું ..... **ચિત્રસેન આર. શાહ**....૨૯

**સ્વાસ્થ્ય**
- "મારા દીકરાને ભણવાનું મન થતું નથી"– (૪) . **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ**....૩૧

**લઘુકથા**
- સાચું તો દરેકને સમજાતું હોય છે,
  પણ અફસોસની વાત એ છે કે 'સાચા સમયે સમજાતું નથી'...... **ભોલાભાઈ ગોલીબાર**....૩૩
- લાઈક ..... **ધીમંત પ્રાણશંકર ભટ્ટ**....૩૪

**પુસ્તક પરિચય**
- "ગાંધી : સનાતન ક્રાંતિકારી" ..... **લેખક : હરેશ ધોળકિયા**....૩૫
  **પરિચયકર્તા : દિનેશ માંકડ**

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજજુગ્રાફી – (૧૫) ..... **તુલસીદાસ કંસારા**...૩૬

**માહિતી**
- ખૂબ જ અગત્યની જાણકારી ..... ...૩૭


**પ્રતિભાવ**
- પ્રતિભાવ ..... ...૩૮

**કાવ્યો**
- કાવ્યો ..... ૪૦

**વિવિધતા**
- ટાપલી દાવ ..... **તરલાબા આર. ચૌહાણ**....૪૧
- પ્રસંગની પ્રણાલિકા ..... **ભાવના એ. ઝવેરી**...૪૨
- શબ્દ શોધ : ક્રમાંક-૯૦ ..... **પ્રદીપ જોષી - આદિપુર**....૪૩

**અન્ય સંસ્થાઓના સમાચાર**
- અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૪૪


**સંસ્થા સમાચાર**
- સમાજ સમાચાર ..... ...૪૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ..... ...૫૫




# ગુજરાતનું ગૌરવગાન ગાતાં માહિતીસભર પુસ્તકો

| | | |
|---|---|---|
| **ગુજરાત અર્ધશતાબ્દી અને ....** [ગુજરાતની સર્વાંગી વિકાસયાત્રા] | સં. યશવન્ત મહેતા | 175 |
| **સહકાર-પર્વ** [ગુજરાતની સહકારી ક્ષેત્રે વિકાસયાત્રા] | જગદીશ મુલાણી | 135 |
| **પર્યાવરણ-પર્વ** [ગુજરાતની વનસંપદા અને પર્યાવરણ] | નટવર હેડાઉ | 135 |
| **વિત્ત-પર્વ** [ગુજરાતની આર્થિક વિકાસયાત્રા] | રોહિત શુક્લ | 135 |
| **ન્યાય-પર્વ** [ગુજરાતના ન્યાયાધીશો અને વકીલો] | ચિન્મય જાની | 100 |
| **પત્રકારત્વ-પર્વ** [ગુજરાતી પત્રકારત્વની વિકાસયાત્રા] | યાસીન દલાલ | 145 |
| **ઉત્સવ-પર્વ** [ગુજરાતનાં ઉત્સવો, પર્વો અને મેળાઓ] | કમલેશ ચાવડા | 130 |
| **સાગર-પર્વ** [ગુજરાતમાં બંદરવિકાસ અને મત્સ્યોદ્યોગ] (પુરસ્કૃત) | ગૌરાંગ વૈદ્ય | 60 |
| **દુગ્ધ-પર્વ** [ગુજરાતમાં શ્વેતક્રાંતિની વિકાસયાત્રા] | હસમુખ દેસાઈ | 125 |
| **પંચાયત-પર્વ** [ગુજરાતમાં પંચાયતી રાજની વિકાસયાત્રા] | શિવદાન ગઢવી | 145 |
| **ગ્રામ-પર્વ** [ગુજરાતના ગ્રામપ્રદેશની વિકાસયાત્રા] | માણેકભાઈ પટેલ | 90 |
| **રંગભૂમિ-પર્વ** [ગુજરાતી રંગભૂમિની વિકાસયાત્રા] | હસમુખ બારાડી | 120 |
| ચાલો, ગુજરાતના પ્રવાસે (પ્રવાસ માર્ગદર્શન) | પ્રવીણ શાહ | 500 |
| યશગાથા ગુજરાતની (કાવ્યસંગ્રહ) | સંપા. રોહિત શાહ | 100 |
| સ્વર્ણિમ ગુજરાતના સી.એમ. નરેન્દ્ર મોદી (લેખો) | સંપા. રોહિત શાહ | 250 |
| સમયને સથવારે : ગુજરાત (પુરસ્કૃત) | કુન્દનલાલ ધોળકિયા | 300 |
| ગુજરાતનાં પત્રકાર-રત્નો (પત્રકારત્વ) | દિનેશ દેસાઈ | 115 |
| ગ્રેટ ગુજરાત, ગ્લોબલ ગુજરાત (પત્રકારત્વ) | દિનેશ દેસાઈ | 250 |
| નશાબંધી ગુજરાતનું ગૌરવ (વ્યસનમુક્તિ) | દોલત ભટ્ટ | 125 |
| ગુજરાતમાં સ્કાઉટગાઇડ કાર્યક્રમ (રમતગમત) | ધવલ પટેલ | 100 |
| ગુજરાતના શિક્ષણસંન્યાસીઓ (જીવનચરિત્ર) | પ્રો. રણજિતસિંહ પવાર | 180 |
| ગુજરાતની શિક્ષણવિભૂતિઓ (જીવનચરિત્ર) | ભદ્રાયુ વછરાજાની | 275 |
| ગુજરાતના અધ્યાપકોનો માહિતીકોશ | અજય રાવલ | 50 |
| ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (મલ્ટીકલર, નકશા સહિત સંદર્ભગ્રંથ) | રજની વ્યાસ | 1000 |
| 111 ગરવા ગુજરાતીઓ (જીવનચરિત્ર, મલ્ટીકલર) | રજની વ્યાસ | 750 |
| ગુજરાતની અસ્મિતા (પુરસ્કૃત, સંદર્ભસાહિત્ય) (મલ્ટીકલર) | રજની વ્યાસ | 2000 |
| સ્વાગતમ્ ગુજરાત (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | રજની વ્યાસ | 380 |
| The Glory of Gujarat (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | Rajni Vyas | 2000 |
| Wellcome To Gujarat (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | Rajni Vyas | 380 |
| ગુજરાતનું પાટનગર અમદાવાદ (સંદર્ભગ્રંથ) | લે. રત્નમણિરાવ ભીમરાવ, સંપા. ડૉ. ભારતી શેલત, રસેશ જમીનદાર | 950 |
| ગરવી ગુજરાત અને ભવ્ય ભારત | પ્રા. કેશવલાલ પટેલ | 78 |
| ગુજરાતમાં લોકશાહી | પ્રા. કેશવલાલ પટેલ | 43 |
| ગુજરાતના સંતો | પ્રા. કેશવલાલ પટેલ | 54 |
| ગુજરાતનાં નારીરત્નો | યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય | 120 |




ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ :
gurjarprakashan@gmail.com

તંત્રીલેખ

# કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણીની વ્યથા



અશોક મહેતા

*વર્ષ ૧૯૭૮માં જળપંચના ચુકાદા બાદ અને ત્યાર પછીની કેટલીક પ્રક્રિયા અન્વયે સરવાળે કચ્છને નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ M.A.F. પાણી ફાળવવામાં આવેલ હતા. વર્ષ ૧૯૭૮ના ચુકાદા બાદ છેક વર્ષ ૨૦૦૬માં એટલે કે ૨૮ વર્ષ બાદ કચ્છને ફાળવાયેલ આ પાણીના કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરવામાં આવ્યા. વર્ષ ૨૦૦૬ બાદ હાલે વર્ષ ૨૦૧૯ સુધી એટલે કે ૧૩ વર્ષના લાંબાગાળા બાદ આ પાણી ટપ્પર ડેમ સુધી પહોંચ્યા છે. માંડવીના મોડકુવા સુધી આ પાણી ક્યારે પહોંચશે તે કોઈ કહી શકે તેમ નથી. એક તરફ ભારત દેશની અનેકવિધ દિશાની પ્રગતિન ગુણગાન ગાવામાં આવે છે અને બીજી તરફ ૪૦ વર્ષથી વધુ સમય બાદ પણ હાથમાં લીધેલ પ્રોજેક્ટના કામો સરકાર પૂરા કરી શકતી નથી અને તેમાં પણ છેલ્લા ૨૦થી વધુ વર્ષો સુધી માત્ર એક જ પક્ષની સરકાર ગુજરાતમાં છે છતાં એ કાર્યો પૂરા થઈ શકેલ નથી એ આપણી કમનસીબીના જ દર્શન કરાવે છે.*

*કારણ એવું આપવામાં આવેલ છે કે કાયદાકીય રીતે કેનાલના કામો માટે કિસાન પાસેથી જમીન માત્ર અને માત્ર સ્વૈચ્છિક રીતે મેળવી શકાય, કાયદાકીય ફરમાન બહાર પાડીને નહીં. આ દલીલ જે નર્મદા નિગમના અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે તે માત્ર અને માત્ર કચ્છની પ્રજાને મૂરખ બનાવવા સમાન છે. હકીકત એ છે કે કચ્છના એક પણ પ્રજાકીય પ્રતિનિધિ અથવા એક પણ રાજદ્વારી નેતા આ વિધાન સામે હજુ સુધી સક્ષમ લડત આપી શક્યા નથી. આ તેમની કાર્ય કરવાની ઈચ્છાશક્તિનો માત્ર અને માત્ર અભાવ દર્શાવે છે.*

*ટપ્પર ડેમ બાદ ગાંધીધામ તાલુકાના શિણાઈ વગેરે ગામોમાં અને અંજાર, મુંદ્રા, માંડવી તાલુકાના ગામોમાં ખેડૂતો પોતાની જમીન સંપાદન કરવા દેતા નથી અને તેથી કચ્છ બ્રાંચ કેનાલના મોડકુવા સુધીના કામો અટકી ગયા છે. એ પણ દાખલો આપવામાં આવે છે કે શિણાઈમાં જમીનના જંત્રીનો ભાવ રૂા. ૧૦૦/- પ્રતિ ચો.મીટર છે, તેની સામે નર્મદા નિગમ ચાર ગણો એટલે કે રૂા. ૪૦૦/- પ્રતિ ચોરસ મીટર આપવા તૈયાર છે. જ્યારે ત્યાંના કિસાનો જંત્રીનો ભાવ રૂા. ૧૫૦૦/- ચો.મીટર કરવાનું કહે છે અને તેની સામે ૪ ગણા ભાવ એટલે કે રૂા. ૬,૦૦૦/- પ્રતિ ચો.મીટર માંગે છે. કિસાનો પાસેથી આ ભાવે સરકાર જમીન ખરીદી શકે નહીં અને સ્વૈચ્છિક રીતે કિસાનો મૂળ ભાવે જમીન આપતા ના હોવાથી કચ્છ બ્રાંચ કેનાલના કામો અટકી ગયા છે.*

*તાજેતરના વર્તમાનપત્રોમાં સરકારશ્રી દ્વારા ગાગોદર સબ બ્રાંચ કેનાલ અને ગાગોદર સબ બ્રાંચની મંજુવાસ ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ અને રાપર તાલુકાના સેલારી ગામના હદની કચ્છ બ્રાંચ કેનાલ (મુખ્ય કેનાલ)ની જમીન સંપાદન કરવા કલમ-૧૦(એ) હેઠળ જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે કે જેથી સરકાર ફરજિયાતપણે એ જમીન ખેડૂત પાસેથી સંપાદિત કરી કેનાલ યોજનાના કાર્યો આગળ ધપાવી શકે.*

*પ્રશ્ન એ થાય છે કે સરકારશ્રીએ ગાગોદર બ્રાંચ કેનાલ, મંજુવાસ ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ અને સેલારી મેઈન કેનાલ માટે જે જાહેરનામા બહાર પાડ્યા તે પ્રકારના જાહેરનામા આજથી ૫ વર્ષ અગાઉ શિણાઈ ગામ માટે, અંજાર તાલુકાના ગામ માટે કે મુંદ્રા - માંડવી તાલુકાના ગામ માટે કેમ બહાર ના પાડ્યા અને હજુ પણ કેમ બહાર પાડતી નથી? જો આ પ્રકારના જાહેરનામા બહાર પાડવામાં આવે તો ગાંધીધામ, અંજાર, મુંદ્રા, માંડવી તાલુકાની જમીનો પ્રાપ્ત કરી, આ પાણી માંડવીના મોડકુવા સુધી પહોંચાડી શકાય.*

---

***શરીર એ આત્માની સિતાર છે. હવે એ તમારા હાથમાં છે કે તેમાંથી કેવા સૂર નીકાળવા.***

*આથી કચ્છની પ્રજાને આ આખાયે પ્રકરણમાં ક્યાંક રાજકીય ગંધ આવે છે કે કચ્છના ભોગે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને ફાયદો કરાવી આપવાની વાત તો નહીં હોય ને? અને કચ્છના રાજકીય અગ્રણીઓ આ મામેલ જાણતા કે અજાણતા ગેરસમજમાં તો નહીં આવી ગયા હોય ને? નહીં તો દર વર્ષે તેના પાક થકી કચ્છના કિસાનોને થતો રૂા. ૫૦૦ કરોડના વધારાના મબલખ નફા જેવી યોજના ખોરંભે કેમ પડી જાય? જાગ્યા ત્યારથી સવાર સમજી, કચ્છના રાજકીય આગેવાનો, કચ્છના ખેડૂત આગેવાનો અને કચ્છની જનતા નર્મદા કેનાલની અત્યાર સુધી ન થઈ શકેલ જમીન સંપાદિત કરવા કલમ-૧૦(એ) હેઠળ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેરનામા બહાર પડાવે એ અત્યંત જરૂરી છે.*

*કલમ-૧૦(એ) હેઠળ જાહેરનામા બહાર પાડ્યા પછી પણ જમીન સંપાદન કરવા માટે ગુજરાત સરકારશ્રીની ઈચ્છાશક્તિ હોવી જરૂરી છે. ઈચ્છાશક્તિ નહીં હોય તો આ જમીન પણ સંપાદિત થઈ શકશે નહીં. છેલ્લા મળેલ અહેવાલ પ્રમાણે અત્યારે આ બાબત આગળ વધવાની ગુજરાત સરકારશ્રીમાં ઈચ્છાશક્તિનો અભાવ દેખાય છે. જો પરિસ્થિતિ આ મુજબ નિર્માણ પામે તો જવાબદારી કચ્છના રાજકીય કાર્યકરો પર આવી પડે છે. તેમણે આગ્રહપૂર્વક સરકારશ્રી પાસે જમીન સંપાદનના કાર્યો કરાવવા જરૂરી બની રહેશે. જો રાજકીય કાર્યકરોમાં જ ઈચ્છાશક્તિ નહીં હોય તો પરિણામો કચ્છની જનતાએ જ ભોગવવાના રહેશે.*

*એ જ રીતે કચ્છના કિસાનોને વાર્ષિક રૂા. ૧૫૦૦ કરોડ જેટલો મબલખ નફો કરાવતી વધારાના પાણી યોજનાના હજુ સુધી પગરણ નથી મંડાયા તેને લગતી હકીકત છે. જ્યારે શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૬માં નર્મદાના વધારાના ૩ M.A.F. પાણીમાંથી કચ્છને ૧ M.A.F., સૌરાષ્ટ્રને ૧ M.A.F. અને ઉત્તર ગુજરાતને ૧ M.A.F. પાણી ફાળવવાનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. તે સામે ઉત્તર ગુજરાતના કાર્યો પૂર્ણ થઈ ગયેલ છે. સૌરાષ્ટ્રના કામો પૂર્ણ થઈ જવા આવ્યા છે, જ્યારે કચ્છના કામોને હજુ સુધી ન તો વહીવટી મંજૂરી આપવામાં આવી છે કે ન તો તે માટે બજેટમાં કોઈ ફાળવણી કરવામાં આવી છે. એ સમયની રૂા. ૪૮૦૦ કરોડની કચ્છના વધારાના પાણીની આ યોજના હાલે ભાવ વધારાના કારણે રૂા. ૧૦,૦૦૦ કરોડની કદાચ થઈ ગયેલ હશે છતાં તેના રજમાત્ર કાર્યો કચ્છમાં શરૂ થઈ શકેલ નથી. આ હકીકત જાણીને કચ્છની પ્રજા સમસમી રહેલ છે અને આવતા દિવસોમાં કચ્છમાં તેના ઉંડા પ્રત્યાઘાત પડે તેવો તક્તો કદાચ ઘડાઈ રહેલ છે. કચ્છના રાપર, ભચાઉ, ગાંધીધામ, અંજાર, મુંદ્રા, માંડવી, તાલુકા ઉપરાંત નખત્રાણા, લખપત, અબડાસા, ભુજ જેવા તાલુકામાં આ પાણી પહોંચવાથી કચ્છના ખેડૂત સમૃદ્ધ થઈ શકે તેવી આ યોજના માત્ર અને માત્ર ગુજરાત સરકારશ્રીની, કચ્છના રાજકીય આગેવાનોની, કચ્છ કિસાન સંઘની અને કચ્છની જનતાની ઈચ્છાશક્તિનો અભાવ દર્શાવે છે. કચ્છના રાજકીય આગેવાનો, કચ્છ કિસાન સંઘ અથવા અગાઉની કચ્છ જળસંકટ નિવારણ સમિતિ જેવી સમિતિની રચના કરી આ પ્રશ્ન હાથ પર લેવાય એ જ આ સમયનો તકાદો સૂચવે છે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*સત્ય સૂચક જ નહીં પ્રેરક પણ હોવું જોઈએ.*

કચ્છ

# કચ્છ પ્રદેશની પહેચાન : પ્રશંસનીય પ્રવાસન ક્ષેત્ર



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આ સમગ્ર સૃષ્ટિના ભૂપૃષ્ઠ પર એક દષ્ટિપાત કરીએ તો ગુજરાત રાજ્યના વિસ્તારની દષ્ટિએ પ્રથમ આવતા કચ્છ જિલ્લાની બોમકા અવશ્ય ભાતીગળ હોવાની કબૂલાત કરવી પડશે. જ્યાં રણ, ડુંગરા અને મહેરામણનો ત્રિવેણી સંગમ સવિશેષ અચરજ પમાડી આકર્ષે છે.

કચ્છ જિલ્લાની વિશેષતાઓ અગણિત છે. દેશના કેટલાક રાજ્યો કરતાં મોટો જિલ્લો, વિશિષ્ટ પ્રકારનું સફેદ મીઠાચ્છાદિત રણ, માછીમારોને અઢળક સંપત્તિ અપાવતું જખૌ બંદર, હિંદુ, બૌધ્ધ, જૈન, મુસ્લિમ – સૌને સાચવતો પ્રદેશ, ભીંત ચિત્રો, ચિત્રકળા, હુન્નર ઉદ્યોગનો પ્રદેશ, વિવિધ હાથવણાટ, હસ્તકલાનો પ્રદેશ, લોક ડાયરાઓની કળા જીવંત રાખનારો આ પ્રદેશ, લાખોની સંખ્યામાં ફલેમિંગોને મહેમાન બનાવતો પ્રદેશ, ભારતની હજારો વર્ષ પુરાણી પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરતો ધોળાવીરાનો પ્રદેશ, ભીષણ ભૂકંપોમાં અવારનવાર તારાજ થયેલો છતાં હિંમત, શૌર્યથી, આત્મબળથી કુદરત સામે બાથ ભીડતા કચ્છના શૂરવીર માનવીઓ.

ભૂકંપ બાદ રણોત્સવના કારણે કચ્છ પ્રવાસન ક્ષેત્રે વિકાસ સાધી રહ્યું છે. વિશ્વના પ્રવાસન નકશામાં શિરમોર બનવા પામ્યું છે. કચ્છ સમક્ષ ૪૫,૦૦૦ ચો.કિ.મી. વિસ્તાર છે. કચ્છ એક સરહદી સીમા વિસ્તાર છે. પરિણામે સંરક્ષણની મજબૂત હરોળ સ્થાપિત થયેલ છે. ખાસ તો બોર્ડર સિક્યોરીટી ફોર્સની અદ્‌ભુત ચાંપતી નજર ઘૂસણખોરો પર રહી છે. ભૂકંપ બાદ ઔદ્યોગિક ક્ષેત્ર - રોજગારી ક્ષેત્ર વિકસતું રહ્યું છે. વસતી ૨૧ લાખને પાર પહોંચી ગઈ છે. કચ્છ રાજ્યની જૂની રાજધાની, જિલ્લાનું વડું મથક ૫૮૦ ફુટ ઊંચાઈએ ભુજિયા ડુંગરની તળેટીમાં વસેલું શહેર ભુજ દર્શનીય છે. અને રાજવી કચેરી - નિવાસ સ્થાન પ્રાગ મહેલ - આઇના મહેલ જોવાલાયક છે. રાણી મહેલ, ટીલામેડી, સુંદર ટાવર દરબારગઢ, નગારખાના જોવાલાયક છે. પ્રાગમહેલ સ્થિત રાજવીની કચેરી બેનમૂન છે.

ભુજમાં મહાદેવ નાકા બહાર કચ્છ મ્યુઝિયમમાં પુરાતન હુન્નર ઉદ્યોગ, ચિત્રો, વિવિધ પોષાકો, પ્રાચીન સિક્કા, હથિયારો જળવાયેલા છે. કચ્છના સાંસ્કૃતિક વારસા સમા મહારાવશ્રી લખપતજીની છતરડી શિલ્પ સ્થાપત્યનું વારસ કહી શકાય. ભુજના હૃદય સમું હમીરસર તળાવ, તેની વચ્ચે રાજેન્દ્ર પાર્ક જે લાખોટા બાગ તરીકે ઓળખાય છે. કચ્છના ક્રોમવેલ તરીકે જાણીતા જમાદાર ફતેહમામદના ખોરડા, તેની બાજુએ નાનીબા પાઠશાળા, ઈ.સ. ૧૯૨૫માં પૂજ્ય મહાત્મા ગાંધીજી ભુજ પધાર્યા તે સમયે તેમનો ઉતારો દર્શનીય છે. મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાએ બંધાવેલો શરદબાગ ભવ્ય છે. બોટેનિકલ ગાર્ડન સુંદર છે. પીળા કલરનો મહારાવશ્રીનો બંગલો આંખ આંજે તેવો રમણીય છે.

ભુજમાં પાંચ નાકા હતા : સરપટ ગેઇટ, પારવાડી નાકું, મહાદેવનું નાકું, વાણિયાવાડ તથા ભીડનું નાકું અને છઠ્ઠી બારી. રાત્રે ૯ વાગે નાકા બંધ થઈ જતા. મળસ્કે પાંચ વાગે ખૂલતા. એ રાજાશાહીનો સમય હતો. ભૂકંપ બાદ શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર પ્રસ્થાપિત થયું. બાગ-બગીચાઓ, શ્રીજી મહારાજની પ્રસાદીની ચીજવસ્તુઓનું મ્યુઝિયમ, વિશાળ સભામંડપ, સંતો ભક્તોના નિવાસ સ્થાન, બાઈઓના મંદિર આલીશાન છે.

કચ્છના કુળદેવી માતા આશાપુરાજીનું વિશાળ ભવ્ય મંદિર છે. નવરાત્રિમાં ભક્તોથી ધમધમે છે. રાજવી પરિવાર અવારનવાર અત્રે દર્શન કરવા પધારે છે. કલ્યાણેશ્વર મંદિર - સત્ય નારાયણ મંદિર પાછળ રામકુંડ પુરાતન છે.

કેરામાં પ્રાચીન શિલ્પ સ્થાપત્યથી ખંડિત કેરાનું શિવાલય લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું છે. કેરા મધ્યે ખોજાઓના પીર ગુલામઅલી શાની વિશાળ દરગાહ તથા કપીલમુનિ આશ્રમ જોવાલાયક છે.

કચ્છના મોટા રણમાં અન્ન પાણી વિના ભટકતાઓને સહાયભુત થનારા દાદા મેકણની સમાધિ સ્થળ ધ્રંગ ગામે પ્રસિધ્ધ છે. આહિર ભરત માટે જાણીતું ગામ હબાય – જ્યાં અખૂટ પાણીનો ઝરો તથા માતાજીનું મંદિર છે. આ ઉપરાંત કોટાય ગામમાં સોલંકી યુગ પહેલાનું સૂર્ય મંદિર - શિવ મંદિર છે.

અંદાજે ૧૫૫૨ ફુટ ઊંચાઈ પર જ્યાં દત્તાત્રય ગુરૂના પગલા છે તે કાળો ડુંગર

પ્રવાસીઓને આકર્ષે છે. ડુંગર પરથી અફાટ રણ મહેરામણ, સીમા દળની ચોકીઓ, વનસૃષ્ટિ, વનરાજીના દર્શન થાય છે. પુરાતત્ત્વ અવશેષો પણ જોવા મળે છે. ભુજની ઉત્તર સરહદ કાળા ડુંગર નજીક વિવિધ પ્રકારના ભરતકામ, ચર્મકામ, પશુપાલન માટે પ્રખ્યાત ખાવડા ગામ આવેલું છે. ઝુરા ગામ ઘંટડી, ખરડી, ચર્મ કલા માટે પ્રસિધ્ધ છે. સુમરાસર, ગોરેવાલી વાંઢાય પણ હસ્તકલા, આભલા ભરત માટે; જ્યારે ભીરંડીયારા મીઠા માવા માટે જાણીતા છે. ભુજ તાલુકામાં સામત્રા પાસે ચાવડા રખાલના તળાવમાં મગર જોવા મળે છે તથા વિવિધ પક્ષીઓને નીરખી શકાય છે. ધમડકા ગામ અજરખ પ્રિન્ટ માટે જાણીતું છે. કચ્છના મોટા રણમાં મુસ્લિમ સૂફી સંત અલીઅકબર શા ઝકરિયા "હાજી પીર" તરીકે જાણીતા છે, ગૌધનની રક્ષા માટે જેઓ શહીદ થયેલા. ચૈત્ર માસમાં અહીં મોટો મેળો ભરાય છે. ઠેકઠેકાણેથી શ્રદ્ધાળુઓ પગપાળા અત્રે આવે છે. માતાના મઢની જેમ હાજીપીરના પદયાત્રીઓ માટે રસ્તાઓ પર અનેક કેમ્પો યોજાય છે. શ્રદ્ધાળુઓમાં તો હિંદુ - મુસ્લિમ બંને કોમના લોકો સહભાગી થાય છે.

જૈનોનું સુપ્રસિધ્ધ મંદિર વસઇ - ભદ્રેશ્વરમાં છે. સુંદર કલાત્મક તીર્થસ્થાન છે. જે મુંદ્રા તાલુકામાં આવેલું છે. સુંદર કલાત્મક હવેલીઓ, બાંધણીકામ, અદાણી પોર્ટ માટે મુંદ્રા જાણીતું છે. તાલુકાના રતાડિયામાંનું શિવ મંદિર પ્રાચીન છે.

અબડાસા તાલુકામાં નલિયા ગામે ઍરફોર્સ સ્ટેશન, જૈન દેરાસર નજીક, ચિંકારા અભયારણ્ય, તેરા, અબડા પીર, કોઠારા, જખૌ ગામો તથા પીંગળેશ્વર મહાદેવ અને સાગરકાંઠો સુંદર છે.

કચ્છનું પુરાતન બંદર જે વ્યાપાર ઉદ્યોગથી ધમધમતું, તે માંડવીનો બીચ, વિજય વિલાસ પેલેસ લોકોને ખૂબ જ આકર્ષે છે. શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક તથા સ્વામિનારાયણ ભગવાનની માનુષી લીલા સમયના સ્થળો, પ્રસાદીની ડંકી, ખૈયા ખત્રીનું મકાન, મંદિરના દર્શને લોકો પ્રવાસીઓ ઉભરતા જ રહે છે. ક્રાબુડીનો દરિયા કિનારો, આસરમાતા, રાયણ ગામો પ્રખ્યાત છે. કોડાયના બહુંતેર જિનાલય, વીરાયતન વિદ્યાપીઠ કેમ ભૂલાય?

જેના સ્નાન વિના તીર્થયાત્રા અધૂરી રહે તેવું મહાતીર્થ નારાયણ સરોવર તથા કચ્છના કુળદેવી માતા આશાપુરાજી, કોટેશ્વરજી લખપત તાલુકાના અત્યંત દર્શનીય સ્થાનો છે. તટરક્ષક સીમા દળ કોટેશ્વર સરહદે સાબદા છે તો લખપત બંદર પર ચાંપતું પેટ્રોલિંગ થઈ રહ્યું છે.

કચ્છમાં બીજા નંબરની ઊંચાઈ ધરાવતો રળિયામણો ડુંગર ધીણોધર નખત્રાણા તાલુકામાં છે. નાથ સંપ્રદાયના દાદા ધોરમનાથનો ધૂણો, ગુરૂઓની સમાધિઓ આ સ્થળ લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું મનાય છે. આ ઉપરાંત પુંઅરેશ્વર મહાદેવ, વડીમેડી, પધ્ધરગઢ, જખબૌંત્તેરા, રોહા સુમરી કિલ્લો, પિંચોણી મહાદેવ, છારીઢંઢની મુલાકાતે અનેક પ્રવાસીઓ આવતા જ રહે છે.

સૂડી-ચપ્પા, અજરખ-બાંધણી તથા જેસલ તોરલની સમાધિ સ્થાન માટે કચ્છનું અંજાર શહેર ખૂબ જ જાણીતું રહ્યું છે. કચ્છનું આ જૂનું રાજકીય મથક ગણાય છે. જોગણીનાર માતાનું મંદિર સુવિખ્યાત છે.

કંડલા ભારતનું મહાબંદર છે. ગાંધીધામ તાલુકામાં આદિપુર મધ્યે પૂજ્ય બાપુની સમાધિ છે. ભૂકંપ બાદ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના કારણે અનેક ઉદ્યોગો અત્રે પ્રસ્થાપિત થયા છે. નિંગાળ પક્ષી નિરીક્ષણ માટે ઉત્તમ સ્થળ છે. અત્રે તળાવ ઘણું સુંદર છે. અંતરજાળમાં પાતાળિયા હનુમાનનું સુપ્રસિધ્ધ મંદિર છે.

લગભગ ૮૦૦ વર્ષ પુરાણું સ્થાપત્ય કચ્છના ભચાઉ તાલુકાના કંથકોટમાંના કિલ્લામાં નિહાળી શકાય છે. સામખિયાળી કચ્છનું પ્રવેશદ્વાર છે. કિલ્લામાં પ્રાચીન સૂર્યમંદિર છે. રાપર તાલુકાનું ચિંતામણિ જૈન મંદિર, માતા રવેચીનું મંદિર આસ્થાના પ્રતીકો છે. આ ઉપરાંત આડેસર, ફતેહગઢ, એકલમાતા, નાંદા બેટ, ત્રંબૌ, મોમાય મોરામાં કચ્છી પહેરવેશ, આભૂષણો, ભૂંગા સંસ્કૃતિ નજરે ચઢે છે. પાંચ હજાર વર્ષ પુરાણી સંસ્કૃતિના દર્શન કરાવે છે ધોળાવીરા.

*લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*'ઝોમેટો' અને 'સ્વિગી'ની સફળતા પાછળ કોઈ એક સ્ત્રીનો હાથ નથી પરંતુ હજારો આળસુ સ્ત્રીઓનો હાથ છે.*

★

*ઘણા એટલા અવિશ્વાસુ હોય છે કે પેન માંગીએ તો ઢાંકણું પોતાની પાસે જ રાખે છે.*

*એમાં ને એમાં મારે ૭-૮ ઢાંકણા વિનાની પેન ભેગી થઈ ગઈ છે!*

★

*અત્યાર સુધી પ્રજા વાતો કરતી હતી કે દુબઈ અને સાઉદી અરેબિયા જેવા કડક કાયદા હોવા જોઈએ. ખાલી ટ્રાફિકનો કાયદો દુબઈ અને સાઉદી અરેબિયા જેવો કર્યો ત્યાં તો છાજીયા લેવાનું ચાલુ થઈ ગયું.*

★

*કોમ્પ્યુટર અને મોબાઈલની શોધ આપણો ટાઈમ બચાવવા માટે થઈ હતી. આજે શું પરિસ્થિતિ છે?*

કચ્છ

# હડપ્પિયન સંસ્કૃતિનું ખીરસરા

હડપ્પિયન સંસ્કૃતિમાં કચ્છનું ખીરસરા વેપાર ઉદ્યોગનું ધમધમતું મથક હતું.

અતિ પ્રાચીન એવા કચ્છ પ્રદેશનું ભારતીય સંસ્કૃતિના પુરાતત્ત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં અદકેરું પ્રદાન છે. અતીતની ગવાહી આપતાં અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. હંમેશાં યાયાવર ટોળાઓ અને નિર્વાસિતોએ કચ્છને પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે. આ પ્રદેશમાં અનેક જાતિઓ અને પ્રજાતિઓએ વસવાટ કરી પોતાની સંસ્કૃતિનું બીજારોપણ કર્યું છે. જેને કારણે કચ્છ પ્રદેશમાં અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. આવી કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે. આ જ કારણે કચ્છમાં અનેક જાતિઓ - જનજાતિઓ આવીને કાયમ માટે સ્થાયી થઈ ગઈ છે. આ સંસ્કૃતિના પદચિહ્ન મેળવવાનો વ્યાયામ એટલે પુરાતત્ત્વિય વારસાનું સંશોધન, ઉત્ખનન. અને ઉત્ખનનની વાત આવે એટલે સૌપ્રથમ આપણને ધોળાવીરાનું સ્મરણ થાય. પરંતુ કચ્છમાં ૨૦૦થી વધારે હડપ્પિય વસાહતો હોવાનું પુરાતત્ત્વ સંશોધકોએ શોધી કાઢ્યું છે અને એ પૈકી સાઠ વસાહતોની તો ઓળખ પણ કરી લેવામાં આવી છે. એમાંથી કેટલીક વસાહતોનું ઉત્ખનન કાર્ય કરવામાં આવ્યું છે. આપણા પૂર્વજોના પદચિહ્ન પર લટાર મારવાના આ ઉપક્રમમાં પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકાના ખીરસરા (નેત્રા)ની હડપ્પિય વસાહતમાં લટાર મારીએ.

સીમાવર્તી કચ્છ જિલ્લાના પ્રવાસન ઉદ્યોગમાં અને દેશના સાંસ્કૃતિક વારસામાં મહત્ત્વનું સ્થાન ધરાવતી હડપ્પિય વસાહતોમાં ચાલી રહેલા અને સંપન્ન થયેલા ઉત્ખનનકાર્ય પછી વર્તમાનમાં ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગ તથા ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ વિભાગ દ્વારા હડપ્પિય વસાહતોના જતન તથા સંવર્ધન માટે કેવા પ્રયાસ કરાય છે એની વિગતો સાથે આ વસાહતોનો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ છે.

કચ્છના વાગડ વિસ્તારના ધોળાવીરા સહિતના અનેક સ્થાનો અને પચ્છમના કુરન પછી પશ્ચિમ કચ્છમાં પણ હડપ્પિય વસાહતીઓના પદચિહ્ન મળી આવ્યા છે. નખત્રાણા તાલુકાના ખીરસરા નેત્રા (માતાજીના)થી ચાર કિ.મી. દૂર ખીરસરાની સીમમાં હડપ્પિય નગર મળી આવ્યું છે. ધોળાવીરા અને કુરન પછીની કચ્છની સૌથી મોટી હડપ્પિય વસાહતના ઉત્ખનન કાર્યના સર્વેસર્વા અને ભારતીય પુરાતત્ત્વિય સર્વેક્ષણ ખાતાના ઉત્ખનન નિયામક ડૉ. જિતેન્દ્રનાથે ઇ.સ. ૨૦૧૦ના વર્ષમાં ખીરસરાનું ઉત્ખનન કાર્ય આરંભ્યું હતું. ખીરસરાની ભૂમિમાં હડપ્પિય નગર હોવાના અણસાર તો છેક ૭૦ના દાયકામાં જ આવી ગયા હતા. કેમકે કચ્છના જાણીતા કવિ નારાયણ જોશી 'કારાયલ'ને શાળાના એક પ્રવાસ દરમિયાન હડપ્પિય મુદ્રા મળી આવી હતી, જે કચ્છ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાઈ છે. આ પછી છેક ૨૦૧૦ ડિસેમ્બરથી ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગે ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. આ કાર્યના આરંભે જ મોટી વસાહત હોવાના અણસાર મળી રહ્યા છે. ડૉ. જિતેન્દ્રનાથે આપેલી વિગતો અનુસાર અહીં ધરબાયેલું નગર પણ ધોળાવીરાની માફક જ ત્રણ સ્તરનું છે. જેમાં ઉપલા સ્તરમાં શ્રીમંત વર્ગ, મધ્યમમાં મધ્યમ વર્ગ અને છેલ્લે શ્રમિક વર્ગ નિવાસ કરતો હશે એવું અનુમાન છે.

અહીં મળી આવેલા નગરના અવશેષોમાં આયોજનબધ્ધ રીતે ચણાયેલી મકાનની દીવાલો પીળા રંગના પથ્થરની છે. સાતથી આઠ ફુટની હારબંધ દીવાલો સુધીનું કરાયેલું ઉત્ખનન કાર્ય જોતાં જ પ્રથમ નજરે ભવ્ય સંસ્કૃતિનો અહેસાસ જોનારને થાય છે. ઉત્ખનન દરમિયાન વિવિધ આભૂષણો અને એમાં ઉપયોગમાં લેવાતા મોતી મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અહીંથી મળી આવેલા અનેક અશ્મિઓને પૂણેની લેબોરેટરીમાં મોકલી અપાયા છે, જેના પૃથક્કરણ પછી એ સમયે કેવા પ્રાણીઓ અહીં વિચરતા હતા એની પણ જાણકારી મળી શકશે.

અહીંથી મળી આવેલા 'વેરહાઉસ' અનાજ સંગ્રહવાનો કોઠાર એ આ સ્થળની 'યુનિક'ની સૌથી મોટી શોધ છે. આપણા પૂર્વજોની સ્મૃતિઓ સાચવતી આ વસાહતમાંથી મળી આવેલા માટીના વાસણો (પોટરી) મજબૂત અનાજ

ભરવાની કોઠીના નમૂનાઓ અખંડ હશે ત્યારે કેવા હશે? એનું કુતુહલ જોતા જ જરૂર થાય છે. એ સમયના કામની ચોક્સાઇ વગેરે અભ્યાસનો વિષય છે.

અહીંથી મળેલા અશ્મિઓ, મોતીઓ, નાની-મોટી સાઇઝના શંખ અને છીપલા, શંખમાંથી બનતી અવનવી બંગડીઓ, ધાતુના આભૂષણોના નમૂના વગેરે પણ આ વસાહતનું આકર્ષણ છે. અહીંના મકાનોની બાંધણી, ઓરડાના માળખા, તત્કાલીન ગઢના ચાર ખૂણાઓ પણ ઉત્ખનન દરમિયાન મળી આવ્યા છે. અહીંથી ગોળ પિલ્લર અને બેઝ પણ મળી આવ્યા છે. વધુ ઉત્ખનન પછી અહીંની આયોજનબધ્ધ નગર રચના અને તત્કાલીન લોક જીવનની વધુ જાણકારી મળવાની પણ સંભાવના છે.

ડૉ. જિતેન્દ્રનાથના જણાવ્યા અનુસાર ખીરસરા વસાહત પશ્ચિમ કચ્છનું હડપ્પિઓનું સૌથી મોટું ઉદ્યોગ અને વેપારનું મથક હશે એવું અનુમાન અહીંથી મળેલા પ્રમાણો પરથી કરી શકાય છે. ખીરસરા વસાહતના કુલ ક્ષેત્રફળમાંથી ૩૦૦ ચોરસ મીટર જેટલો વિસ્તાર અહીંનું ઉદ્યોગ મથક હોવાની ધારણા તેઓ કરે છે. કેમકે, આ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં શંખ અને તેની બનાવટો, મોતી, આભૂષણ, તાંબાની બંગડીઓ, સફેદ મોતી વગેરે મળી આવ્યા છે. સમગ્ર ઉદ્યોગ પરિસરને ૩ મીટર જાડી દીવાલથી રક્ષિત કરવામાં આવ્યો છે એ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ પરિસરમાં જ કારીગરો માટે આવાસ પણ તૈયાર કરવામાં આવ્યા હોવા જોઈએ કારણકે આ પ્રકારના ખંડોની દીવાલો પણ જોવા મળે છે.

ઔદ્યોગિક પરિસરમાં જ વર્કશોપ આવ્યું હશે એવા અવશેષો પણ ઉત્ખનન દરમિયાન જોવા મળ્યા છે. વર્કશોપમાં આભૂષણો તૈયાર કરવા માટેની ભઠ્ઠીની રાખ સ્પષ્ટ જોવા મળે છે. આ રાખમાંથી કેટલાક પથ્થર એવા પણ મળી આવ્યા છે જેને અગ્નિ આપવાથી તેઓ લાંબા સમય સુધી ગરમ રહે છે. એનો ઉપયોગ આભૂષણ તૈયાર કરવામાં કરાતો હશે એવું સંશોધકોનું અનુમાન છે.

અહીંના ઉત્ખનન દરમિયાન માલ સંગ્રહવા માટેનાં બે મોટાં ગોદામ પણ મળી આવ્યા છે. આ ગોદામની દીવાલ એકથી દોઢ મીટર જેટલી જાડી છે. ગોદામમાં રાખવામાં આવેલા માલને પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ મળી રહે એ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ ગોદામની ઉત્તરે માટીનાં વાસણો પકવવા માટેની એક વિશાળ ભઠ્ઠી પણ મળી આવી છે. આ ભઠ્ઠી ત્રણ મીટર જેટલો વિશાળ ઘેરાવો ધરાવે છે. કચ્છની હડપ્પિય વસાહતોમાંથી સૌપ્રથમ વખત મળી આવેલી આ ભઠ્ઠીની અંદરની દીવાલો પાકી અને લીસી સપાટી ધરાવે છે. ■

## કચ્છના જોવાલાયક સ્થળો

(અનુસંધાન : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)

**૫૩. છારી ઢંઢ**

**૫૪. રાજબાઈ માતાધામ**

**૫૫. ત્રિકમ સાહેબ મંદિર / આશ્રમ** : સિંહ ટેકરી, કોટડા (જ) ધાર્મિક સ્થળ

**૫૬. ત્રિકમ સાહેબ મંદિર / આશ્રમ** : ચિત્રોડ, ધાર્મિક સ્થળ.

**૫૭. કચ્છ મ્યુઝિયમ** : ભુજમાં આવેલું કચ્છનું પ્રસિધ્ધ સંગ્રહાલય.

**૫૮. વિથોણ ખેતાબાપા મંદિર** : ધાર્મિક, પર્યટન સ્થળ.

**૫૯. નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર** : ધાર્મિક સ્થળ, ભુજ.

**૬૦. નિર્વાસિતેશ્વર મંદિર** : ધાર્મિક સ્થળ, આદિપુર.

**૬૧. કચ્છ સમર્પણ આશ્રમ** : યોગ, ધ્યાન, યજ્ઞશાળા, ગૌશાળા કેન્દ્ર, પુનડી, માંડવી - ભુજ હાઈવે.

**૬૨. શિવમસ્તુ સમવસરણ** : તીર્થ. જૈન ધર્મનું કચ્છનું એકમાત્ર સમવસરણ તીર્થ. શિરવા, માંડવી - નલિયા હાઈવે.

**૬૩. ગાંધી સમાધિ** : રાજઘાટ - દિલ્હી બાદ ભારતનું બીજું મહાત્મા સ્મારક, આદિપુર.

**૬૪. ક્રાંતિ તીર્થ** : શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક, માંડવી.

**૬૫. એલ.એલ.ડી.સી. મ્યુઝિયમ** : લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર - હેન્ડિક્રાફ્ટ મ્યુઝિયમ, અજરખપુર, ભુજ.

## "પ્રસંગની પ્રણાલિકા" ગેમના જવાબ

(૧) એકબીજાને પસંદ કરવા, (૨) રૂપિયો - નાળિયેર, (૩) સગાઈ, (૪) રીંગ સેરેમની, (૫) આકર્ષણ, (૬) રોમાંસ, (૭) વૉટ્સએપ-ફેસબુક, (૮) લગ્નની કંકોત્રી, (૯) સમુહર્તા, (૧૦) સાંજીના ગીત, (૧૧) મહેંદી રસમ, (૧૨) માંડવા, (૧૩) ગણેશ પૂજન, (૧૪) લગ્ન, (૧૫) જયમાલા, (૧૬) ગઠબંધન, (૧૭) મંત્રોચ્ચાર, (૧૮) લગ્નના ગીત, (૧૯) હસ્ત મેળાપ, (૨૦) સાત ફેરા, (૨૧) મંગલસૂત્ર, (૨૨) સિંદૂર, (૨૩) વિદાય, (૨૪) હરવું-ફરવું, (૨૫) છેડછાડ, (૨૬) હનીમુન, (૨૭) એકબીજાને સેટ થવું, (૨૮) મીઠી તકરાર, (૨૯) સંપીને રહેવું.

*સત્યનો સૌથી મોટો મિત્ર સમય છે, તેનો સૌથી મોટો શત્રુ પૂર્વગ્રહ છે અને તેનો સ્થાયી સાથી વિનમ્રતા છે.*

# કચ્છના જોવાલાયક સ્થળો

કચ્છ

૧. **માતાનો મઠ** : તીર્થ સ્થાન. આશાપુરા માતાજીનું મંદિર.

૨. **કોટેશ્વર** : તીર્થ સ્થાન. રાવણના ઈતિહાસ સાથે જોડાયેલું શિવ મંદિર.

૩. **નારાયણ સરોવર** : તીર્થ સ્થાન. પૌરાણિક મહત્ત્વ ધરાવતું સરોવર.

૪. **હાજી પીર** : ધાર્મિક સ્થળ. હાજી પીરની દરગાહ.

૫. **જેસલ-તોરલ સમાધિ** : અંજારમાં આવેલી ઐતિહાસિક સમાધિ.

૬. **છતરડી** : ભુજમાં આવેલું જોવાલાયક શિલ્પ સ્થાપત્ય (કચ્છના રાજવી કુટુંબની અંતિમક્રિયાનું સ્થળ.)

૭. **લાખા ફુલાણીની છતરડી** : કેરા ગામે આવેલ ઐતિહાસિક છતરડી.

૮. **સૂર્ય મંદિર** : કોટાય ગામે આવેલું શિલ્પ સ્થાપત્ય.

૯. **પુંઅરોગઢ** : નખત્રાણામાં આવેલું શિલ્પ સ્થાપત્યસભર બેનમૂન મંદિરનો ભગ્નાવશેષ.

૧૦. **લખપતનો કિલ્લો** : શિલ્પ સ્થાપત્યના નમૂના ઉપરાંત સિંધુ નદીના વહેણની સપાટ બનેલી ભૂમિ.

૧૧. **કંથકોટનો કિલ્લો** : શિલ્પ સ્થાપત્ય.

૧૨. **તેરાનો કિલ્લો** : શિલ્પ સ્થાપત્ય.

૧૩. **વ્રજવાણી ધામ** : આહીરોનું ઐતિહાસિક સ્થળ.

૧૪. **ધોળાવીરા** : હડપ્પિય સંસ્કૃતિનું ખોદકામમાં મળેલું ભૂગર્ભિત એવું પ્રાચીન નગર, પુરાતત્ત્વ.

૧૫. **કંથકોટ** : પુરાતત્ત્વ.

૧૬. **મોગલ ધામ** : તીર્થ સ્થાન, કબરાઉ, ભચાઉ, કચ્છ.

૧૭. **આઇના મહેલ** : સંગ્રહાલય, રાજ મહેલ - ભુજ.

૧૮. **પ્રાગ મહેલ** : રાજ મહેલ - ભુજ.

૧૯. **વિજય વિલાસ પેલેસ** : રાજ મહેલ - માંડવી.

૨૦. **વાંઢાય** : તીર્થધામ.

૨૧. **ધ્રંગ** : તીર્થધામ, મેકરણ દાદાનું મંદિર.

૨૨. **રવેચી માંનું મંદિર** : રવ તીર્થધામ.

૨૩. **પીંગલેશ્વર મહાદેવ** : પર્યટન સ્થળ, દરિયાકાંઠો.

૨૪. **જખ બોંતેરા (મોટા યક્ષ)** : ધાર્મિક સ્થળ.

૨૫. **જખ બોંતેરા (નાના યક્ષ)** : ધાર્મિક સ્થળ.

૨૬. **પુંઅરેશ્વર મહાદેવ** : પર્યટન, ધાર્મિક સ્થળ.

૨૭. **બિલેશ્વર મહાદેવ** : પર્યટન, ધાર્મિક સ્થળ.

૨૮. **ધોંસા** : પર્યટન, ધાર્મિક સ્થળ.

૨૯. **કાળો ડુંગર** : ધાર્મિક સ્થળ, ઐતિહાસિક ડુંગર, ભુજ.

૩૦. **ધીણોધર** : ધાર્મિક સ્થળ, ડુંગર, પ્રાકૃતિક સૌંદર્ય.

૩૧. **ઝારાનો ડુંગર** : ઐતિહાસિક ડુંગર.

૩૨. **મોટું રણ** : સફેદ રણનું સૌંદર્ય, સુરખાબ નગર.

૩૩. **નાનું રણ** : રણનું સૌંદર્ય, ઘુડખર, વન્ય જીવન.

૩૪. **ભદ્રેશ્વર** : જૈનોનું તીર્થધામ, ભામાશાનું જન્મ સ્થળ.

૩૫. **બોંતેર જિનાલય** : કોડાય. જૈનોનું તીર્થધામ.

૩૬. **કંડલા મહાબંદર** : મહાબંદર (પ્રવેશ માટે પૂર્વ મંજૂરી આવશ્યક)

૩૭. **માંડવી બંદર** : પર્યટન, નયનરમ્ય દરિયાકાંઠો, બીચ.

૩૮. **જખૌ** : મત્સ્ય બંદર.

૩૯. **મુંદ્રા** : ખાનગી બંદર – અદાણી પોર્ટ.

૪૦. **અંબેધામ** : તીર્થ સ્થળ. ગોધરા, તા. માંડવી.

૪૧. **મતિયા દેવ** : ઘુડખર, ધાર્મિક સ્થળ.

૪૨. **ચંદરવો ડુંગર** : ધાર્મિક સ્થળ.

૪૩. **સચ્ચિદાનંદ મંદિર** : અંજાર. ધાર્મિક સ્થળ.

૪૪. **લુણીવારા લુણંગદેવ** : ધાર્મિક સ્થળ.

૪૫. **બગથડા** : યાત્રાધામ, ધાર્મિક સ્થળ.

૪૬. **ખેતાબાપાની છતરડી** : ધાર્મિક સ્થળ.

૪૭. **ભીષુ ઋષિ - લાખાણી ડુંગર** : ધાર્મિક સ્થળ.

૪૮. **એકલમાતા** : રણકાંધીએ આવેલું પ્રાચીન મંદિર, સફેદ રણનું સૌંદર્ય.

૪૯. **નનામો ડુંગર** : ઐતિહાસિક ડુંગર.

૫૦. **રોહાનો કિલ્લો** : ઐતિહાસિક કિલ્લો.

૫૧. **લાખાજી છતેડી** : ૫૨ મોટી રૂદ્રાણી જાગીર ધાર્મિક સ્થળ.


૫૨. **રૂદ્રમાતા ડેમ** : પ્રાકૃતિક સૌંદર્ય.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨ ઉપર)**

*સંકલ્પ વિના માનવીના જીવનમાં ક્યારેય ટેક આવતી નથી અને ટેક પેદા થયા વિના જીવનની ઉન્નતિ થતી નથી.*

સંસ્કૃતિ

# ઉત્તરાયણની અનેક માન્યતાઓ અને અનેક લોકકથાઓ છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, જાન્યુઆરી મહિનો આવે એટલે આપણે સૌને આપણો પોતીકો તહેવાર ઉત્તરાયણ યાદ આવે અને પતંગ, માંજો, ફિરકી, ઊંધિયું, તલસાંકળી, શેરડી, બોર યાદ આવે. અગાસીનું ધાબુ યાદ આવે, રંગબેરંગી ચશ્મા અને તેની પાછળના ચહેરા યાદ આવે. જોરથી વગાડાતા ગીત સંગીત યાદ આવે અને જીવદયા પ્રેમી તરીકે પક્ષીઓ પણ યાદ આવે જે પતંગની દોરીથી ઘાયલ થઈ જાય છે.

મિત્રો, એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે તમારા પતંગના દોરાથી પક્ષીઓ અને પશુઓ હેરાન થાય નહીં અને કોઈ રાહદારીનો જીવ જાય નહીં. અને હા, કપાયેલ પતંગ લેવા દોડતા બાળકો કે તમારો જીવ અગાસી ઉપરથી પડી જતા કે વાહનની અડફેટે જાય નહીં તેવી એક જીવદયા પ્રેમી તરીકેની મારી અપીલ છે.

આખા ભારતમાં આ તહેવારને ધામધૂમથી ઉજવવામાં આવે છે. ઉત્તરાયણની અનેક માન્યતાઓ છે અને અનેક લોકકથાઓ છે. જેને આવો, આપણે જાણીએ અને માણીએ. મહાભારત યુગની પ્રામાણિક આસ્થાઓ પ્રમાણે સર્વવિદિત છે કે તે યુગના મહાન નાયક ભીષ્મ પિતામહ શરીરથી ક્ષત વિક્ષત હોવા છતાં મૃત્યુશૈય્યા ઉપર પડીને જીવ ત્યાગવા માટે સૂર્યના ઉત્તરાયણ પ્રવેશની રાહ જોતા રહ્યા હતા. ભીષ્મને ઈચ્છામૃત્યુનું વરદાન પ્રાપ્ત હતું. એવી માન્યતા છે કે સૂર્યના ઉત્તરાયણ થવાનો અર્થ મોક્ષ દ્વાર ખૂલવાનો થાય છે.

ભારતીય જ્યોતિષ પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે સૂર્ય એક રાશિથી બીજી રાશિમાં થયેલ પરિવર્તનને અંધકારથી પ્રકાશ તરફ થયેલ પરિવર્તન માનવામાં આવે છે. મકર સંક્રાંતિથી દિવસ મોટો થવાને લીધે પ્રકાશ વધુ રહે છે અને રાત્રિ નાની થવાથી અંધકારની અવધિ પણ ઓછી થઈ જાય છે. ખગોળશાસ્ત્રીઓના પ્રમાણે આ દિવસે સૂર્ય પોતાની કક્ષાઓમાં પરિવર્તન કરી દક્ષિણાયનથી ઉત્તર થઈને મકર રાશિમાં પ્રવેશ કરે છે. જે રાશિમાં સૂર્યની કક્ષાનું પરિવર્તન થાય છે, તેને સંક્રમણ કે સંક્રાંતિ કહેવામાં આવે છે. આપણા ધર્મગ્રંથોમાં પુણ્ય જનકની સાથે સાથે સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ લાભદાયી માનવામાં આવે છે.

મકર સંક્રાંતિથી સૂર્ય ઉત્તરાયણ થઈ જાય છે. ગરમ મોસમની શરૂઆત થવા લાગે છે. એટલા માટે તે સમયે સ્નાન સુખદાયી લાગે છે. મકર સંક્રાંતિ પર્વ ઉપર અલાહાબાદ (પ્રયાગ)ના સંગમ સ્થળ ઉપર દર વર્ષે લગભગ એક મહિના સુધી માઘ મેળો ચાલે છે. અહીં બાર વર્ષમાં એકવાર કુંભ મેળો ભરાય છે. તે પણ લગભગ ૧ મહિના સુધી ચાલે છે. આ પ્રકારે છ વર્ષોમાં અર્ધ કુંભમેળો પણ ભરાય છે. ભારતવર્ષનો સૌથી પ્રસિદ્ધ મેળો બંગાળમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર ગંગા સાગરમાં ભરાય છે. મેળાની પાછળ પૌરાણિક કથા છે કે આ દિવસે ગંગા સ્વર્ગમાંથી ઉતરીને ભગીરથની પાછળ પાછળ ચાલીને કપિલ મુનિના આશ્રમમાં જઈને સાગરને મળી ગઈ હતી. ગંગાજીના પાવન જળથી જ રાજા સગરના સાંઈઠ હજાર પુત્રોનો ઉધ્ધાર થયો હતો. આ ઘટનાની સ્મૃતિમાં આ તીર્થ ગંગા સાગરના નામથી વિખ્યાત થયું અને દર ગંગા સાગરમાં મેળાનું આયોજન થવા લાગ્યું હતું. દક્ષિણ બિહારના મદાર ક્ષેત્રમાં પણ એક મેળો ભરાય છે.

વિભિન્ન પરંપરાઓ અને રીતરિવાજોને અનુરૂપ મહારાષ્ટ્રમાં એવું માનવામાં આવે છે કે મકર સંક્રાંતિથી સૂર્યની ગતિ તલ-તલ વધવા લાગે છે. એટલા માટે આ દિવસે તલના વિભિન્ન મિષ્ટાન્ન બનાવીને એકબીજાને વહેંચવામાં આવે છે અને શુભકામનાઓ આપીને તહેવાર મનાવવામાં આવે છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર અનેક ખેલ પ્રતિયોગીતાઓનું પણ આયોજન થાય છે.

દક્ષિણ ભારતમાં મકર સંક્રાંતિને પોંગલના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસે તલ, ચોખા, દાળની ખીચડી બનાવવામાં આવે છે. નવી ફસલના ચોખા તથા મગની દાળ, તલના ભોજ્ય પદાર્થોની પૂજા કરી કૃષિ દેવતા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવામાં આવે છે. કૃષિ અંતર્ગત પશુ આહાર, અન્ન, ફળ, ફૂલ, સમૃદ્ધિના મૂળ ઉત્પાદક સ્ત્રોત ગાય અને બળદને સ્નાન કરાવી તેમને સજાવે છે અને પૂજા કરે છે. ત્યારબાદ બળદની લડાઈ થાય છે. તેને મત્તુ પોંગલ પણ કહે છે. તામિલનાડુમાં તમિલ પંચાંગનું નવું વર્ષ જ પોંગલથી શરૂ થાય છે.


આમ, અનેક પરંપરાઓથી ભરપૂર આ ઉત્તરાયણનો તહેવાર છે. આખા ભારતમાં આ તહેવારને ધામધૂમથી ઉજવવામાં આવે છે.

*(સંદર્ભ : વિવિધ અખબારી લેખો અને ઉત્તરાયણની માન્યતાઓ સંબંધી વિકિપીડિયા)*

ઐતિહાસિક વાર્તા શ્રેણી

## અદૃશ્ય પાત્રો – ૨

# જીકડી



હરેશ ધોળકિયા

અચાનક જોરથી જયજયકાર સંભળાતાં જીકડીએ રથનો પડદો ઊંચો કરી બહાર નજર કરી.

પાસે ચાલતા ચોકીદારને પૂછ્યું, "અલ્યા, શેનો જયજયકાર થાય છે?"

ચોકીદારે મસ્તક નમાવી જવાબ આપ્યો, "જીકડીબા, કંથકોટ પાસે આવી રહ્યું છે."

જીકડીનું હૈયું ધબકી ઊઠ્યું : ઓહો! કંથકોટ આવી ગયું? તેની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. તેણે હાથ જોડી માથું નમાવ્યું. પછી ફરી પડદો ઊંચો કરી બહાર જોવા લાગી.

બહાર તો તડકો વરસતો હતો. વાતાવરણમાં શાંતિ હતી. પવન શાંત હતો. વૃક્ષો ચૂપચાપ ઊભાં હતાં. લાલાશવાળી જમીન પર ક્યાંક ઘાસ દેખાતું હતું. બાકી તો ધૂળી જમીન હતી. જીકડીની નજર તેના પર ફરતી રહી.

પછી તેની નજર આગળ ગઈ. લશ્કર વળાંક લેતું હતું. સૌથી આગળ જામ ફૂલનો રથ ચાલતો હતો. રંગીન વસ્ત્રોથી તે શણગારેલ હતો. તેની ચારે બાજુ ચોકીદારો કડક થઈ હાથમાં હથિયાર સાથે ચાલતા હતા.

જીકડી પ્રેમથી એ રથને જોઈ રહી. જામ ફૂલ – તેની સાથે તેની રાણી લીરલ પણ બેઠી હશે. કેવું સુંદર જોડું છે બન્નેનું! જીકડીનું હૈયું તો સ્નેહથી છલકાઈ ઊઠ્યું. તેણે પડદો ફરી નીચો કરી નાખ્યો. આંખ બંધ કરી દીધી.

અને તે એક સ્વપ્નમાં સરી પડી. તેની આંખો દૂરના ભૂતકાળમાં પહોંચી ગઈ. તેને શોરબકોર સંભળાવા લાગ્યો.

"અરે! આ શેનો શોરબકોર છે?" મહારાણી લીલીબાએ બૂમ મારી. તેને સમજ પડતી ન હતી કે અચાનક શેનો અવાજ આવતો હતો. પણ તેનું હૃદય શંકાથી ધબકતું હતું. ફારક તેની પાસે જ કુંવર ફૂલને લઈને ઊભી હતી.

અચાનક ચાર-પાંચ ચોકીદારો દોડતા અને હાંફતા આવ્યા. રાડ પાડી બોલ્યા, "મહારાણીબા, મહારાજના ચોકીદારો આપને મળવા માગે છે."

"મહારાજ આવી ગયા?" મહારાણીએ હરખથી કહ્યું.

"મહારાજ તો નથી આવ્યા પણ ચોકીદારો આવ્યા છે. આપને મળવા માગે છે."

"બોલાવો." મહારાણીએ કહ્યું.

પળમાં ચોકીદારો આવી ગયા. મસ્તક નમાવી ઊભા રહ્યા.

મહારાણીએ જોયું તો તેઓ પણ ખૂબ જ જોરથી હાંફતા હતા. ધ્રૂજતા પણ હતા. તેમના વસ્ત્રો ધૂળથી ખરડાઈ ગયાં હતાં. આંખો ભયથી ફાટી ગઈ હતી. તેઓ માંડ ઊભા રહી શકતા હતા.

મહારાણીને અંદેશો આવી ગયો. તેની આંખોમાં પણ ભય ડોકાયો. તેણે ફારક સામે જોયું. ફારકે કુંવરને જોરથી પકડી પોતાની નજીક લઈ લીધા.

"શું છે, રામજી?" મહારાણીએ એક ચોકીદારને પૂછ્યું.

ચોકીદારે મસ્તક નમાવ્યું. તેની આંખમાં પણ આંસુ હતાં. 'મહારાણી....' તે આગળ બોલી ન શક્યો.

"...જલદી બોલ રામજી!" મહારાણીએ ધ્રૂજતા અવાજે કહ્યું.

ચોકીદારના ગળામાંથી ડૂસકું નીકળી ગયું. "રાણીબા!" તે આગળ બોલી ન શક્યો.

"ભસી મર!" રાણીનો અવાજ મોટો થઈ ગયો.

પાસેના બીજા ચોકીદારે કહ્યું, "રાણીબા, મહારાજ....!"

"....મહારાજ શું?"

"...દેવ થઈ ગયા!" તે માંડમાંડ બોલી શક્યો.

રાણી તો ધબ દઈ જમીન પર બેસી ગઈ. રડવા જ લાગી.

ફારકે ધ્રૂજતાં પૂછ્યું, "પણ કેમ?"

"રાણીબાના ભાઈ ધરણ વાઘેલાએ મહારાજની હત્યા કરી નાખી!"

રાણી તો ચીસ પાડી ઊઠી. બોલી, "મેં મહારાજને મારા ભાઈનો વિશ્વાસ ન કરવા જ કહેલ, પણ તેઓ ભોળવાઈ ગયા અને તેની પાસે ગયા. આમ જ થવાનું હતું!" અને તે જોરથી રડવા લાગી.

વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. બધાં જ રડવા લાગ્યાં. પાંચેક મિનિટ તો વાતાવરણમાં કરુણતા છવાઈ ગઈ. નાનો કુંવર તો કશું સમજતો ન હતો. તે દોડીને માતાના ખોળામાં બેસી ગયો.

*ધનના અભાવ કરતાં પણ શક્તિના અભાવથી જ મોટેભાગે અસફળતા મળે છે.*

જેવો ફૂલ ખોળામાં બેઠો કે તરત રાણીનું રુદન અટકી ગયું. તેણે આંસુ લૂછી નાખ્યાં. બધાં તો તેનું આ સ્વરૂપ જોઈ ચમકી જ ગયાં.

બધાંને તેણે બહાર કાઢ્યાં, પછી ફારકને કહ્યું, "ફારક, આ કુંવરને તેં જ ઉછેર્યો છે. તું જ મારી સૌથી વફાદાર દાસી છો – દાસી શું, બહેન જ છો. હવે આ કુંવર તો તને જ હવાલે કરું છું."

ફારકે માથું નમાવ્યું.

"જો, મારો ભાઈ આવો દગાખોર નીકળશે તેનો મને અંદેશો હતો જ. મહારાજને ખૂબ સમજાવતી હતી, પણ તેઓ ભોળા માર ખાઈ ગયા અને મોતને પામ્યા. ખેર! થવાનું હતું તે થઈ ગયું. પણ મારો ભાઈ હજી સંતોષ પામ્યો નહીં હોય. તેને મહારાજના વંશનું નિકંદન જ કાઢવું હશે. રાજ લઈ લેવું જ હશે. તે આવતો જ હશે. તે કુંવરને જીવતો રહેવા નહીં દે. પણ હું તેને એમ આવવા નહીં દઉં. તે મારી લાશ પરથી જ આવી શકશે! હું તેની સામે લડવા જઈશ!"

ફારક તો રાણીનું ખુન્નસ જોઈ જ રહી. તે આ લીલીબા વાઘેલાને ઓળખતી હતી. લગ્ન પછી તેની સાથે જ આવી હતી, તેને જ વફાદાર રહી હતી. ધીમેધીમે તેનો પ્રેમ મેળવી લીધો હતો. આવા અજાણ્યા વાતાવરણમાં તે જ તેની એકમાત્ર સાથી રહી હતી. રાણી તેની સાથે બહેનની જેમ જ વર્તતી હતી. ફૂલ જન્મ્યો ત્યારે તેને જ સોંપી દીધો હતો અને કહેલ, "ફારક, આને તારો જ દીકરો માનજે. તારા દીકરા સાથે જ તેને ઉછેરજે. મને કંઈ પણ થાય તો સંભાળજે."

ફારકને ખ્યાલ હતો કે મહારાણીના ભાઈ ધરણ વાઘેલાને તેની બહેન મહારાવ સાડ સાથે પરણી તે ગમ્યું ન હતું. તેથી તેને મહારાવ સાથે બનતું ન હતું. તેનો વિકાસ તે સહન કરી શકતો ન હતો. લોકો તેનાં વખાણ કરતા હતા, તે તેનાથી સહન થતા ન હતા. તેને દૂર કરવા અને મારી નાખવા તે બધા જ પ્રયાસો કરતો હતો, પણ સાડ એટલો બળવાન હતો કે કશું થઈ શકે તેમ ન હતું. એટલે તેણે પોતાની ચાલ બદલી હતી અને તેને વહાલો થવા પ્રયાસ કરતો હતો. સાડ થોડો ભોળો હતો, તેથી માની લેતો હતો કે તેનો સાળો સુધરતો હતો. પણ રાણી જાણતી હતી કે આ તેના ભાઈની ચાલ હતી. તે સાડને ચેતતા રહેવા કહેતી. સાડ ચેતતો રહેતો, પણ છતાં વિશ્વાસ પણ કરતો હતો.

અને એક દિવસ ધરણે સાડને ગેડી આવવા આમંત્રણ આપ્યું. સાડ માની ગયો અને જવા તૈયાર થઈ ગયો. મહારાણીએ તેને ખૂબ સમજાવ્યો, પણ સાડે તેને હસી કાઢી અને ગયો. ધરણે તેનું ખૂબ સરસ રીતે સ્વાગત કર્યું. રાતે તેના માનમાં એક સમારંભ પણ યોજ્યો. સાડ અને તેના સેનાપતિ તથા સૈનિકોને ખૂબ દારૂ પીવડાવ્યો. પછી એક પળમાં છરો કાઢી તેની હત્યા કરી નાખી. તેનાથી તેને સંતોષ ન થયો. તે તો તેના વંશનું જ કાસળ કાઢવા માગતો હતો. તેથી સૈનિકોને મોકલ્યા કે ફૂલને પણ શોધીને મારી નાખે. અને તેની સેના આવતી હતી એમ રામજીએ કહ્યું હતું. રાણીની શંકા સાચી પડી હતી અને હવે લશ્કર આવતું હતું અને કંથકોટનો કબજો લઇ ફૂલને મારી નાખવા માગતું હતું.

રાણી ટટ્ટાર થઈ. તેણે ફારકને કહ્યું, "કુંવરને સંભાળજે. મારે લડવા જવું જ પડશે."

"મહારાણી, તમે?" ફારકે કહ્યું.

"હા, એમ મારા ભાઈને આવવા ન દેવાય. તે મારી લાશ પરથી જ આવી શકશે. મારું મોત નક્કી છે. ફારક, ભાગ! કુંવરને ક્યાંક છુપાવી દે. તેને ઉછેરજે. તેને કહેજે કે તેણે ફરી આ કંથકોટ મેળવવાનું છે અને તેના મામાને મારી રાજા બનવાનું છે. ફારક, ભાગી જા!"

અને મહારાણી લડવા માટે સજ્જ થઇ.

ફારકને એક પળ તો સમજ ન પડી કે શું કરવું, પણ પછી તરત તૈયાર થઈ ગઈ. તેણે પોતાના પુત્ર તથા કુંવર ફૂલને તેડી લીધા અને મહેલના પાછળના દરવાજાથી નાસી. પાછળ ગાઢ જંગલ હતું. બન્નેને કાંખમાં લઇ તે દોડવા લાગી. તેને ખ્યાલ હતો કે રાણી સૈન્યને અટકાવશે. લડાઈ થશે. ભલે રાણી જીતશે નહીં, પણ લડાઇના કારણે થોડો સમય તો જશે જ. આ દરમિયાન તેણે દૂર ભાગી જવાનું હતું અને કુંવરને બચાવવાના હતા.

તે તો નાસવા લાગી. તેને દૂરથી 'મારો... કાપો...'ના અવાજો સંભળાતા હતા. લડાઈ જામી હશે તેની તે કલ્પના કરતી હતી. તે ધ્રૂજતી પણ હતી. પણ આ પળે તેને રોકાવું પોસાય તેમ ન હતું. પળેપળ તે હાંફતી - હાંફતી કંથકોટથી દૂર ને દૂર જતી હતી. જંગલ તેનાથી પરિચિત હતું. તેથી છુપાતી છુપાતી તે દોડતી હતી.

આ બાજુ ધરણના સૈનિકો બે દિવસ પછી કંથકોટમાં આવી પહોંચ્યા. તો ગામ બહાર મહારાણી પોતાની સેના સાથે સજ્જ થઇ લડવા ઊભી હતી. સૈનિકો પહેલાં તો હબક ખાઈ ગયા કે રાણી વળી લડવા આવે? પણ તેમને તો ધરણની આજ્ઞા હતી કે તેમણે ગમે તેમ કરીને ફૂલને પકડીને મારી નાખવાનો છે. એટલે તેઓ તો રાણીની સેના સામે લડવા લાગ્યા. તેમનું સૈન્ય મોટું હતું. વળી, સાડના સૈનિકો હતાશ હતા. તેથી લડાઈ બહુ લાંબી ન ચાલી અને રાણીની પણ હત્યા કરી નાખવામાં આવી. એટલે રાણીના સૈનિકો ભાગી ગયા અથવા શરણે આવી

ગયા.

સૈનિકો તો ચિચિયારી કરતા મહેલમાં પ્રવેશ્યા અને ફૂલને શોધવા લાગ્યા. ખૂબ શોધખોળ કરવા છતાં તેમને ક્યાંય ફૂલ ન મળ્યો. તેથી તેઓ રઘવાયા થઈ ગયા અને દરેક દાસ અને દાસીને પકડી પકડીને પૂછવા લાગ્યા કે ફૂલ ક્યાં છે. જે પણ જવાબ દેતાં ખચકાય તેનું માથું ધડથી જુદું કરી નાખતા હતા. આખો મહેલ ફરી વળ્યા, પણ ફૂલ ન જ મળ્યો.

છેવટે એક નોકરનું માથું કાપવા જતા હતા, ત્યાં તે બોલી ગયો કે ફૂલને લઇને તો તેની દાસી ભાગી ગઈ છે.

સૈનિકો તો અકળાઈ ગયા. જો તે ભાગી ગઈ હોય અને ન મળે, તો તો તેના રાજા ધરણ તેમનું જ માથું કાપી નાખવાના. એટલે ગમે તેમ કરીને ફૂલને શોધવો જ રહ્યો.

તેમણે તે નોકરને પૂછ્યું, "કઈ બાજુ નાસી ગયા છે?"

નોકરે કહ્યું, "બંને જંગલમાં નાસી ગયા છે."

સૈનિકો તો મહેલના પાછળના દરવાજામાંથી થઈ જંગલ તરફ દોડવા લાગ્યા. તેમને હતું જ કે બે દિવસ નીકળી ગયા છે એટલે દાસી દૂર નીકળી ગઈ હશે. એટલે ઘોડાઓને પૂરપાટ દોડાવતા આગળ વધ્યા.

આ બાજુ ફારક પણ બંને છોકરાઓને લઈ દોડી જતી હતી. તેને હતું જ કે તે બહુ દૂર સુધી તો નહીં જ ભાગી શકે. એટલે કુમારને કેમ બચાવવો એના બીજા ઉપાયો પણ તે વિચારતી હતી. તેણે પોતાના દીકરાને એક જગ્યાએ નવડાવ્યો અને સાફસૂફ કર્યો. ફૂલનાં રાજવી જેવાં કપડાં તેને પહેરાવી દીધા. ફૂલને મેલોઘેલો કરી નાખ્યો અને પોતાના પુત્રનાં ફાટેલ કપડાં પહેરાવી દીધાં. પછી તે ફરી આગળ વધી.

ચોથા દિવસે તેને દૂરથી ઘોડાના ડાબલાના અવાજ સંભળાયા. તે સમજી ગઈ કે ધરણના સૈનિકો હવે નજીક આવતા જાય છે. એટલે તેણે થોડે દૂર એક ઘાસના પૂળામાં ફૂલને છુપાવી દીધો અને તેને કહ્યું કે તે જરા પણ અવાજ ન કરે. પછી પોતાના પુત્રને તેડીને ધીમેધીમે તે ચાલવા લાગી.

થોડીવારમાં તો સૈનિકો આવી પહોંચ્યા. તેમણે ફારકને જોઈ, સાથે તેના દીકરાને જોયો. માની લીધું કે આ કુંવર જ છે. તલવાર ખેંચી તેને અટકાવી.

ફારક તો તેમને જોઈ ધ્રૂજવાનો અભિનય કરવા માંડી.

"તારું નામ ફારક છે?" એક સૈનિકે પૂછ્યું.

ફારકે હકારાત્મક મસ્તક નમાવ્યું.

"આ છોકરો કોણ છે?"

ફારક ચાહીને મૂંગી રહી.

"બોલ, કોણ છે આ છોકરો? નહીં તો તારું મસ્તક કાપી નાખશું!" પેલાએ બૂમ પાડી.

ફારકે ડરતાં ડરતાં જવાબ આપ્યો, "આ કુંવર ફૂલ છે."

સૈનિકો ખુશ થઈ ગયા. તો ફૂલ છેવટે મળ્યો ખરો! તેમણે ફારકના હાથમાંથી તેને ઝુંટવી લીધો. ફારકે તેને ન આપવા પ્રયાસ કર્યો. લઈ લીધા પછી તેને પાછો આપવા કાલાવાલા કર્યા. રડવા લાગી. સૈનિકો તેની સામે જોઈ હસતા હતા.

"દાસી, આ તારો રાજકુમાર ગયો સમજ!"

"કેમ?"

"તેનો બાપ પણ ગયો. હવે આનો વારો. સાડનો વંશ ન રહેવો જોઈએ."

ફારક તો જોરજોરથી રડવા લાગી.

અચાનક એક સૈનિકે તેના પુત્રનું મસ્તક ઉડાવી દીધું.

ફારક તો ચીસ પાડી ઊઠી. પોતાના પુત્રનું મોત થતું તે જોઈ ન શકી. ધબ દઈને નીચે બેસી ગઈ. તેને સહન કરવામાં તકલીફ પડતી હતી.

સૈનિકો 'હા... હા... હા...' કરતા જોરથી અટ્ટહાસ્ય કરવા લાગ્યા. પછી માથું લઈ ઘોડા પર બેસી ગયા અને ઘોડા ફરી દોડાવી દીધા.

હવે ખરેખર ફારક ચીસ પાડી ઊઠી. તેણે નજર સામે પોતાનો એકનો એક પુત્ર મરતો જોયો હતો. તે ડૂસકાં ભરતી અર્ધબેભાન થઇ રડવા લાગી. તે થોડીવાર રડતી રહી.

પછી અચાનક તે જાગૃત થઇ. આંખ લૂછી, ઊભી થઈ. થોડે દૂર ઘાસના પૂળા પાસે ગઈ. જ્યાં કુંવરને છુપાવ્યો હતો. ઘાસનો પૂળો હટાવ્યો. જોયું તો ફૂલ ધ્રૂજતો હતો. ફારકને જોતાં જ તે તેને વળગી પડ્યો.

ફારક પણ તેને વળગી પડી. પછી કાખમાં લઈ આગળ ચાલવા લાગી. તેને ખબર હતી કે સામે તેના પુત્રનું શરીર પડ્યું હતું. એટલે થોડો રસ્તો બદલી નાખ્યો. થોડીવાર તો ફૂલ ન બોલ્યો, પણ પછી ફારકના પુત્ર વિશે પૂછ્યું, "એ ક્યાં ગયો?"

ફારકે ગળામાં ખોંખારો ખાઈ કહ્યું, "બેટા, તેને સૈનિકો લઈ ગયા."

"કેમ?"

"તેને તે લોકો મોટો કરશે. પછી આવશે પાછો." તે માંડ ડૂસકું અટકાવી શકતી હતી.

ફૂલ તો નાનો હતો. સમજવાની તેની ઉંમર ન હતી, એટલે માની ગયો અને ચૂપ થઈ ગયો.

હવે ફારક આગળ વધી અને સિંધમાં પ્રવેશી. અહીં રાજા ધુલારો રાજ કરતો હતો.

હવે તે ભયમુક્ત થઈ ગઈ. અહીં તેને કોઈ ઓળખતું ન હતું. એટલે ચૂપચાપ તે બાંભણસર ગામમાં જઈ રહેવા લાગી. અહીં ફારકે પોતાનું અને ફૂલનું નામ પણ બદલી નાખ્યું. પોતાનું નામ જીકડી કર્યું અને ફૂલનું નામ વીકો રાખ્યું. તે રાજાના બે કારભારી અજા અને અણગોરની વિશાળ હવેલીમાં નોકરાણી થઈ રહેવા લાગી. અહીં તે સુરક્ષિત થઈ ગઈ કારણકે હવેલીનું રક્ષણ તો બળવાન ચોકિયાતો કરતા હતા. અહીં પણ તે પોતાની વફાદારીના કારણે બધાને પ્રિય બની ગઈ.

પણ જીકડી કંઈ માત્ર કામ કરવા નહોતી આવી. તેને ખબર હતી કે કચ્છનો ભાવિ રાજા તેના ખોળામાં ઊછરતો હતો. ફૂલને તેણે ભાવિ માટે તૈયાર કરવાનો હતો. એટલે તે તેનું ખૂબ જ સારી રીતે પાલન કરતી હતી અને ખ્યાલ રાખતી હતી કે આ છોકરામાં કોઇને વિશેષ રસ જાગી ન જાય.

દિવસે દિવસે આ વીકો મોટો થતો જતો હતો. રાજલોહી હતું એટલે સુંદર અને સુદૃઢ પણ થતો જતો હતો. ઘણીવાર કોઈ કહેતું, “જીકડી, તારો દીકરો તો રાજકુંવર જેવો છે, હોં!” જીકડીના મનમાં ફાળ પડતી, પણ હસીને વાત ઉડાવી દેતી.

કારભારીઓ પાસે ગાય-ભેંસો હતી. વીકો મોટો થતાં જ આ ગાય-ભેંસોને સાચવવાની કામગીરીમાં જોડાઈ ગયો. તેને રોજ સીમમાં લઈ જતો અને ચરાવતો. તેનું દૂધ પી તે પણ લાલઘૂમ થવા લાગ્યો. તેનું મદમસ્ત અને બળવાન શરીર જોઈ જીકડી હરખાતી અને ક્યારે તે તેનું રાજ પાછું મેળવે તેનાં સ્વપ્ના જોતી.

આ વાછરડાં સાથે ગામના એક લુહારનાં પણ વાછરડાં હતાં. તેનું પણ વીકો ધ્યાન રાખતો. એક વાર લુહારે તે બાબતે તેને પૈસા આપવા માંડ્યા, તો વીકાએ ના પાડી. તેણે કહ્યું, “કાકા, પૈસા નથી જોતા, પણ વાછરડાં સાચવવા મને એકાદ હથિયાર બનાવી દ્યો તો સારી રીતે સચવાય.”

લુહારે તેને એક લોઢાની સાંગ બનાવી આપી. આ સાંગને જ્યારે વીકાએ પહેલી વાર હાથમાં લીધી, ત્યારે તેના અંગેઅંગમાં ઝણઝણાટી પ્રગટી નીકળી. તેના શરીરની ચેતના જાગી ઊઠી. તેને લોહીની હાકલ સંભળાઈ, પણ તે ચૂપ રહ્યો. પણ હવે જ્યારે જનાવરો ચરતા હોય, ત્યારે તે સાંગ ફેરવવાના દાવ શીખવા લાગ્યો. થોડા જ દિવસોમાં આ કળામાં તે પ્રવીણ બની ગયો. હવે હિંસક પશુઓ પણ તેના હાથમાં સાંગ જોઈ ડરવા લાગ્યા અને દૂર રહેવા લાગ્યા. વીકો દિન પ્રતિદિન વધારે ને વધારે નીડર બનવા લાગ્યો. જીકડી તેને ચેતવવા કહેતી તો હસીને વાત ઉડાવી દેતો. જીકડી તેને કહેતી કે તે ક્યારેય પોતાની આ કળાની વાત કોઈને ન કરે. વીકો જવાબ ન આપતો, પણ તેને વિચાર થતો કે મા આમ શા માટે કહે છે? પણ ચૂપ રહેતો.

આ બાજુ કારભારીઓ પણ આ છોકરાને જોઈને વિચારમાં પડી જતા કે આવો પ્રભાવશાળી છોકરો આ નોકરાણીને કેમ છે? તેમને વહેમ જતો. પૂછતા પણ ખરા, પણ જીકડી આડાઅવળા જવાબ આપી દેતી. પણ કારભારીઓ સમજી ગયા હતા કે આ છોકરાનું કંઈક તો રહસ્ય છે જ.

અને એક દિવસ આ શૌર્ય પ્રગટ થઈ ગયું. બાંભણસરની સીમમાં અચાનક એક વાઘ જંગલમાંથી આવી ચડ્યો અને શિકાર કરવા લાગ્યો. ખેડૂતો વગેરે તો ભાગીને ગામમાં આવી ગયા. રાડ પડી ગઈ. રાજા ધુલારા પાસે તેની ફરિયાદ પહોંચી. તે તો સવારી સાથે વાઘનો શિકાર કરવા નીકળી પડ્યો. સવારીને પસાર થતી જોઈ વીકાના અંતરમાં પણ શૌર્યનું વાવાઝોડું ઊઠ્યું. તે તેમની સાથે ભળી ગયો અને પાછળ પાછળ ચાલવા લાગ્યો.

આસપાસ ફરતા વાઘને અચાનક માણસની ગંધ આવી ગઈ અને દોડ્યો. અકસ્માત્ તે રાજાના માણસો વચ્ચે ઘેરાઈ ગયો. તે ગભરાઈ ગયો અને તેમની સામે જ દોડ્યો. ગભરાટમાં વાઘ રાજા સામે જ આવી ગયો. તે પોતાનો જીવ બચાવવા ઝનૂની બની ગયો અને રાજા પર જ કૂદ્યો. રાજા તો ફાટી આંખે આ જોઈ જ રહ્યો. બીજા સૈનિકો પણ ગભરાઈ ગયા. બધાને થયું કે રાજા ગયા!

પણ જેવો વાઘ રાજા પર કૂદ્યો કે તરત સુસવાટા મારતી એક સાંગ આવી અને વાઘના શરીરને વીંધી તેની આરપાર નીકળી ગઈ. વાઘ તો સ્તબ્ધ થઈ ગયો. ગોથું ખાઈ નીચે પછડાયો અને પળમાં નિશ્ચેત થઈ ગયો.

બધા તો સ્તબ્ધ થઈ જોતા હતા. રાજા પણ ગભરાયેલ હતા, પણ અચાનક વાઘને જમીન પર પડતો અને મૃત્યુ પામતો જોયો ત્યારે રાજાને હાશ થઈ અને સૌ આનંદની કિકિયારી કરવા લાગ્યા.

પછી તેમણે પોતાને ઉગારનાર એ નવજવાનને બોલાવ્યો અને તેને ભેટી પડી કહ્યું, “બેટા, તારી સમયસૂચકતા અને બહાદુરીએ જ આજે મને બચાવ્યો છે. મારે તારા શા વખાણ કરવા! તેં તો મને જીવતદાન આપ્યું છે!”

એ યુવાન વીકો જ હતો. તે નમ્ર થઈ રાજા સામે ઊભો રહ્યો અને બોલ્યો, “મહારાજ, મેં તો મારી ફરજ બજાવી છે.”

ધુલારાએ આ યુવાનને સવારીમાં

લઈ લેવા કહ્યું અને વાજતેગાજતે ગામમાં થઈ મહેલમાં લઇ આવવાની આજ્ઞા કરી.

આ બાજુ જીકડીને ખબર પડી કે વાઘ જંગલમાં આવી ગયો છે, બધા પર હુમલો કરે છે. આ સાંભળી તે તો ગભરાઈ જ ગઈ અને રડવા લાગી. તેને થયું કે તે ફૂલને નુકસાન પહોંચાડશે, કદાચ મારી પણ નાખશે, તો તેનું કર્યું કારવ્યું નિષ્ફળ જશે. બધા તેને આશ્વાસન આપતા હતા, પણ તેને શાંતિ મળતી ન હતી.

ત્યાં તો સમાચાર આવ્યા કે વીકાએ વાઘને મારી નાખી મહારાજા ધુલારાને બચાવી લીધા. રાજા તેના પર ખુશ થઈ તેને તેડી લાવતા હતા. જીકડીને આ સાંભળી શાંતિ થઈ. તે ખુશ પણ થઇ. સાથે તેને એ પણ ભય લાગ્યો કે હવે તેની ઓળખ ખુલ્લી થઈ જશે. તે કેમ છુપાવવી તેના વિચાર તે કરવા લાગી.

ધુલારાએ તો આવીને દરબારના પ્રાંગણમાં રાજ કચેરી બલાવી. ત્યાં તેણે વીકાના વખાણ કર્યા. વીકાની મા જીકડીને પણ માનભેર બોલાવવામાં આવી. ધુલારાએ જીકડીને પૂછ્યું, "બાઈ, તમારા આ દીકરાના લલાટ પર તો તેજ છલકે છે. સાચું કહો, શું આ તમારો જ દીકરો છે?"

જીકડી મૂંઝાઈ ગઈ, છતાં બોલી, "હા મહારાજ, આ મારો દીકરો જ છે."

તરત અજો કારભારી બોલ્યો, "ના, બાઈ, તમે મનમાં કશુંક છુપાવીને બેઠા છો એમ મને લાગ્યા કરે છે. સાચું બોલો અને નિશ્ચિંત રહેજો. આ સિંધની ધરતી છે. વિશ્વાસ રાખજો. મને પણ ઘણા સમયથી થયા કરે છે કે આ છોકરો તમારો નથી. મહારાજની વાત સાંભળી મને મારી ધારણા સાચી લાગે છે. સાચું કહી દ્યો મહારાજને. મૂંઝાવાની જરૂર નથી."

ધુલારાએ ટેકો આપતા કહ્યું, "બહેન, ભય રાખ્યા વગર બોલો. સાચું કહી દો."

જીકડીનો જીવ ચૂંથાતો હતો. શું કહેવું તેની સમજ પડતી ન હતી. એટલે તે બોલી, "મહારાજ, વીકો મારો જ દીકરો છે. પણ તે ઇનામને યોગ્ય છે તે ખાતરી રાખજો."

તરત ધુલારાએ વીકાને ચોવીસ ગામની જાગીર આપવાની જાહેરાત કરી. બધાએ રાજાની પ્રશંસા કરી.

પણ વીકો કોણ છે તેની ખબર ન પડી તેથી રાજા ઉચાટમાં રહ્યા. તેમણે વીકા તથા જીકડીને મહેલમાં જ ગોઠવી દીધાં.

આ બાજુ રાજાની કુંવરી લીરલ વીકાના પ્રેમમાં પડી ગઈ. તેણે તેની મા પાસે આ વાત કરી. રાણીએ રાજાને વાત કરી. રાજાને પણ ગમ્યું. પણ નિર્ણય લેવાતા પહેલાં તેણે કારભારીની હાજરીમાં જીકડીને બોલાવી પૂછ્યું, "બહેન, મારે હજી વીકાને કશુંક વધારે આપવું છે, પણ તમે તેની ઓળખ છતી કરો તો વિચારું."

હવે જોકે જીકડીને રાજા તથા કારભારી પર પૂરો વિશ્વાસ બેસી ગયો હતો, છતાં તે અચકાતી હતી. પણ છેવટે નિર્ણય કરી તે બોલી, "મહારાજ, હું પાટગઢના રાજા સાડનાં રાણીની દાસી છું. મારું સાચું નામ ફારક છે. આ છોકરો સાડનો દીકરો રાજકુમાર ફૂલ છે."

"હેં?" રાજાના મોંમાંથી રાડ નીકળી ગઈ. "શું આ કચ્છની ધરતીનો બેટો ફૂલ છે?" "હા, મહારાજ!"

તરત ધુલારો આનંદથી બોલી ઊઠ્યો, "તો તો હું મારી દીકરી લીરલને જામ ફૂલ સાથે જ વરાવું છું."

જીકડી તો આ સાંભળી હરખઘેલી થઈ ગઈ. તે પોતાને ધન્ય માનવા લાગી.

અને વીકો ફૂલ તરીકે જાહેર થઈ ગયો. ધુલારા અને કારભારી અણગોરે તેને વચન આપ્યું કે લગ્ન પછી તેને લશ્કરી મદદ આપી રાજ્ય પાછું અપાવશે.

અને ફૂલનાં લગ્ન થઈ ગયા.

જામ ફૂલ પણ ગદ્ગદ્ થઇ ગયો. તેને પોતાની ઓળખ મળવાથી તે આનંદમાં આવી ગયો હતો. તે જીકડીને ભેટી જ પડ્યો. તેને પગે લાગ્યો.

જીકડીએ કહ્યું, "મારા જામ! ફૂલ! રાજકુમાર! હવે તમે તૈયાર થાઓ. તમારી માતાનું ધાવણ પુરવાર કરી દ્યો. તમારા નઠોર મામાને કચ્છની ભૂમિ પરથી ઉખેડીને ફેંકી દ્યો અને ગાદીએ બેસો, તો મારી મહેનત સફળ થશે."

ફૂલે પોતાની વિશાળ છાતી પર હાથ પછાડતાં કહ્યું, "મા, તમારી સામે પ્રતિજ્ઞા લઉં છું કે મારા પિતાના હત્યારા મારા મામાને ભગાડી ન મૂકું ત્યાં સુધી સુખની સેજ પર નહીં સૂઉં."

લીરલે પણ તેને ટેકો આપ્યો. જીકડી તો આનંદથી છલકાઈ ગઈ.

અને ફૂલ લશ્કર લઇ કચ્છ પર કૂચ કરી ગયો. હબાયને જીતી લીધો. સમગ્ર કચ્છને ખબર પડી ગઈ કે જામ ફૂલ તો જીવતો છે. પ્રજા ઉત્સાહિત થઈ ગઈ. તે લશ્કર સાથે જોડાઈ ગઇ. ધરણ વાઘેલો ચમકી ગયો કે ફૂલ તો જીવતો છે! તે તો પ્રજા પ્રત્યે નિર્દય બન્યો હતો, એટલે તે તો થથરી ઊઠ્યો. પોતાનો જાન બચાવવા કંથકોટ છોડી તે ગેડી તરફ નાસી જ ગયો.

ફૂલને લડાઈ કરવી જ ન પડી. એટલે તેણે કંથકોટ તરફ લશ્કર સાથે પ્રયાણ કર્યું, ત્યાં સમગ્ર પ્રજા તેની રાહ જોતી હતી. અને તેઓ કંથકોટ પાસે આવી પહોંચ્યા હતા. અચાનક શહેનાઇનો અવાજ સંભળાયો.

જીકડી પોતાના સ્વપ્નમાંથી જાગી ઊઠી. તેણે ફરી રથનો પડદો ખસેડ્યો અને ચોકીદારને પૂછ્યું, "શું થયું?"

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*તમે તળિયે પછડાઓ છો ત્યારે કેટલે ઊંચે ઊઠો છો એ તમારી સફળતાની પારાશીશી છે.*






# ઝાડ હોય કે ડાળ, શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**


બ્રાંચ કટર


પેટ્રોલ ચેઈન સો



ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

ગુજરાતી કથાગીતો
મણકો-૧૦

બહારવટિયા કાદુના ચરિત્રને ચરિતાર્થ કરતું રાસ-ગીત :

# 'ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા'

● સંકલન : જીના વીરેન શેઠ ●

(દુહો)

હે... હાવજ બોલે ગીરમાં ને એની ભર સોરઠમાં હાક
હે... આ તો દુશ્મનને હંફાવતો... હે જો ને કરડો થઈને કાદુડો.

(રાસ)

ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા (૨)
દારૂગોળાની ઊડે ઠોરમ ઠોર રે મકરાણી કાદુ
ડંકો રે દીધો તેં સોરઠ દેશમાં...

તેજલ ઘોડીએ કાદુનાં બેસણાં (૨)
દુંદાળાના થઈ રહ્યા ધમકાર રે... ડંકો રે...

વનની તે વનરાઈ કાદુડાને વારતી
કાદુડો કદી ચૂકતો ના નિશાન રે... ડંકો રે...

વગડો રે ગાજે રે કાદુના ભારથી
કાદુડાની ચારેકોર ઝાળ રે... ડંકો રે...

બબ્બે બંદૂકું કાદુ બાંધતો
હે... ત્રીજીની એને રહી ગઈ જોને ખાંત રે... ડંકો રે...

સોરઠનો સિંહ ચારેકોર ઘૂમતો
હે... લોકડા એના નામનો માંડે રાસ રે... ડંકો રે...

દુનિયા પોઢે કાદુડો જાગતો,
હે... સૂના ગઢને ઉંબરમાં ફફડાટ રે... ડંકો રે...

માથાભારે તે કંઈક મારીયા
હે... મારવો રહી ગ્યો અભિમાની સ્કૉટ રે...

એવી રે ગઢ રે જૂના રે તું ગરજતો
હે... વેરી માથે કાદુડો વનરાજ રે... ડંકો રે...

● **સોરઠ દેશ :**

સૌરાષ્ટ્ર એટલે રજવાડાંઓથી રચાયેલો ચંદરવો.

ગામેગામ એક રજવાડું. દરેકને પોતપોતાની શોભા. દરેકનો આગવો ઇતિહાસ.

એક બાજુ બાકીના આખા ભારતમાં જેટલાં દેશી રાજ્યો, તેટલાં બીજી બાજુ એકલા સૌરાષ્ટ્રમાં!

સ્વાધીનતા આવી ત્યારે આ બધાનું એકીકરણ કેમ સંધાશે એ મોટો પ્રશ્ન હતો. પણ સરદાર પટેલ જેનું નામ!! એણે નકશા પર આંગળી ફેરવી ને જાણે બધા રજવાડી રંગો ઓગળીને એક થઈ ગયા!

પણ સૌરાષ્ટ્રમાં હજીય એ રંગોની રંગછાયાઓ જોવા-સાંભળવા - અનુભવવા મળે ખરી.

સૌરાષ્ટ્ર એટલે સાહસિકો - ભક્તો - શૂરવીરો - સાધુઓ - બહારવટિયાની ભૂમિ. એ ભૂમિ એટલે સાહસ અને સમર્પણની ભૂમિ!

શૂરાની શૌર્યગાથાઓ અને સંત ને સતીઓની સમર્પણ ગાથાઓ. આ ભૂમિ જ શૂરાની અને સાવજની. બહાદુરોની ને બહારવટિયાઓની.

સૌરાષ્ટ્રનો પરિચય કરવો હોય તો વાંચવા જોઈએ મેઘાણીને – એમનાં 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'રઢિયાળી રાત' – 'સોરઠ તારા વહેતાં પાણી' અને 'વેવિશાળ.'

એમાં દેખાશે અસલ કાઠિયાવાડ. કાઠિયાવાડ એટલે કાઠીઓની ભૂમિ. જ્યાં એક વખત કાઠી રાજપૂતોનું પ્રભુત્વ હતું તેવો પ્રદેશ. એવી ભૂમિ મશહૂર હતી તેના બહારવટિયાઓ માટે.

તેની વાતો આવે છે મેઘાણીનાં સોરઠી બહારવટિયામાં. રાજસત્તાઓનાં દફ્તરોમાં ફક્ત એકપક્ષી – ને તે પણ નજીવો જ ઇતિહાસ છે. પરંતુ લોકકંઠની પરંપરામાં બહુરંગી ને છલોછલ ઇતિહાસ છે. તેમને ગામોગામ ફરીને સંકલિત કરી ફરી જીવાડવાનું કામ મેઘાણીજીએ કર્યું. આ વાતોમાં માત્ર બહારવટિયાનો નહીં પણ એ પ્રત્યેકની આસપાસ જીવાયેલા લોકજીવનનો ઇતિહાસ પણ પ્રકાશમાં આવે છે.

● **બહારવટાંની મીમાંસા :**

પોતાને અને રાજસત્તાને વાંધો પડવાથી કોઈ પણ મનુષ્ય એ રાજસત્તાની અવગણના કરી રાજ્ય બહારની વાટ (માર્ગ) પકડે એનું નામ બહારવટિયો.

અંગ્રેજી ભાષામાં એનો પર્યાય શબ્દ છે 'આઉટ લૉ.' એટલે કાયદા કાનૂનના પ્રદેશની બહાર નીકળી જનાર. કાયદાને આધીન રહેવાની ના પાડનાર અને તેને પરિણામે કાયદાના રક્ષણથી પણ

વંચિત રહેનાર વ્યક્તિ.

આ પરથી બહારવટિયાઓને ત્રણ-ચાર પ્રકારમાં વહેંચી શકાય.

૧. **ગરાસદારો :** પોતાનો ગરાસ (નિશ્ચિત ગામ કે જેનું નક્કી કરેલું કર, મહેસૂલ તે ઉઘરાવી શકતો) ઉપર થયેલા અન્યાયી આક્રમણ સામે મરવા - મારવાનો નિરધાર કરીને ઊઠેલા : જેવા કે જોગીદાસ ખુમાણ, બાવા વાળો, જોધા માણેક – મૂળુ માણેક, કાદુ મકરાણી, ભીમો જત વગેરે.

૨. **પરોપકાર પ્રેરિત :** પરોપકાર કરવા જતાં, અન્યને ખાતર મારફાડ કરીને પછી બહારવટે નીકળેલાં. જેવા કે સંઘજી કાવેઠિયો, અભો સોરઠિયો, ચાંપરાજ વાળો, નાથો મોઢવાડિયો વગેરે.

૩. **અંગત વેર :** અંગત વેરને કારણે બહાર નીકળી જઈ કાયદા વિરુદ્ધ પરંતુ બહારવટાના નિયમો મુજબ જીવન જીવનારા જેવા કે ગીગો મહિયો, વાલો નામોરી, નાગારવ ગીયડ, રાયદે બુચડ ચારણ વગેરે.

૪. **ચોર-લૂંટારા :** કેવળ ચોરી - લૂંટને માટેજ નીકળેલા પણ બહારવટાના નિયમો પાળનારા જેવા કે મોવર સંઘવાણી વગેરે.

બહારવટાનો ખરો યુગ અઢારમી સદીના અસ્ત સમયથી આરંભાયો. આખી ઓગણીસમી સદી ઉપર પથરાઈ રહ્યો ને વીસમી સદીની પહેલી વીસીમાં જ ખલાસ થઈ ગયો. એનો છેલ્લો પ્રતિનિધિ રામવાળો હતો. તે પછી રહી છે ફક્ત ચોરી ને લૂંટફાટ. કોઈ એને બહારવટું ન કહે.

તો એ કેવા બહારવટિયા હશે જેની વાર્તામાં કવિઓ અને લેખકોને સાહિત્ય દેખાય. એ કેવી સંસ્કૃતિ હશે જ્યાં બહારવટિયાઓનો ઉલ્લેખ ડાયરાઓમાં થાય. એમનાં નામના રાસડા લેવાય. પ્રજા માર ખાતી, લૂંટાતી, પીડાતી છતાં લૂંટારાઓની જવાંમર્દી ન વીસરતી. એ હત્યારાઓની નેકી પર આફરીન હતી. બહારવટિયાની કતલ એને મન સ્વાભાવિક હતી પણ એ કતલના હાર્દમાં રહેલી વિલક્ષણ ધર્મનીતિ એની દૃષ્ટિમાં જાદુ આંજતી, લોકો પવિત્રતાના પૂજક હતા.

એમનું બહારવટું નીતિને માટે હતું, ધર્મને માટે હતું, ગરાસને માટે હતું. એમાં પણ એ લોકો નીતિ-નિયમો રાખતા અને પ્રાણના ભોગે પણ એ પાળતા. એમના જીવનનું પણ લક્ષ્ય હતું. એમની ખાનદાની, ખમીર અને ખુમારીને લોકો વંદન કરતા. એમની નેકી ને એમની નીતિ, એમના ત્યાગ અને એમની સહનશક્તિ, એમની પ્રભુશ્રદ્ધા અને એમની આત્મશ્રદ્ધા, એમના ઔદાર્ય ને એમની વીરપૂજા, એમનાં દયાદાન અને એમની નિષ્ઠા, એમનું મક્કમપણું ને એમનું મરણિયાપણું.

તેઓ કોઈ સાધુસંતને રંજાડતા નહીં કે કોઈ બહેન-દીકરીને ઊની આંચ પણ આવવા ન દેતા. એ રોજી-રોટી માટે લડતા, પણ ખપપૂરતું રાખી બાકી ગરીબોમાં વહેંચી દેતા.

હા, એનાં ઘાતકીપણાનાં અને એમની નિર્દયતા ત્યાગવા અને તિરસ્કારવા યોગ્ય ખરા. બની શકે એ વીરપૂજક પ્રજાએ એમની અનિષ્ટ વાતોને ઓછી સંઘરી હોય એમ પણ બને.

છતાં લોકોએ તેમનાં પ્રશસ્તિગાન દિલથી ગાયાં છે. વીરતા અને દિલાવરી જ્યાં-જ્યાં ગઈ ત્યાં-ત્યાં લોકોની કવિતા પણ યશ ગાતી પાછળ ચાલી. બહારવટિયાનાં પ્રેમ અને શૌર્યે કવિતાને આકર્ષી છે.

સોરઠી બહારવટિયાનાં પ્રશસ્તિ ગીતોના આટલા પ્રકારો છે :

૧. ગ્રામ્ય નારીઓએ રચ્યા - ગાયા રાસડા.

૨. રાવણહથ્થાવાળા નાથબાવાઓ અથવા કાફીઓ રચીને ગાનારા ફકીરો દસ્તગીરોનાં ગીતો.

તથા ચારણી પ્રશસ્તિ પ્રકારોમાં ચારણી દુહા - ગીતો તથા લાંબા ચારણી ગીતો પણ ખરા જ.

- **કૃતિ પરિચય :**

પ્રસ્તુત ગીત કાદુનાં પ્રશસ્તિ-કાવ્યો પૈકીનો રાસડો છે. જે રાવણહથ્થાવાળા તથા સ્ત્રીઓ ગાય છે.

આ ગીત પાછળથી ગુજરાતી ફિલ્મમાં લેવામાં આવ્યું. 'સાધના ચિત્રા ફિલ્મ કંપની'એ ૧૯૬૦માં એક ફિલ્મ બનાવી 'કાદુ મકરાણી.' દિગ્દર્શક હતા મનહર રસકપૂર (૧૯૪૮-૮૦). તેમણે બનાવેલી વીસેક ફિલ્મોમાં 'કાદુ-મકરાણી' એક સીમાચિહ્નરૂપ ફિલ્મ!

પછીથી ૧૯૭૩માં મનુ દેસાઈએ આ ફિલ્મને પુનઃ નિર્મિત કરી. આ ફિલ્મ કાદરબક્ષના જીવનને અંજલી સ્વરૂપ છે. ઘણાં ગુજરાતી લોકગીતોમાં કાદરબક્ષના હિંમત અને બહાદુરી તથા તેની માનવતા, તેના સન્માનની યશોગાથા ગાવામાં આવી છે. ઉપરોક્ત ગીત આવું જ એક ગીત છે.

ગીતમાં ઐતિહાસિકતા કેટલી હશે એ વાત બાજુ પર મૂકીએ. ક્યાંક અતિશયોક્તિ કે કલ્પના પણ કદાચ હોય : તો એ બતાવે છે કે લોકોની કલ્પના કેવા આદર્શોને વંદન કરતી હતી. આવા લોક આદર્શોને લોકોએ એના જીવનમાં ક્યાંક ને ક્યાંક ઊતરતા જોયા હશે.

*પરાજય ક્ષણિક છે. એને સનાતન બનાવે છે હતાશા.*

શું ગામની માયા હશે એના માટે, કેવો વિશ્વાસ હશે લોકોને એની નીતિ ઉપર કે એના નામના રાસડા લેવાતા ને પાછા ગામેગામ ને ડુંગરે ડુંગરે લેવાતા.

વેલજી ગજ્જરના કંઠે ગવાયેલું આ ગીત 'કાદુ-મકરાણી'ના જીવન અને કાર્યને સરસ રીતે ઉજાગર કરે છે. પ્રજાગણ આજે પણ તેની કથાને રસથી વાગોળે છે.

દુહામાં કહેવાયું છે કે જૂનાગઢમાં આવેલા ગીરનાં જંગલોમાંના સાવજ વખણાય છે (ગીરમાં વન્ય પશુઓમાં સિંહ, જેને સ્થાનિક લોકો 'સાવજ' કહે છે.) એની ત્રાડ ગીરમાં પડે પણ સંભળાય આખાય સોરઠમાં. એવો સિંહ સમો કાદુડો, વેરી માટે વનરાજ સમો કાદુડો, દુઃખિયાનો બેલી હતો. હૃદયેથી મીણ જેવો હતો. એનો ભૂતકાળ પણ રસપ્રદ છે.

- **કાદુની કથા :**

કાદરબક્ષ ઉર્ફે કાદુ મકરાણી, બલોચ જાતિનો હતો. જેનો જન્મ અને ઉછેર બલૂચિસ્તાન, મકરાણમાં થયો હતો. જે પાછળથી કાઠિયાવાડ, ગુજરાતના એક બહારવટિયા તરીકે ઉજાગર થયો. તેનો પૂર્વનો 'રોબિનહૂડ' માનવામાં આવે છે.

ઓગણીસમી સદીના મધ્યભાગમાં તે પોતાના ભાઈ-ભાંડુ સાથે કાઠિયાવાડમાં સ્થાનાંતરિત થયો હતો. તેમની બહાદુરી અને હિંમતના કારણે, જૂનાગઢના નવાબે, કાઠિયાવાડમાં ડાકુઓના ત્રાસને દૂર કરવા માટે તેમની સેવાઓ લીધી હતી અને બદલામાં નવાબ પાસેથી તેમણે કેટલાય પ્રદેશો અને સ્રોતો મેળવ્યા હતા.

કાદરબક્ષ પોતે તો અમરાપરનો ખેડુ હતો. એ બહાદુરે સાવજનાં બે જીવતાં બચ્ચાં ઝાલીને નવાબને ભેટ કરેલાં. તેના બદલામાં નવાબે એને અમરાપરમાં ચાલીસ એકર જમીન એનાયત કરેલી, તે પોતે ખેડાવી ખાતો હતો. એ અભણ જમાનામાં પોતે ભણેલો. મોતીના દાણા જેવા અક્ષરો કરી જાણતો. એની બેઠક સારા મુત્સદ્દીઓ ભેગી હતી. એ નીતિ અને નિમકહલાલીના રંગે રંગાયેલો હતો. એની અદબ મરજાદ એક અમીરજાદાને શોભે તેવી હતી. પોતાના ઇણાજ ગામવાળા સગાંઓને હંમેશાં ખામોશના બોલ કહેનારો, એવા સુલેહસંપીને ચાલનારો હતો કાદરબક્ષ. એના ભાઈઓ કમજોર કહીને ટોણા દેતા. એ જ કાદુએ પોતાની મતલબ નહોતી છતાં આ જ ભાઈઓના દુઃખમાં ભાગ લઈ પોતાનું સત્યાનાશ વહોરી લીધું હતું.

ગઈકાલનો શાહુકાર આજે ચોર બન્યો હતો. તેના સામે પ્રશ્ન હતો કે નિકમહરામ થઈને જૂનાગઢ સામે લડી મરવું કે મકરાણમાં ઊતરી જવું? એવું તો શું થયું કે કાદરબક્ષને બહારવટે ચડવું પડ્યું?

- **કાદરબક્ષ બહારવટે :**

અમદાવાદના બાદશાહ મહમદ બેગડાએ જૂનાગઢ જીત્યું – ને ત્યારથી ત્યાં નવાબી શાસન થયું. જૂનાગઢ નવાબે મકરાણથી આવેલા અલીમહમદના વડવાઓને તેમની સેવાઓ બદલ 'ઇણાજ' ગામ આપ્યું હતું. સૌરાષ્ટ્રમાં વેરાવળ પાસે આવેલું 'ઇણાજ' ગામ પરંપરાથી અલીમહમદની જાગીરદારી હેઠળ આવ્યું. તે પછી તેમણે પોતાના બીજા ભાઇ-ભાંડુઓને પણ મકરાણથી બોલાવી લીધા હતા. એમાંથી જમાદાર અલીમહમદના કાકા નૂરમહમદના દીકરા જમાદાર કાદરબક્ષ અને અબાબકર જૂનાગઢ પાસેનું અમરાપર ગામનું થાણું સંભાળતા.

ઇણાજ ગામનો ભોગવટો કરનાર મકરાણીઓએ રાજ્યથી સ્વતંત્ર થવાનો દાવો કર્યો. તેઓએ અમુક ઇણાજવાસીઓએ કરેલા ગંભીર ગુનાની તપાસ માટે ત્યાં જનાર જૂનાગઢ પોલીસને પ્રવેશ કરવા ન દીધો.

ત્યારે રાજ્યે પોતાના હક્કના રક્ષણ માટે એજન્સીની (બ્રિટિશ સરકારની) મદદ માગી. મકરાણીઓને ચેતવણીનો સંદેશો મોકલ્યો :

*'કાં તો હથિયાર હેઠા મૂકો*
*કાં તો લડી લેવા તૈયાર થઈ જાઓ.'*

પણ જીવના ભોગે પણ હથિયાર હેઠાં ન મૂકનારા બલોચ યોદ્ધાઓએ લડી લેવાનું પસંદ કર્યું. ૧૮૮૪ના ઓગસ્ટ માસની ચોથી તારીખે સાઠ સવાર અને દોઢસો પાયદળની ફોજ ઇણાજ પર મોકલવામાં આવી. કર્નલ સ્કૉટ સાથે ગયા. પચીસ મકરાણી અગ્રેસરોને હથિયાર છોડવા ને જૂનાગઢની હકૂમત સ્વીકારવા કહ્યું. મકરાણીઓ હા કહીને પાછા ફરી ગયા. ફોજ પર ગોળીબાર કર્યો. છેવટે ફોજે ગામને ઉડાવ્યું. મકરાણીઓને પક્ષે છ મરાયા, ત્રણ ઘાયલ થયા, ફોજ પૈકી સાત મરાયા ને પંદર ઘાયલ થયા.

આ સમગ્ર ધીંગાણામાં કાદરબક્ષ પોતાના નાતીલાઓના દુઃખમાં શરીક થયો. પણ તેણે જોયું કે હવે બીજી બાજુથી ગામ છોડી જવામાં જ ડહાપણ રહેલું છે ત્યારે તે અને તેના પિતરાઈઓ પણ નીકળ્યા. તેમાં હતા અલાદાદ, દીનમહમદ, ફકીરમહમદ, કાજી વિલાયતી, અબાબકર, ગુલમહમદ અને કાદુ પોતે.

આમ, કાદુનું બહારવટું શરૂ થયું. તેઓ તો ભાગી છૂટ્યા હતા પણ બીજા તમામ કેદમાં પુરાયા હતા.

*યોગ્ય સમય પર કરેલું નાનું કાર્ય પણ બહુ ઉપકારી હોય છે, જ્યારે સમય વહી ગયા પછી કરેલું મહાન કાર્ય પણ વ્યર્થ હોય છે.*

- **કાદુનાં કારનામાં :**

"એક દિવસમાં એક ગામ ભાંગે તો સમજજો કે સાધુએ ભાંગ્યું! અને ત્રણ ગામ ભાંગે તો કાદુએ ભાંગ્યાં સમજજો!"

એટલી જાહેરાત રાજસત્તાને પહોંચાડીને કાદુ ગીરની રૈયતને રંજાડવા નીકળી પડ્યો. રોજ પાંચ વખત કાદુ નમાજ પઢે છે. રોજ ત્રણ-ત્રણ ગામડાં ઉપર પડતો ત્રીસ-ત્રીસ ગાઉની મજલ ખેંચે છે. એની પાછળ જૂનાગઢે અને એજન્સીએ પોતાની બધી શક્તિ રોકી દીધી હતી. કાદુના માથા માટે રૂા. ૧,૦૦૦/- અને ૨૦ એકર જમીનનું ઇનામ જાહેર થયું હતું.

કંઇક માથાભારે હોય એવાને તેણે માર્યા હતા પણ પાપિયા, અધર્મી અને અનીતિનો પૈસો ભેગો કર્યો હોય એવા સિવાય કોઈને'ય ક્યારે પણ કાદુ રંજાડતો નહીં. સાધુ-સંતોનો સદાય આદર કરતો.

બાનમાં લીધેલા હોય એમને પણ સારી રીતે રાખતો. પોતે ભૂખ્યા રહીને પણ બાનને ખવડાવતો (બાન એટલે અટકમાં લીધેલ વ્યક્તિ). અને એની સ્ત્રી સન્માનની ભાવના તો એ હદે ઊંચી હતી કે એ ભાવનાએ બીજી સર્વ ભાવનાઓ કરતાં વધુ સચોટ અસર જનતા પર છાંટેલી હતી. બહારવટાની અંદર કાદરબક્ષ નાની એટલીને દીકરી, બરોબરની એટલીને બહેન અને મોટેરી એટલીને મા ગણી ચાલતો હતો. બહેન દીકરીને એટલો વિશ્વાસ હતો કે દિવસમાં પાંચ નમાઝ પઢનારો આ પાક મુસલમાન આપણી ઇજ્જતને ઊની આંચ નહીં જ આવવા દે. એવા મરદ મુછાળાની મર્દાનગી, એની દાતારી, એની ખાનદાની જોઈને જ સોરઠમાં એના નામના રાસડા લેવાતા.

લોકો સામે કાદુડો એકલે હાથે લડતો. બબ્બે બંદૂકો રાખતો અને હૈયે ત્રીજી હામ (હિંમત) હંમેશાં રાખતો. તેજલ ઘોડી પર બેસીને કાદુ નીકળતો ત્યારે કહેવાય છે કે વનની વનરાઈ પણ એને મદદ કરતી અને એ પોતાનું નિશાન ક્યારેય ચૂકતો નહીં.

એ અમરાપરમાં હતો ત્યાં સુધી એમ કહેવાતું કે અમરાપરની હદમાં તો સાવજ પણ ઊતરી શકતો નહીં. તેણે ૮૧ ગામડાં ભાંગ્યા, ૨૧ ખૂનો કર્યા અને ૯૮ નાક કાપ્યા. પોતે પોતાના હાથે તો એટલો હેવાન બની શક્યો નહીં પણ એના ખૂની અને રાક્ષસી ભાણેજ અલાદાદને હાથે અત્યાચાર થવા દીધો. પણ એ સમજતો હતો કે એના દિવસો હવે પૂરા થવા આવ્યા હતા.

- **કાદરબક્ષનો કરુણ અંત :**

દેશભરમાં ત્રાસ છૂટી ગયો હતો. તેના સાથીઓએ તેને થોડા દિવસ મકરાણમાં જતા રહેવા સૂચવ્યું. તે માટે કાઠિયાવાડથી અમદાવાદ થઈ ટ્રેનમાં કરાંચી (સિંધ) પહોંચ્યો. કરાંચીની બજારમાં કાદુ ઊંટ ભાડે કરવા નીકળ્યો ત્યારે ત્યાં ઝલાઈ ગયો. ઊંટવાળાએ એને ઓળખી લીધો હોવાથી ઇનામની લાલચે તેણે કાદુને ફસાવ્યો.

કાદુ પણ ક્યાં કમ હતો. તેને ખબર પડી જતાં એ ઊંટવાળાને અને પોલીસવાળાને મારી ભાગવા જાય છે ત્યાં તો ત્યાંથી પસાર થતા મજૂરના ટોળામાંથી કોઈએ તેના પર પથ્થર મારી તેનું માથું ફોડી નાખ્યું. કાદુ બેભાન થયો. ભાન આવે છે ત્યારે તે સેન્ટ્રલ જેલમાં હતો. તેને ફાંસીની સજા થઇ. તેને ત્યાં જ દફનાવવામાં આવ્યો.

આમ ૧૮૮૪-૮૭ સુધીમાં જૂનાગઢ રાજ સામેના તેના બહારવટાનો ફાંસીથી અંત આવ્યો. તેના શબને મેવાડ શાહના સ્મશાન (લાયરી)માં રાખવામાં આવ્યું છે. જે પથ્થર દ્વારા તેને મારવામાં આવ્યો હતો તેને પણ તેની કબરની બાજુમાં સાચવવામાં આવ્યો છે.

- **કાદુના કિસ્સાઓ :**

માંડણપુરાના મકરાણીની દીકરી, ફાતિમા જે કાદુ ઉપર મુગ્ધ બની હતી. કાદુની વીરતા ઉપર જીવતર ઓવારી નાખવાની તૈયારી સાથે એ પોતાના હૃદયની વાત કાદુને કહે છે ત્યારે પાણીદાર મોતી જેવું રૂપ ધરાવતી ફાતિમાને કાદુએ વારી હતી. એમ કહીને કે મારાથી નેકીનો રાહ ન ચૂકાય. અમે તારા બાપનો આશરો લીધો છે. તું તો મારી બહેન થાય. તેની તલવારને ભેટ સમજીને લેવાની પણ ના પાડીને ઠંડો જવાબ આપી કાદુએ તેને પાછી વાળી દીધી હતી. વિચાર કરો, પોતાના બાલ-બચ્ચાં-ઓરતને તો એણે ક્યારેય મકરાણ મૂકી દીધાં હતાં પણ એમની સાથે બેવફાઈ ન કરી. નીતિ રાખવાની કેટલી ઊંચી ભાવના! આફરીન!

એની સ્ત્રી સન્માનની ભાવનાનો બીજો કિસ્સો – એક દિવસ મોડી રાતે લોઢવા ગામના એક કારડિયા રાજપૂતના ઘરમાં પેસતાં એ ઘરની સૂતેલી સ્ત્રી અર્ધનગ્નાવસ્થામાં જ ઊઠીને નાઠી. ત્યારે કાદુ પીઠ દઈ ઊભો રહ્યો અને કહ્યું, બહેન! તારા કપડાં સંભાળી લે. પણ અબળા ધાકની મારી હાલી-ચાલી ન શકી. 'બહેન, તારી ખડકી દઈ દે!' એટલું કહીને કાદુ નીકળી ગયો. એ ઘર ન લૂંટ્યું. સ્ત્રી પ્રત્યેની કેવી ઊંચી ભાવના!

એથીયે અધિક સ્ત્રી-સન્માન કાદુએ પોતાના જ કટ્ટર શત્રુ કર્નલ હંફ્રીની ઓરત તરફ દાખવેલું હોવાની સાક્ષી સ્વ. જસ્ટિસ બીજાને સુદ્ધાં આપેલ છે. અંતરિયાળ એ જૂનાગઢના નવા અંગ્રેજ પોલીસ ઉપરીની ઓરત અને બાળકની બાતમી મળે છે. જો એને ઝાલીને બાન (અટકાયતમાં) તરીકે રાખે તો પણ એની આખી

બાજી સુધરી જાય એવા સંજોગો છે. પણ કાદરબક્ષે સાથીઓની એ વાત કબૂલ ન જ કરી. એના મોંમાં એક જ વેણ હતું કે, "તો-તો આપણી ઓરતો આપણા ઉપર થૂ-થૂ કરશે."

ખુન્નસભર્યો કાદુ પોતાના કુળ ઉપર વીતકો વિતાવનાર પોલિટિકલ એજન્ટ સ્કૉટને ઠાર મારવા જાય છે ત્યારે ઘોડાગાડી ચૂકી જાય છે. તે ઘોડાગાડીમાં જેક્સન તથા સ્કૉટની મેડમ બેઠેલા હતા. ત્યારે કાદુ જેનું નામ. જેક્શન સાહેબ તથા મેડમને છોડી દે છે ત્યારે તેની ખાનદાની પર આફરીન થનાર જેક્સન સાહેબ પોતે જઇને કાદુ માટે નવાબ પાસે વિષ્ટિ ચલાવે છે. તેનો જવાબ આપવા એકલા જેક્સન સાહેબ કાદુને મળવા જંગલમાં આવે છે. કારણ તેમને વિશ્વાસ હતો કાદુની નેકી ઉપર. કાદુની જબાનથી બિનહથિયારે આવેલા જેક્સન સાહેબ નિરાશાજનક જવાબ લઈને આવ્યા હોય છે. પણ ત્યારે પણ કાદુ જેક્સન સાહેબને બાનમાં નથી લેતો. જેક્સન સાહેબ, તેને સાચો મર્દ જાણી, કાદુ માટે કાંઈ ન કરી શકવાના ભારોભાર દુઃખ સાથે વિદાય લે છે.

કાદરબક્ષ પોતાના સાથીદારોને પણ નીતિના પાઠ શીખવતો. ખુદાથી ડરવાનું કહેતો. ગરીબને ક્યારેય ન રંજાડવાનું કહેતો. તે પોતે ભોળા હૃદયનો હતો ને ભગવાનને હંમેશાં ભેળા રાખતો. એ અલ્લાહને પ્રાર્થના પણ એ જ કરતો કે "યા અલ્લાહ! મને નેકીને રસ્તે ચાલવામાં મદદ કરજો." માટે જ આજે પણ એને યાદ કરાય છે.

ધન્ય એ સોરઠ ધરાને!

ધન્ય એ ચરિત્રને!

આવા નેકદિલ માણસ માટે ગ્રામ્યનારીઓ રાસડો લે એમાં શું નવાઈ?

સામ્રાજ્યવાદી લેખકોએ ઘણા પ્રયત્નો કર્યા કે તેઓ કાદુને એક ક્રૂર ઘાતકી ડાકુ તરીકે ચીતરે પણ ગુજરાતની જનતાએ પોતાનાં લોકગીતો અને કાવ્યોમાં તેના સાચા ઇતિહાસને સાચવ્યો અને નવી પેઢી સુધી પહોંચાડ્યો છે. આ ગીત ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'સોરઠી બહારવટિયા'માં જોવા મળે છે.

- **પ્રેરણા :**

કાદરબક્ષનું જીવન ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ નેકીનો રસ્તો ન છોડવાની પ્રેરણા આપે છે, ને ખરી શૂરવીરતા નિરપરાધ પ્રજાને રંજાડવામાં નથી પણ પોતાનો સ્વધર્મ ઓળખીને એનું પાલન કરવામાં જ છે.

ધર્મ હોય, પુરાણ હોય, શાસ્ત્ર હોય કે પછી વ્યક્તિગત જીવન, પ્રવૃત્તિ કરતાં વૃત્તિ જ મહત્ત્વની છે એ સાબિત થાય છે. ■

## અદૃશ્ય પાત્રો-૨ : જીકડી

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

ચોકીદારે મસ્તક નમાવી જવાબ આપ્યો, "મહારાણીબા, કંથકોટ આવી ગયું." જીકડીનું હૃદય ધબકી ઊઠ્યું. તેની આંખો ભરાઈ આવી : ઓહો! કંથકોટ આવ્યું? તેણે સામે નજર કરી. કંથકોટનાં ઝાડવાં જાણે તેને આવકારતા હતા. સામેનો ડુંગર તેને જાણે તાકી તાકીને જોતો હતો. જાણે તેનો આભાર માનતો હતો કે તેણે ફૂલને પાછો આપ્યો હતો. જીકડી ધરાઈ ધરાઈને જમીનને જોતી હતી. તેની આંખોમાંથી આંસુ વહ્યા જતા હતા. તે મનોમન કહેતી હતી, મહારાણી સાહેબા, તમે સોંપેલ કામ પૂરું કર્યું છે. મારી જવાબદારી પૂરી થાય છે. આપોઆપ તેનું મસ્તક પણ નમી ગયું.

ત્યાં તો શોરબકોર શરૂ થયો. તેણે આસપાસ જોયું.

અચાનક ચોકીદાર અદબભેર ખસી ગયો. જોયું તો સામેથી ફૂલ અને લીરલ આવતા હતા. તેમની પાછળ સૈનિકો હતા.

જીકડી તો આ વિશાળ છાતીવાળા ફૂલને જોઈ જ રહી. ફૂલ નજીક આવ્યો. તેણે પડદાને વધારે ઊંચો કર્યો. પછી હળવેથી જીકડીનો હાથ પકડી તેને નીચે ઉતારી. જેવી જીકડી બહાર આવી, તરત ત્યાં ઊભેલા હજારો લોકોએ તેની જય બોલાવી.

"અરે! હું તો દાસી છું..." જીકડી મનમાં બોલી.

જામ ફૂલે તેનાં ચરણોનો સ્પર્શ કર્યો. પછી લીરલ પણ તેને પગે લાગી.

જીકડી સહન ન કરી શકી. તે રડી પડી. જામ ફૂલ તેને વળગી પડ્યો. પછી બધાને સંબોધી બોલ્યો, "હે પ્રજાજનો! આજે તમારી સામે ઊભો રહી શક્યો છું તેનું કારણ કેવળ આ મારી મા જીકડી એટલે કે તમારાં ફારક છે." પ્રજાજનોએ તેની ફરી જય બોલાવી.

જીકડી નીચું મોં કરી ઊભી હતી. તેની આંખો વહેતી હતી.

અનેક લોકો આવતા હતા અને તેને પગે લાગતા હતા.

અને જામ ફૂલે મોટા અવાજે જાહેરાત કરી, "આ જીકડીમા આજથી આ કચ્છનાં રાજમાતા છે. બધા તેમને રાજમાતા તરીકે જ માન આપશે. તેમનો બોલ જ આખરી મનાશે. હું પણ તેમને જ તાબે રહીશ. બધાને કબૂલ છે?"

અને ત્યાં હાજર બધા પ્રજાજનોએ રાજમાતા જીકડીબા ની ફરીફરી જય બોલાવી.

જીકડી ચૂપચાપ આનંદનાં આંસુ સારતી રહી.

સમગ્ર કચ્છની ધરતી આ રાજમાતાને મનોમન વંદન કરતી હતી. ■

*જે સમય ચિંતામાં જાય છે તે કચરાપેટીમાં જાય છે અને જે સમય ચિંતનમાં જાય છે તે તિજોરીમાં જમા થાય છે.*

**૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા**



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

# ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

સત્ય ઘટના

# મહાત્મા



પારુલ આર. પટેલ

આજે ફરીથી આપના માટે એક બીજી સત્ય ઘટના આપની સમક્ષ મૂકી રહી છું.

હું જે વ્યક્તિ વિશે વાત કરવા જઈ રહી છું તેને ફક્ત ભારત જ નહીં, વિશ્વ આખું લગભગ જાણતું હશે. આ વાત પ્રખ્યાત અભિનેતાના જીવનની અને અમારી સામે જ ઘટેલ ઘટનાઓની છે.

એક અભિનેતાનું જીવન અને વ્યવહાર કેવા હોય? અતિ ચળકભળકવાળી દુનિયા, સંપત્તિનો અને સફળતાના નશાનો પાર નહીં! અતિશયતા વ્યક્તિને ઘમંડી બનાવી દેતી હોય છે. આ અભિનેતા એટલે કે શમ્મી કપૂર. પ્રથમથી જ એવા પરિવારમાં જન્મેલા કે જ્યાં દાદા, પિતા, ભાઈઓ – સર્વેએ આ જ ક્ષેત્રમાં નામ કાઢેલ. તેમાંના જ એક સફળ અભિનેતા શમ્મી કપૂર હતા.

એક વખત તેઓ પોતાના પરિવાર સાથે નૈનીતાલ ગયેલા. જ્યાં તેમની કોઈ ફિલ્મનું શુટિંગ થઈ રહ્યું હતું. શમ્મી કપૂર શુટિંગમાં વ્યસ્ત હતા. ત્યારે તેમનો પરિવાર જેમાં તેમની પત્ની નીલાબા, બાળકો અને શમ્મી કપૂરની સાળીનો પરિવાર પણ હતો. આ પરિવાર નૈનીતાલમાં આવેલ ગૌતમી ગંગા નદીના કિનારે ફરી રહ્યો હતો. ત્યારે ત્યાં આજુબાજુના વિસ્તારમાં સુંદર મધુર સુગંધ આવવા લાગી અને ઘંટનાદ સંભળાવા લાગ્યો. સાથે સાથે મધુર અવાજમાં ઉચ્ચારાતા મંત્રોના ધ્વનિથી આખું વાતાવરણ આહ્લાદક અને દિલ દિમાગ ઉપર કબજો જમાવી દે તેવું હતું. આ મેં વર્ણવી, તે સર્વે બાબતોનો તાલમેલ એટલો તો અદ્‌ભુત હતો કે એક અલગ પ્રકારનું ખેંચાણ દરેકને તે તરફ ખેંચવા માટે પૂરતું હતું. અજાણતા બધા તે બાજુ ખેંચાયા, તો સૌએ જોયું કે નદીના કિનારા પરથી ઉપર પહાડ તરફ જતા પગથિયા ઉપર કોઈક આશ્રમ હોય તેવું લાગી રહ્યું હતું. સર્વે કોઈપણ જાતની હિચકિચાટ વગર એક આકર્ષણથી ઉપરની તરફ જવા લાગ્યા. છેક ઉપર પહોંચ્યા ત્યારે સૌએ એક એવા તેજસ્વી મુખમુદ્રાવાળા દૈવી પ્રભાવવાળા, મધુર સ્મિતના ચહેરાવાળા, આકર્ષક શરીર સૌષ્ઠવ ધરાવતા બાબા તેમના આસન પર બિરાજેલા જોયા અને પોતાના ભક્ત મંડળથી વીંટળાયેલા એવી મહાન વિભૂતિના દર્શન થયા. બાબાએ આવનાર સૌ પર દૃષ્ટિ નાખીને સૌને આશિર્વાદ આપ્યા અને બેસવા ઈશારો કર્યો. બાબાએ લીનાબાની સામે દૃષ્ટિ કરીને કહ્યું કે, 'તારા પતિ નથી આવ્યા?' નીલાબાએ જણાવ્યું કે તેઓ એક્ટર છે અને ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત છે તેથી નથી આવ્યા. બાબાએ જવાબ આપ્યો, 'એક્ટર હૈ યે મુઝે પતા હૈ!' દરેકને નવાઈ લાગી કે અમે તો તેમને જાણતા નથી, પહેલી વખત મળીએ છીએ તો આ બાબાજી કેવી રીતે જાણતા હશે?

બાબાએ કહ્યું કે, 'ઉનકો બતાના કી બાબાને યાદ કિયા હૈ.' બધાને ખૂબ જ આશ્ચર્ય થયું અને વધારે ચર્ચાઓ ન કરતાં વિસ્મયમાં ડૂબેલ આ પરિવાર બાબાના આશિર્વાદ લઈને પાછા આવ્યા કે જ્યાં તેઓ ઉતરેલા. જ્યારે શમ્મી કપૂર શુટિંગ પતાવીને પાછા આવ્યા ત્યારે પરિવારે સઘળી વાતથી તેમને વાકેફ કર્યા. શમ્મી કપૂરે બેફિકરાઈથી જણાવ્યું કે, 'હું આવા કોઈ બાબાને જાણતો નથી. આ તો પૈસા પડાવવા માટેની વાત હશે.' થોડી દલીલો અને વાર્તાલાપ સાથે સૌ પોતપોતાના રૂમમાં ભરાઈ ગયા. અઠવાડિયું પૂરું થતાં શુટિંગનું કામ પૂર્ણ થતાં સૌ મુંબઈ પાછા આવ્યા. સૌ વાચક મિત્રોને થશે કે આમાં તો શમ્મી કપૂરના જીવનને લગતું કાંઇ છે જ નહીં. પરંતુ ખમો, હવે પછીના લેખનમાં તેમના માટેની ઘટનાઓની જ વાત આવશે.

આખો પરિવાર મુંબઈ આવી ગયાને મહિનો માસ વિતી ગયેલ. તેમાં એક દિવસ નીલાબાની ઉપર તેમની બહેનનો ફોન આવ્યો કે આપણે તે દિવસે નૈનીતાલમાં જે બાબાજીને મળીને આવેલા તે જ બાબાજી આજે અમારી પડોશમાં આવ્યા છે. તું અને જીજાજી આવી જાવ.

નીલાબાએ શમ્મી કપૂરને વાત કરી અને દર્શને આવવા માટે વિનંતી કરી અને સમજાવ્યા પણ ખરા. પરંતુ શમ્મી કપૂર એકના બે ન થયા અને શુટિંગ માટે ઉપડી ગયા.

નીલાબા તેમની બહેનના ઘેર ગયા અને બેનના પડોશીને ત્યાં બાબાજીના દર્શન માટે પહોંચી ગયા. બાબાજી બેઠક રૂમમાં સામે જ બનાવેલ આસન પર બિરાજમાન હતા. નીલાબાને આશિર્વાદ આપ્યા અને તેમને પૂછ્યું કે, 'આજ ભી તેરા પતિ નહીં આયા.'

'બાબા, આજ ઉનકા શુટિંગ હૈ તો નહીં આ પાયે.'

બાબાજી હસ્યા અને કહ્યું કે, 'આજ શુટિંગ નહીં હોગા ઔર વો વાપસ

*સમય આવ્યા વગર વજ્રપાત થાય તો પણ મૃત્યુ નથી થતું અને સમય આવી જતાં પુષ્પ પણ પ્રાણ લઈ શકે છે.*

આયેગા.'

'ઐસી તો કોઈ બાત નહીં હૈ બાબાજી.'

'હોગી, તુમ દેખના.'

અને થોડીવારમાં જ શમ્મી કપૂરનો ફોન આવ્યો કે મારું શુટિંગ કેન્સલ થયું છે. કારણ પૂછતા જણાવ્યું કે 'નિર્માતાના સાસુનું અવસાન થવાથી શુટિંગ બંધ કરવામાં આવ્યું છે.'

તો તમે અહીં આવો, બાબાજી યાદ કરે છે અને તેમણે જ મને જણાવ્યું કે આજે શુટિંગ બંધ રહેશે.

'હશે, કાગનું બેસવું અને ડાળનું પડવું. હું નહીં આવું. મને આવા બાવાઓમાં રસ નથી. હું ઘરે જઇને આરામ કરું છું.' અને ઘરે જતા રહ્યા.

હવે બન્યું એવું કે કલાક પછી શમ્મી કપૂર હાંફળા ફાંફળા બાબાજી હતા ત્યાં આવ્યા. તેમને જોઈને બધાને આશ્ચર્ય થયું.

જેવી બાબાજીની તેમના પર નજર પડી અને શમ્મી કપૂરે બાબાજીને જોયા કે તેઓ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, બાબાજીના પગમાં લાંબા થઈ ગયા.

'આઈયે મહાત્માજી આઈયે, બહોત ઈંતજાર કરવાયા આપને...' કહેતા બાબાજીએ શમ્મી કપૂરને ઊભા કર્યા અને બાબાજીએ જણાવ્યું કે, 'તેરા ઔર મેરા યહ એક જન્મકા સંબંધ નહીં હૈ, કઇ જન્મોંસે હમ દૌનો સાથ સાથ રહતે થે. આજ મેરા ઈંતજાર પૂરા હુઆ.' આ બાબાજી એટલે કુમાઉ પ્રદેશમાં હૈડાખંડવાળાના નામે પૂજાતા મહાન સંતશ્રી એવા હૈડાખંડી બાબા મારા પણ ગુરુ છે.

શમ્મી કપૂરના પત્નીએ પૂછ્યું કે તમારે તો શુટિંગ હતું તો અહીં કેમ? શમ્મી કપૂરે જણાવ્યું કે શુટિંગ કેન્સલ થવાથી હું ઘરે જઈ એ.સી. ચાલુ કરીને સૂતો, ત્યાં જ આ બાબાજી રૂમમાં અંદર પ્રગટ થયા. રૂમ અંદરથી સંપૂર્ણ બંધ હતો અને બાબાજીએ એટલી બધી કૂદાકૂદ કરી મને ડરાવી મૂક્યો. હું સુધબુધ ગુમાવી ચૂક્યો અને ડરીને ત્યાંથી ભાગીને અહીં આવ્યો. અહીં બાબાજીને જોયા અને મારા પૂર્વભવના ગુરુની તેમની એકમાત્ર દૃષ્ટિથી મને જ્ઞાન થયું અને હું તેમને ઓળખી ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તેમના પગમાં શરણ લઈ લીધું. બાબાજીએ શમ્મી કપૂરના જીવનને સંભાળી લીધું. તેમના ગળામાં મોટા પતાસા જેવા મણકાના હારને પહેરાવ્યો અને હાથમાં ગેંડાના ચામડામાંથી બનેલું કડું પહેરાવ્યું અને તે સૌ કોઈએ જોયું હશે. ત્યાર પછીની સ્ટોરી તો અનેક ઘટનાઓથી વણાયેલ છે. તેના વિશેની માહિતી અને અમારી સાથેનો પરિચય, નીલાબા કેમ તેમના જીવનમાં આવ્યા અને બાબાજી દ્વારા તેમને આપવામાં આવતા આદેશો અને તેનું આંખો મિંચીને શમ્મી કપૂર દ્વારા કરવામાં આવતું પાલન વિશેની માહિતી હવે પછીથી આપને જણાવીશ.

બાબાજીના દર્શન શમ્મી કપૂરને થયા ત્યાં સુધીની વાત મેં આગળ જણાવી. હવે આગળની વાત જણાવું.

શમ્મી કપૂરના પ્રથમ પત્નીના મૃત્યુ પછી તેઓ ખૂબ જ અશાંત અને ઉદાસ રહેતા હતા અને તેથી તેમના મોટા ભાભી ક્રિષ્નાજી (રાજ કપૂરના પત્ની)એ તેમનાં લગ્ન તેમના મિત્રના ઓળખીતા એક દરબાર પરિવારની દીકરી નીલાબા કે જેઓ દાંતા સ્ટેટની ભાણેજ થાય. દાંતા સ્ટેટના દરબારના હૈડાખંડી બાબાના પ્રથમ શિષ્ય મહેન્દ્ર મહારાજ કુલગુરૂ થતા. આ મહેન્દ્ર મહારાજ દાંતા સ્ટેટમાં અવારનવાર આવતા. તેના કારણે એક વખત તેમણે હૈડાખંડી બાબાને વિનંતી કરી કે તમે દાંતાના દરબાર, મારા યજમાન છે ત્યાં પધારો. પ્રખ્યાત અંબા માતાના ધામ અંબાજીમાં બાબા આવ્યા અને કૈલાસ ટેકરી પર ચડીને અંબાજીની આજુબાજુના રમણીય વાતાવરણને જોઈ રહ્યા અને એકદમ તેમણે આદેશ કર્યો કે, 'અહીં આશ્રમ બનાવો. કેમકે આ તપોભૂમિ છે.' ત્યાર પછી ત્યાં હૈડાખંડવાલે બાબાનો આશ્રમ કૈલાસ ટેકરી બનાવવામાં આવ્યો, જે આજે પણ છે. તે આશ્રમમાં પ્રથમ હવન બાબાજીએ શમ્મી કપૂરના હાથે કરાવેલ. ત્યારે અમે સૌ હાજર હતા.

શમ્મી કપૂર પર બાબાનો વિશિષ્ટ પ્રેમ હતો. એક વખત બાબા તેમને અંબાજી પાસે આવેલ કોટેશ્વરનાં દહેરાં છે ત્યાં લઇ ગયા અને ત્યાં આવેલ સરસ્વતી ગુફા કે જેનો દ્વાર ફક્ત એક કે દોઢ ફૂટની પહોળાઈવાળું હશે, ત્યાં જઇને બાબાજીએ શમ્મી કપૂરને આદેશ કર્યો કે, 'મહાત્માજી, ઇસ ગુફામેં ચલે જાવ ઔર ક્યા હોતા હૈ વો દેખો!' શમ્મી કપૂરે એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં તે ગુફામાં માખણનો પીંડો અંદર પડે તેમ પડી ગયા. શમ્મી કપૂરનું શરીર તો દરેક જાણે છે કેટલું ભારે હતું. છતાં ગુરૂ પરનો અતૂટ વિશ્વાસ તેમના ઘડતરનો એક ભાગ બની ગયું હતું. તેથી કંઈ પણ વિચાર્યા વિના શમ્મી કપૂર ગુફામાં ઉતરી ગયા. આ ગુફામાં આજે પણ સૂક્ષ્મમાં અનેક ઉચ્ચ આત્માઓ તપ કરે છે. આસ્થાવાન અને ભક્તિના માર્ગે આગળ વધેલ વ્યક્તિઓને આ ગુફાની અંદર દિવ્ય અનુભૂતિ થયા વિના રહેતી નથી. આ વાત જાત અનુભવની પણ છે.

શમ્મી કપૂરના જીવનમાં બાબાજીએ કરાવેલા આવા અનેક કિસ્સાઓ છે. આ કિસ્સો તદ્દન સત્ય ઘટના જ છે અને કેટલીક વખત અમારી હાજરી હતી તો કેટલીક વખત ત્યાંનો વહીવટ કરતાં હર્ષદભાઈ શાહ કે જેમને હું ''પવ્યાજી'' કહીને બોલાવતી, તેમની પાસેથી સાંભળેલી વાતો પણ હતી.

અંબાજી જવાનું બને તો કૈલાસ ટેકરી પર આવેલ હૈડાખાનવાલે બાબાના આશ્રમની મુલાકાત લેવા જેવી છે.

ભોલે બાબા કી જય.... ■

*સમયથી પહેલાં અને ભાગ્યથી વધુ ક્યારેય મળતું નથી.*

પ્રવાસ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી વિઝીટ - એક યાદગાર સંભારણું



ચિત્રસેન શાહ

૧૮૨ મીટર ઊંચી – દુનિયાની સૌથી ઊંચી – સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના નજીકથી દર્શન કરવા એ એક અલૌકિક, અદ્ભુત અને સુખદ અનુભવ બની રહે. તાજેતરમાં જ આ લખનારે તેની વિઝીટ લીધી હતી.





આ મૂર્તિની વિઝીટ દેશના અનેક રાજ્યોના તેમજ દુનિયાભરના હજારો / લાખો ટુરિસ્ટ લઈ રહ્યા છે. ત્યારે આપણા ગુજરાતીઓ કે જેમને ત્યાં જવું હોય તેમને માટે કેટલીક વિગતો અહીં પ્રસ્તુત કરું છું. શક્ય છે કે વિગતોમાં ક્યાંક ક્ષતિ પણ હોઈ શકે.

★ આ સ્થળે જવા માટે અમદાવાદથી વડોદરા - ડભોઇ (બાયપાસ) થઇને રોડ રસ્તે જતા ચારેક કલાક લાગે.

★ ન્યુઝ પેપરના રીપોર્ટ પ્રમાણે થોડા સમય પછી (બનતા સુધી તા. ૩૧-૩-૨૦૨૦થી) તો વડોદરાથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધીની ટ્રેઇન પણ ચાલુ થઈ જશે.

★ વિઝીટનો ટાઈમ સવારે ૮થી સાંજના ૬ સુધીનો છે (સોમવારે બંધ રહે છે). શનિ - રવિ ગીરદી રહે છે તેથી મંગળથી શુક્રવાર સુધીની વિઝીટ હિતાવહ રહે.

★ ટોટલ વિઝીટ ફી રૂા. ૩૮૦/- છે (Express ફી રૂા. ૧,૦૦૦/- છે પરંતુ તે લેવાની જરૂર નથી.)

★ વિઝીટ ફી માં સ્ટેચ્યુ વ્યુઇંગ ગેલેરી, મ્યુઝિયમ, વૉલ ઑફ યુનિટી, વેલી ઑફ ફ્લાવર, ડેમ સાઇટ પોઇન્ટ વગેરે તેમજ આ બધી જગ્યાએ જવા માટેની બસ ચાર્જ સહિત બધું જ આવી જાય છે. પ્રાઈવેટ વ્હીકલ પાર્કિંગમાં જ પાર્ક કરવું પડે છે, જે નજીક જ છે. સાઇટ સીઈંગ માટેની બસ વ્યવસ્થા સરસ છે. ૧૦-૧૦ મિનિટે બસ મળ્યા કરે છે. કોમ્પ્લેક્સની અંદર લોકરની વ્યવસ્થા નથી. તેથી મોટી બેગ વગેરે પ્રાઈવેટ વ્હીકલમાં જ મૂકી દેવા પડે છે. નાની હેન્ડ બેગ, પાઉચ, મોબાઇલ વગેરે લઇ જવાની છુટ છે (ખાવાની આઈટમ સિવાય). ફોટોગ્રાફીની છુટ છે.

★ સ્ટેચ્યુની અંદર (૪૫મા માળે) સ્ટેચ્યુના છાતીના ભાગે વ્યુઇંગ ગેલેરી છે. ઉપર જવા ૨ લિફ્ટ છે. વ્યુઇંગ ગેલેરીમાં જવા ૨-૨ કલાકના સ્લોટ હોય છે. અમે બપોરના ૨થી ૪નો સ્લોટ પસંદ કર્યો હતો.

★ સ્ટેચ્યુની નીચેના ભાગે લેટેસ્ટ ટેકનોલોજીથી તૈયાર કરાયેલું મ્યુઝિયમ છે. જેમાં ઓડિયો વીડિયો થિયેટર, વિશાળ મૂર્તિઓ વગેરે છે. (૨-૨ કલાકના સ્લોટ ફક્ત સ્ટેચ્યુની વ્યુઇંગ ગેલેરી માટેના જ છે. બાકી બીજી બધી જગ્યાએ કોઈ પણ સમયે ગમે તેટલો સમય રોકાઈ શકાય છે.) વ્યુઇંગ ગેલેરીથી ઉપર જઈ શકાતું નથી.

★ સ્ટેચ્યુ કોમ્પ્લેક્સમાં દાખલ થવાના દરવાજે વ્હીલચેરની પણ વ્યવસ્થા છે જે કિફાયત દરે - લિફ્ટમાં વ્યુઇંગ ગેલેરી સહિત બધી જગ્યાએ લઇ જાય છે.

★ સ્ટેચ્યુ અને મ્યુઝિયમ જોઈ લીધા પછી અનુકૂળતા મુજબ લંચ કે બ્રેકફાસ્ટ (જે માટે સરસ કેન્ટીન છે) કરીને વેલી ઑફ ફ્લાવર વગેરે જોવા જઈ શકાય. જે માટે સાંજનો

*સમય અને સમુદ્રની ભરતી કોઈની વાટ જોતાં નથી.*



સમય યોગ્ય રહે.

★ ત્યારબાદ સાંજના ૭/૭.૩૦ પછી ૨૦-૨૫ મિનિટનો લેસર શો સ્ટેચ્યુ પર જોઈ શકાય છે. જે જોવા માટે અસંખ્ય બેન્ચની વ્યવસ્થા રાખેલ છે. તેમ છતાં જગ્યા મળતી નથી. તેથી તે માટે સમયસર પહોંચી જવું.

★ ટેન્ટ સીટીમાં રહેવું Costly છે. તેથી સ્ટેચ્યુની નજીક જ બીજી – BRG બજેટ સ્ટેની હોટલ છે, જે રહેવા માટે અનુકૂળ રહે. મોટાભાગના લોકો અમદાવાદથી સવારે આઠેક વાગે નીકળી રાતના ૧૨/૧ વાગ્યા સુધી અમદાવાદ પાછા પહોંચી જાય છે. પરંતુ જો અનુકૂળતા હોય તો એકાદ Night Halt વધારે આનંદદાયક બની શકે.

★ જંગલ સફારી વગેરે જેવા નવા નવા આકર્ષણો તો ઉમેરાતા જ રહે છે.

★ ઘણી જગ્યાએ વૉશ રૂમ વગેરે જેવી વ્યવસ્થા સારી છે તેમજ સ્ટાફ પણ વિવેકી છે.

***એકંદરે અમારો અનુભવ સંતોષકારક રહ્યો.***

*અંતમાં –*

મહાન વિભૂતિના અદ્ભુત, અકલ્પનીય અને અવિશ્વનીય એવા સુંદર સ્મારક માટે તેના વિઝનરી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને સલામ.

*ગાંધીનગર.*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

## સત્ય ઘટના આધારિત કહાની

### સોબત... હંમેશાં ઉચ્ચ વિચારોવાળાની કરો....

આલ્બર્ટ આઈન્સ્ટાઈનની "Theory of Relativity" ખૂબ જ પ્રસિદ્ધ થઈ. એટલે તેના વિશે લેક્ચર આપવા માટે આમંત્રણ મળવા લાગ્યા... આલ્બર્ટ આઈન્સ્ટાઈન હંમેશાં ગાડી લઈને જતા અને ડ્રાઈવર સાથે રાખતા. લેક્ચર દરમિયાન ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈનને સાંભળતો.

એક દિવસ ડ્રાઈવરે આઈન્સ્ટાઈનને કહ્યું કે તમારી થિયરી એટલી સરળ છે કે હું પણ એના વિશે પ્રવચન કરી શકું. મેં એટલી વાર સાંભળી છે કે તમારા પ્રવચનનાં દરેક શબ્દો મને યાદ રહી ગયા છે. ત્યારે ગુસ્સે થવાને બદલે આઈન્સ્ટાઈન ખુશ થયા કે એમની થિયરી એટલી સરળ છે કે વિજ્ઞાનનું જરા પણ જ્ઞાન ન હોય એવા લોકો પણ એ સમજી શકે છે.

એ દિવસોમાં મીડિયા એટલું લોકપ્રિય હતું નહીં. એટલે બધા લોકો આઈન્સ્ટાઈનને ઓળખતા હતા પણ મોટાભાગના લોકો એમના ચહેરાથી અજાણ હતા.

એક દિવસ પ્રવચનમાં જતી વખતે આઈન્સ્ટાઈને એના ડ્રાઈવરને કહ્યું કે આજે મારી જગ્યાએ તારે પ્રવચન આપવાનું છે. ડ્રાઈવરે વૈજ્ઞાનિક જેવા કપડાં પહેરી લીધા અને આઈન્સ્ટાઈને ડ્રાઈવરના કપડાં પહેરી લીધા. બંને હોલમાં ગયા.

છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈન ડ્રાઈવરનું પ્રવચન સાંભળવા લાગ્યા. ડ્રાઈવરે એટલી કુશળતાથી "Theory of Relativity" સમજાવી કે કોઈને શંકા ગઈ નહીં.

અંતમાં પ્રશ્નોત્તરી થઈ. એમાં પણ ડ્રાઈવરે તમામ પ્રશ્નોના સાચા અને સચોટ જવાબ આપ્યા કારણકે મોટાભાગના પ્રશ્નો અગાઉના પ્રવચનોમાં પૂછાઈ ગયા હોય એ પ્રકારના જ હતા.

પરંતુ અંતમાં એક માણસે એવો સવાલ કર્યો કે ડ્રાઈવર મૂંઝાઈ ગયો. એ પ્રકારનો સવાલ અગાઉ ક્યારેય પૂછાયો હતો નહીં. ડ્રાઈવરને ચિંતા થઈ કે હવે શું કરવું? એને થયું કે જો બધાને ખબર પડી જશે કે આઈન્સ્ટાઈનની જગ્યાએ એનો ડ્રાઈવર પ્રવચન આપે છે તો સારું નહીં લાગે અને છાપ ખરાબ પડશે. માત્ર થોડી સેકન્ડ્સ વિચાર કરી, જરા પણ ગભરાયા વિના ડ્રાઈવરે પેલા ભાઈને જવાબ આપ્યો કે, 'તમારો સવાલ એટલો બધો સરળ છે કે મારો ડ્રાઈવર પણ એનો જવાબ આપી શકે. મારો ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેઠો છે. હું એને વિનંતી કરીશ કે તમારી સમસ્યાનું સમાધાન કરે.'

આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે પણ ડ્રાઈવરના જવાબથી આશ્ચર્યચકિત થઈ ગયા. આઈન્સ્ટાઈને પેલા માણસનો જવાબ ડ્રાઈવર બનીને આપ્યો અને કાર્યક્રમ નિર્વિઘ્ને પૂર્ણ થયો.

તમે કેવા પ્રકારની વ્યક્તિ સાથે રહો છો એ ઘણું મહત્ત્વનું છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવી વ્યક્તિ સાથે રહેવાથી એક અભણ ડ્રાઈવર પણ હોંશિયાર થઈ ગયો હતો. માણસની સોબત એના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે.

*અને છેલ્લે.... વિચારો શ્રેષ્ઠ જ હોવા જોઈએ*
*કારણકે*
*દૃષ્ટિનો ઈલાજ શક્ય છે, પરંતુ દૃષ્ટિકોણનો નહીં.*

***સમય આપણને શાણા બનાવે એ પહેલાં આપણે સમયસર શાણા બની જવું જોઈએ.***

સ્વાસ્થ્ય

# "મારા દીકરાને ભણવાનું મન થતું નથી" – (૪)
## (Adolescence Depressive Disease)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના ત્રણ લેખોમાં આપણે કિશોરાવસ્થામાં હતાશાની બીમારીના લક્ષણો તથા સારવાર વિશે જાણકારી મેળવી. કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે : (૧) ભણતરને લગતા, (૨) શારીરિક લક્ષણો, (૩) ઊંઘમાં ખલેલ, (૪) વર્તણૂંકને લગતા, (૫) મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

સારવારમાં (૧) હતાશા પ્રતિરોધક દવાઓ તથા (૨) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ (અ) શારીરિક કસરત, (બ) નિયમિત સપ્રમાણ ઊંઘ, (ક) પૌષ્ટિક આહાર, (ડ) રમતગમત તથા અન્ય શોખ કેળવવા વિશે માહિતી મેળવી.

આ લેખમાં અન્ય સારવાર પદ્ધતિઓ વિશે જાણકારી મેળવીએ.

**૩. કાઉન્સેલિંગ :**

કાઉન્સેલિંગ એક વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે જેમાં હતાશાની બીમારી તરફ ધકેલનાર ખામીયુક્ત માનસિક અને સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળોની કિશોર જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. કાઉન્સેલિંગની આ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કિશોરને આ પરિબળો સમજાય છે. જેથી કિશોરના સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં જરૂરી પરિવર્તન કિશોર જાતે સક્રિય રીતે લાવે છે તથા વર્તણૂંકમાં પણ સક્રિય ફેરફારો થાય છે. આ સક્રિય પરિવર્તનોને લીધે હતાશાની બીમારી તરફ ધકેલનારા માનસિક તથા સામાજિક પરિબળોનો સામનો કરવા માટેનો યોગ્ય મનોબળ કેળવે છે. (Mental and Emotional Immunity)

કાઉન્સેલિંગની પદ્ધતિમાં ડૉક્ટર - દર્દી (કિશોર)નો સંબંધ મહત્ત્વનું પાસું છે. આ પદ્ધતિ ફક્ત વાતચીત કરવાની કે સલાહ આપવાની નથી. કાઉન્સેલર અલગ અલગ પદ્ધતિઓ દ્વારા કિશોરને (દર્દીને) પોતાનું મન મોકળું કરવા પ્રેરે છે. **કાઉન્સેલર ખુલ્લા મનથી કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર કિશોરને સક્રિય રીતે સાંભળે છે.** કિશોરને મનમાં દબાવી રાખેલી દુઃખભરી, નકારાત્મક લાગણીઓ તથા પ્રસંગોને વ્યક્ત કરવા માટેનું વાતાવરણ ઊભું કરે છે. **કાઉન્સેલર કિશોરને સદ્‌ભાવપૂર્વક (Empathy) મિત્રની જેમ સમજવાનો પ્રયત્ન કરે છે.** સાથે સાથે કિશોરનો માનસિક ઉછેર, સ્વભાવ, ઘરનું માનસિક વાતાવરણ, પરિવારજનોના પરસ્પરનાં સંબંધો પણ તટસ્થપણે સમજવાની કોશિશ કરે છે.

કાઉન્સેલિંગના નિયમો છે તથા એની મર્યાદાઓ પણ છે. કાઉન્સેલરને વ્યવસાયિક તાલીમ મળેલી હોય છે. એ પોતે તટસ્થ રહે છે. પોતાની લાગણીઓ, પોતાના અભિપ્રાયો, ગમો અણગમો, કાઉન્સેલિંગની પ્રક્રિયામાં વચ્ચે ન આવે એની તકેદારી રાખવામાં આવે છે.

કાઉન્સેલર કિશોર (દર્દી) માટે થઈ કોઈ નિર્ણયો કરતા નથી. કિશોર જાતે સમજીને નિર્ણયો કરે છે તથા એ નિર્ણયોને અમલમાં મૂકવા પ્રયત્નો કરે છે.

બનેલા પ્રસંગો તથા કિશોરની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું પૃથક્કરણ કરવામાં આવે છે. નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર હકીકતનો સ્વીકાર કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબધો, અપેક્ષાઓ, લાગણીઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાઓનો હલ અલગ અલગ પદ્ધતિથી કેવી રીતે થઈ શકે તથા તત્કાલીન સંજોગો અને પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવામાં (Proper decision making) કાઉન્સેલર કિશોરને મદદ કરે છે. નિર્ણયો લીધા બાદ એમને અમલમાં મૂકવા (Positive action) મૂકવા માટેની પદ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવે છે. ફક્ત વાતો નહીં પરંતુ યોગ્ય ફેરફાર લાવવો તથા એ પ્રમાણે લાગણી (Feelings, emotions), દૃષ્ટિકોણ (Attitudes), વર્તન (Behaviour)માં ફેર ફાર કરવો એ મહત્ત્વનું છે. સાચા-ખોટાના તોલમાપ વગર વ્યવહારુક (practical aspect) બનવું જરૂરી છે, એ સિદ્ધાંતને નિર્ણય લેવામાં મહત્ત્વ આપવામાં આવે છે.

**૪. માતા-પિતા તથા વડીલોનો સાથ સહકાર :**

*"બાળક કિશોરાવસ્થામાં આવે ત્યારે એને તમારો મિત્ર*

*માણસને પારખવા રહીશું તો એમને ચાહવાનો સમય જ બાકી નહીં રહે.*

*બનાવો. કિશોરો તથા યુવાનોને તમારા જીગરી દોસ્ત બનાવો."*

*– ચાણક્ય, ઇ.સ. પૂર્વ ૩૫૦થી ૨૭૫*

અઢી હજાર વર્ષો પૂર્વે ચાણક્યે ઉપરોક્ત સિદ્ધાંત આપેલ છે. આજે પણ આધુનિક ડિજિટલ ૨૧મી સદીમાં પણ આ સિદ્ધાંત યોગ્ય છે. માતા-પિતા તથા વડીલો આ સિદ્ધાંતનો સમજણપૂર્વક, મનથી અમલ કરશે, પોતાના તરફથી પહેલ કરશે તો કિશોરોની માનસિક સમસ્યાઓ દૂર થશે.

માતા-પિતા તથા વડીલો પોતાનામાં નીચે પ્રમાણેના ફેરફારો કરશે તો કિશોરો અને માતા-પિતા વચ્ચેના સંબંધો સુમેળભર્યા, હૂંફાળા બનશે.

૧. **કિશોરોને જવાબદારી સોંપો :** ભણવા સિવાયની પણ જવાબદારીઓ કિશોરોને સોંપવી અગત્યનું છે. મનોચિકિત્સકના સૂચનો કિશોર પોતાની જાતે અમલમાં મૂકે, દવાઓ જાતે લઈ આવે, જાતે લઈ લે વગેરે. માતા-પિતા ધ્યાન રાખે કે કિશોર એ પ્રમાણે કરે છે કે નહીં.
એને બહારના કામ કરવા માટે વિનંતી કરો. પોતાની મરજીથી કિશોર કરે છે એમ એને લાગવું જોઈએ. કરેલા કામની યોગ્ય કદર કરો.

૨. **સલાહ સૂચનો ન આપો :** મોટાભાગના માતા-પિતા દૃઢપણે માને છે કે બાળકને તથા કિશોરને સલાહ આપવી, સૂચનો આપવા એ તેમની ફરજ છે. પરંતુ સૂચનો ક્યારે આપવા, કેવી રીતે આપવા, એ વખતે કિશોરનો મુડ કેવો છે, એ સૂચનો કિશોર કેટલું સમજ્યો છે, કિશોરને એ સૂચનો વિનંતી લાગે છે કે ઑર્ડર વગેરે મહત્ત્વના મુદ્દાઓ છે. જેના પર માતા-પિતાએ ધ્યાન આપવું જરૂરી છે.
માતા-પિતાના મનમાં શું છે એના કરતાં કિશોર માતા-પિતાની વર્તણૂંક, વાણી, સૂચનોનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે.
સલાહ સૂચનો બાબત મિત્રની જેમ ચર્ચા કરો, કિશોરને આ સૂચનોનું મહત્ત્વ એની ભાષામાં એની રીતે સમજાવો. જો કિશોર એ સમજશે તો સૂચનો અમલમાં મૂકશે. "અમે એના સારા માટે કરીએ છીએ." "અમે એનું નુકસાન નહીં કરીએ." વગેરે અર્થઘટન માતા-પિતાનું છે, કિશોરનું નથી. કિશોરને આ સૂચનો યોગ્ય નહીં લાગે, તો એ સૂચનો અમલમાં નહીં લાવે તથા ગેરસમજ વધી જશે.

૩. **વિનંતી કરો, ઑર્ડર નહીં :** "મારા માટે આ કામ કરી આપીશ?" એ પ્રમાણેની વિનંતી માતા-પિતા કરશે તો કિશોર રાજીખુશીથી કામ કરી આપશે. "મારા માટે પાણી ભરી આવીશ?" કહેવું વધારે મહત્ત્વનું છે, નહીં કે "પાણી ભરી આવ."
વિનંતી કર્યા બાદ કિશોર કામ કરી આપે તો યોગ્ય કદર કરવી જોઈએ. "આભાર" "થેંક યુ" વગેરે શબ્દો કિશોરને કામ કરવા માટે પ્રેરે છે.

૪. કિશોરને ધ્યાનથી સાંભળો.

૫. **કિશોરને એના મંતવ્યો રજૂ કરવા દો :** એના અભિપ્રાયોને મહત્ત્વ આપો. "તું નાનો છે, તને કાંઈ ખબર ન પડે. મને વધારે અનુભવ છે" વગેરે શબ્દો તથા વલણ કિશોરમાં નકારાત્મક ભાવના ઉત્પન્ન કરશે. જેથી હતાશાની બીમારીમાં વધારો થશે.

૬. બીજા જોડે એની સરખામણી ન કરો.

૭. **ગુણવત્તાભર્યો સમય ગાળો :** આ સમયમાં એને સમજવાનો પ્રયત્ન કરો. મિત્રની જેમ સંવાદ કરો. મિત્રની જેમ ચર્ચા કરો. એને અપમાન લાગે એવી વાણી કે વર્તણૂંક ન કરો.

૮. નિર્ણયો કરવા આપો.

૯. લીધેલા નિર્ણયો અમલમાં મૂકવા આપો.

૧૦. **પરિણામની ચર્ચા કરો :** કોઈ વખત જો નિર્ણય યોગ્ય ન લેવાયો હોય તથા ધારેલું પરિણામ ન મળે તો કિશોરને દોષિત ન માનો પરંતુ એક અનુભવ મળ્યો જેમાંથી શીખવા મળે છે.

ઉપરોક્ત વર્તણૂંકથી કિશોરમાં આત્મવિશ્વાસનો સંચાર થશે, જે સારવાર માટે ઉપયોગી છે.

- **સારાંશ :**

કિશોરાવસ્થામાં હતાશાની બીમારીનું પ્રમાણ વધતું જાય છે. યોગ્ય સમયે, યોગ્ય નિદાન કરી યોગ્ય સારવાર કરવાથી બીમારીને લીધે થતી ભણતર, વ્યક્તિત્વના વિકાસ તથા પરસ્પરના સંબંધો પરની નકારાત્મક અસરો ઘટાડી શકાય છે. ■

***જો આપણે ખોટા હોઈએ અને આપણે તે કબૂલીએ તો તેનો મતલબ એ થાય કે આપણે પ્રામાણિક છીએ. જો આપણને સાચા કે ખોટા હોવાની શંકા હોય અને તે કબૂલીએ તો આપણે ડાહ્યા છીએ. પરંતુ જો આપણે સાચા હોઈએ અને તેમ છતાં પણ આપણે કબૂલી લઈએ તો તેનો મતલબ એ થાય કે આપણે સંબંધ જાળવી રાખવાની કિંમત સમજીએ છીએ.***

*આપણે કહીએ છીએ કે સમય ચાલ્યો ગયો પરંતુ તે વાત ખોટી છે. ખરેખર સમય તો ત્યાં જ રહે છે પણ આપણે પસાર થઈ જઈએ છીએ.*

લઘુ કથા

## સાચું તો દરેકને સમજાતું હોય છે, પણ અફસોસની વાત એ છે કે 'સાચા સમયે સમજાતું નથી'



ભોલાભાઈ ગોલીબાર

સાત-આઠ વરસનો એક છોકરો સ્કૂલથી પાછો વળી રહ્યો હતો. રસ્તામાં એણે કૂતરાના બચ્ચાઓની દુકાન જોઈ. નાનકડા કૂતરાઓ જેને આપણે 'પપી' પણ કહીએ છીએ, એને એ છોકરો પ્રેમથી નિરખવા લાગ્યો. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, હું આ પપીને મારી સાથે લઈ જઈ શકું?' નાનકડા માસુમ છોકરાનો આ સવાલ સાંભળી દુકાનદારે મુસ્કુરાઈને કહ્યું, 'બેટા, આ બધા જ પપી વેચવા માટે રાખ્યા છે અને બધાની કિંમત છે.' છોકરાએ ખિસ્સામાં હાથ નાખી દસ રૂપિયાની નોટ કાઢી. પછી એણે નાનકડી ચડ્ડીના બીજા ખિસ્સામાંથી બીજા ચાર રૂપિયાના સિક્કા કાઢ્યા. એણે બધા પૈસા દુકાનદારને આપ્યા અને દુકાનદારને કહ્યું, 'મને એક પપી આપી દો.'

દુકાનદારે છોકરાના માથે હાથ ફેરવતા કહ્યું, 'દીકરા, આ બધા પપીની કિંમત તારા ૧૪ રૂપિયા કરતા વધારે છે.' આટલું કહી એણે બધા પૈસા છોકરાના ખિસ્સામાં નાખી દીધા. છોકરો નિરાશ થઈ ગયો. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, હું થોડીવાર આ બધાને જોઉં?' દુકાનદારે છોકરાને બધા પપીને જોવાની પરવાનગી આપી. છોકરો પાંજરા પાસે ઊભો રહી પપીઓની ધમાલ-મસ્તી જોવા લાગ્યો. અચાનક છોકરાની નજર પાંજરાના ખૂણામાં ચૂપચાપ બેઠેલા પપી પર પડી. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, આ પપી કેમ નથી રમી શકતો?' દુકાનદારે કહ્યું, 'દીકરા, આ પપીનો એક પગ નથી. એટલે એ નથી રમી શકતો.' આ સાંભળીને બાળકે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, આ પપીની કિંમત શું છે?' દુકાનદારે કહ્યું, 'એ પપી હું તને ૧૪ રૂપિયામાં આપી શકું છું. પણ એ પપી તો તારી સાથે રમી પણ નહીં શકે. તું આનું શું કરીશ?'

આ સાંભળી છોકરાએ પોતાના જમણા પગ પરથી પેન્ટને ઉપર સરકાવી. દુકાનદાર એ જોઈ સ્તબ્ધ થઈ ગયો. એ છોકરાનો એક પગ નહોતો. એને કૃત્રિમ સ્ટીલનો પગ લગાવેલો હતો. છોકરાએ દુકાનદારને કહ્યું, 'અંકલ, જેમ મારા દર્દને સમજનાર કોઈ નથી એમ એના દર્દને સમજનાર પણ કોઈ નથી. કદાચ અમે એકબીજાના દર્દને સમજી જીવનની ખુશીને શોધી લઈએ.'

આટલા નાનકડા બાળકના મોઢામાંથી આવી પરિપક્વ વાત સાંભળીને દુકાનદારની આંખમાં આંસુ આવી ગયા. તેણે એકપણ પૈસો લીધા વગર પપી એ બાળકને આપી દીધું.

★

દોસ્તો, થોડા સમય પહેલાં મને વૉટ્સએપ પર એક મેસેજ મળ્યો, જેનો અર્થ કંઈક એવો હતો કે, 'તમે બીજાના દર્દને એ સમજીને ન મહેસૂસ કરો કે તમે બીજાની મદદ કરી રહ્યા છો, પણ એ સમજીને મહેસૂસ કરો કે જીવન બહુ લાંબું છે. કાલે આપણને પણ આપણા દુઃખદર્દ વહેંચવા માટે કોઈકની જરૂર પડી શકે છે. એટલે આપણે બીજા માટે નહીં પણ પોતાના માટે બીજાના દર્દને સમજવા જોઈએ. એટલે આવું તમે પણ એકવાર કરી જુઓ, પછી જુઓ અંદરથી કેવી ખુશી મળે છે.

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KCI
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*દુઃખની અનુભૂતિ થયા પછીનું સુખ જ સારું લાગે છે જેમકે અંધકાર થયા પછી જ દીપ-દર્શન સારું લાગે છે.*

લઘુ કથા

# "લાઈક"

● ધીમંત પ્રાણશંકર ભટ્ટ - ગાંધીનગર ●

આજે ફરી મૃદુલા ઘણા વર્ષે જોવા મળી. જ્ઞાતિના અમુક કુટુંબના પ્રસંગમાં જ બહેનપણીના નાતે અગાઉ પણ દેખાતી રહેતી હતી. પરંતુ તેના પતિ સાથે હોવાથી બોલવાની હિંમત નહોતી થતી. માત્ર હાસ્યની આપ-લે થી પતી જતું.

ધીરેન જૂના વર્ષોના ભૂતકાળમાં સરી પડ્યો. ચંપા તથા મૃદુલા બે ખાસ બહેનપણીઓ. જો કે બંનેના વિષયો બી.એ.માં અલગ અલગ હતા. છતા એકબીજાના રહેણાંક વિસ્તાર નજીક હોવાથી કૉલેજ તો સાઈકલથી સાથે જ આવતી.

ધીરેનનો પણ વિષય બંનેથી અલગ હતો. તેમજ તેને નવી નવી નોકરી મળી હોવાથી તે કૉલેજમાં અનિયમિત હતો. બી.એ.ની ફાઈનલ પરીક્ષા આપી તેના મિત્ર સાથે ઘરે જવા નીકળ્યો ત્યારે ચંપા એકલી સાઈકલ લઈને નીકળવાની તૈયારી કરતી હતી. મૃદુલાનું આજે પેપર ન હતું. તેણે ચંપા સાથે જ સાઈકલ ચલાવતા, ચંપાને સીધો જ પ્રશ્ન કર્યો કે તારી બહેનપણી મૃદુલા મને ખૂબ જ ગમી ગઈ છે. તેની સાથે મિત્રાચારી તથા હાસ્યની જ આપ-લે થાય છે. પરંતુ તેના માતા-પિતા આંતરજ્ઞાતિય લગ્ન માટે તૈયાર થઈ શકે? તો હું વાત મૂકું. તારો શો અભિપ્રાય છે? ચંપાએ જરાક વિચાર કરી, મારી સામે જોયું અને તેના પિતા રૂઢીચુસ્ત છે. તે જ્ઞાતિબહાર લગ્નનો તો બિલકુલ વિચાર નહીં કરે. તેથી તું પણ તારી જ્ઞાતિમાંથી છોકરી પસંદ કરી ગોઠવાઈ જા. ધીરેન ખૂબ જ હતાશ થઇ ગયો અને મન મનાવી લીધું.

મૃદુલા હવે ક્યારેક કોઈ લગ્નપ્રસંગે અમારી જ્ઞાતિની વાડીમાં આવતી ત્યારે મળતી. તેને ચંપાએ મારી વાત કરી હતી પરંતુ તે મને હાસ્ય સાથે નકારમાં જાણે એ શક્ય નથી તેમ જણાવતી હોય તેમ ઈશારો કરી સરી જતી હોય તેવું લાગતું. પછી તો ક્યારેક મૃદુલા તો નહોતી મળતી પરંતુ તેની બહેનપણી ચંપા મળતી. ત્યારે મૃદુલાના લગ્ન થઈ ગયા હોઈ, તે સુખી છે કે કેમ? તેની જિંદગીમાં કોઈ મુશ્કેલી તો નથીને? તેમ પૂછી નાખતો. પરંતુ ચંપા હસીને કહેતી, તારી મૃદુલા હવે તારી નથી રહી. નાહકની ચિંતા શા માટે કરે છે? બસ, ખરેખર તે સુખી છે. તારી મૃદુલા અને તારો – બંનેનો મનોમન પ્રેમ સાચો છે પરંતુ ઈશ્વરને તે મંજુર નથી લાગતું ખરુંને? તેમ કહી ચંપા સરકી જતી. આજે વર્ષો પછી ફેઈસબુકમાં સર્ચ કરતાં, મૃદુલા મળી. તેના ફોટોગ્રાફ મળ્યા, જોયા. તે તેના કુટુંબમાં સુખી હતી. તે તેના કુટુંબ સાથે યાત્રા પ્રવાસ કરતી હતી. તેને મેં ફેઈસબુક મિત્ર તરીકે જોડી. અંતે હવે તે મને મારા ફેઈસબુકના સમાચારો વાંચી લાઈક કરે છે અને હું પણ તેના પ્રવાસનાં ફોટાઓ મૂકે તો તેને જોઈને લાઈક કરું છું. આ લાઈકથી અમે બંને રૂબરૂ મળ્યાનો આનંદ અનુભવીએ છીએ.

*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

*ચોખા જો કંકુ સાથે ભળે તો કોઈકના મસ્તક સુધી પહોંચી જાય અને જો મગ ભેગા મળે તો ખીચડીમાં ખપી જાય. તમે કોણ છો તેની મહત્ત્વતા કરતાં તમે કોની સાથે ભળેલા છો તે મહત્ત્વનું છે.*

Splendid

P & G Enterprise

Kitchenware, Household Products & Corporate Gifts

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com

• PACKED & MARKETED BY •

P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

## પુસ્તક પરિચય

- *પુસ્તકનું નામ : "ગાંધી : સનાતન ક્રાંતિકારી"*
- *લેખક : હરેશ ધોળકિયા*
- *પુસ્તક પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : સ્વયં લેખક, ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ, કચ્છ.*
- *મૂલ્ય : રૂા. ૧૦૦/-*

'જીવનમાં થોડા એવા લોકો આવ્યા, જેમના જીવન અને વિચારો લોહીમાં ઘૂસી ગયા છે' — આ શબ્દો છે કચ્છના લબ્ધ પ્રતિષ્ઠિત લેખક શ્રી હરેશભાઈ ધોળકિયાના, તેમના નવા પુસ્તક "ગાંધી : સનાતન ક્રાંતિકારી"ની પ્રસ્તાવનાના આરંભમાં. આમેય લેખક પોતે કચ્છના સાચા સમાજસેવક શ્રી કાંતિપ્રસાદભાઈ અંતાણીના ભાણેજ થાય. એટલે ગાંધી વિચાર તો તેમને ગળથુથીમાંથી જ મળેલા છે. એમાંય રાષ્ટ્રપિતા ગાંધીજીની સાર્ધ શતાબ્દીનું વર્ષ. એટલે જ હરેશભાઈએ પ્રસ્તુત પુસ્તક લખીને પિતૃઋણ અદા કર્યું છે એમ કહીએ તો ખોટું નથી.

અત્યાર સુધી ગાંધીજીને સત્યાગ્રહી, અહિંસાના પૂજારી, સાદગીના પ્રણેતા વગેરે જેવા તેમના ઉત્તમ ગુણોથી મૂલવાયા છે પણ અહીં એક નવા દૃષ્ટિકોણથી હરેશભાઈએ ગાંધીજીને દોર્યા છે. ગાંધી ક્રાંતિકારી ખરા, પણ સનાતન ક્રાંતિકારી છે. ગાંધીજીના ક્રાંતિકારી વિચારોની જે તે સમયે તો જરૂર હતી પણ આજે અને યુગો સુધી પણ આ જ ગાંધી વિચાર જ સનાતન બની રહેશે.

લેખકશ્રીએ ગાંધીજીને નિત્ય નૂતન બતાવ્યા છે. લેખક કહે છે "સત્ય પોતે જ સમયાતીત કાલાતીત છે. એટલે સત્ય આધારિત, પ્રેરિત વિચારો પણ સમયાતીત, કલાતીત જ હોય." નેતૃત્વના ગાંધીજીના ગુણોને વિશેષ રીતે દર્શાવ્યા છે. દીર્ઘદૃષ્ટા, ઉત્તમ સંગઠનકાર, વ્યુહાત્મક કૌશલ્ય, મેનેજમેન્ટ કૌશલ્ય, અભયતા, આત્મવિશ્વાસ, ઉદારતા અને રાષ્ટ્રીયની સાથે આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વના ગાંધીજીના શ્રેષ્ઠ નેતૃત્વનું પ્રમાણ છે.

'સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય ને જાત મહેનત, કોઈ અડે ના અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદ ત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા' — રાષ્ટ્રપિતાના આ અગિયાર સનાતન વ્રત દ્વારા લેખકે જીવનમાં શિસ્તનું ગાંધી મતે કેટલું મહત્ત્વ છે તે દર્શાવ્યું છે. આજના યુવાનોની જીવનશૈલી અને દૃષ્ટિકોણના ગાંધીજી પાસે ઉત્તર છે. દેશ અને વિદેશમાં આ મહામાનવની છાપ અનન્ય હતી એમ લેખકે સોદાહરણ બતાવ્યું છે. 'સ્વદેશી'નો આગ્રહ, આજના અર્થતંત્રના અનેક સવાલોનો ઉકેલ છે, એ વાત સૌએ સ્વીકારવી પડે.

અનેકવિધ વિષયો અને સાહિત્ય પ્રકારોથી સમૃધ્ધ એવા સો થી વધારે પુસ્તકો આપનાર અને કચ્છનું ગૌરવ વધારનાર લેખક શ્રી હરેશ ધોળકિયાએ પ્રસ્તુત પુસ્તક "ગાંધી : સનાતન ક્રાંતિકારી"ના ફક્ત સાત જ પ્રકરણ અને ૬૪ પાનામાં જ અખિલ ગાંધીને વાચક સમક્ષ મૂક્યા છે, એ તેમની સિધ્ધહસ્તતાની નોંધ લેવી ઘટે. લેખકને અવિરત લખતા રહેવાની શુભ કામના.

***પરિચય કર્તા : દિનેશ માંકડ - અમદાવાદ***

## ...બોલાવે છે

*ના દરદ બોલાવે છે ના મરદ બોલાવે છે,*
*અહીં તો પરિવાર પરોઢીયે પ્રભુના પદ બોલાવે છે.*
*અમેરિકાને દ્વારિકા વચ્ચે છે ફર્ક કેટકેટલો?*
*ત્યાં પરિષદ બોલાવે છે અહીં ઉપનિષદ બોલાવે છે.*

***અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ***

## દુનિયામાં અન્યત્ર ગુજરાતીઓનો વસવાટ

- યુ.એસ.એ.માં : ૧૫ લાખ.
- યુ.કે.માં : ૯.૫ લાખ
- ઓસ્ટ્રેલિયામાં : ૩.૫ લાખ.
- કેનેડામાં : ૩.૩ લાખ.
- આફ્રિકામાં : ૨.૫ લાખ.
- યુ.એ.ઈ.માં : ૨.૩ લાખ
- સિંગાપુરમાં : ૧.૫ લાખ
- સાઉદી અરેબિયામાં : ૮૫,૦૦૦
- ફ્રાંસમાં : ૭૦,૦૦૦
- ન્યુઝીલેન્ડમાં : ૫૫,૦૦૦

★ યુ.એસ.એ. અને યુ.કે.માં વિખ્યાત ભાષા ગુજરાતી પણ છે.
★ સ્પેનીસ પછી યુ.એસ.એ.માં સૌથી વધુ અન્ય ભાષા ગુજરાતી બોલાય છે.
★ મોટાભાગના ગુજરાતીઓ વ્યવસાયમાં છે. અમુક જ લોકો જોબ કરે છે.
★ ગુજરાતીઓ જ્યાં જ્યાં વસવાટ કરે છે ત્યાં શાંતિથી રહે છે.

***ઉપરોક્ત માહિતી ગૂગલ અને વીકિપીડિયાના સર્વે પરથી લેવામાં આવેલ છે.***

***(વૉટ્સએપ મેસેજમાં આવેલ સમાચાર)***

જબાન

# શબ્દબોધ

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૫)




તુલસી કંસારા

***Persona–non–grata*** = *પર્સોને-નૉન-ગ્રાટે* = *અસ્વીકાર્ય વ્યક્તિ, ન ખપતી વ્યક્તિ.*




લેટીન ભાષામાંથી ઉતરી આવેલ શબ્દ ત્રણ ભાગનો બનેલ છે જેમાં પર્સોના - વ્યક્તિ, નોન - ન અથવા અ, નકારાત્મકતા દર્શાવવા - અને ગ્રાટા - ખપતી કે સ્વીકાર્ય. નવજોતસિંઘ સિધ્ધુએ ભારતીય જનતા પાર્ટી છોડી ત્યારે જ કોંગ્રેસમાં ઘણી વ્યક્તિઓને તે સ્વીકાર્ય ન હતો અને ઈમરાનખાનને પાકિસ્તાનમાં મળી, બાજવાને ભેટ્યો ત્યારે તો સારાયે ભારતીયોના દિલમાં તે અસ્વીકાર્ય બની ગયેલ તેમજ તેના વર્તનને કારણે તેની જ પાર્ટીના પંજાબના ચીફ મિનિસ્ટર કેપ્ટન અમરીંદરસિંઘે જ્યારે તેની મિનિસ્ટરશીપમાંથી હકાલપટ્ટી કરી ત્યારે તેની 'ન ઘરકા, ન ઘાટકા' જેવી હાલત થઈ. આમ તો મોટેભાગે આ શબ્દ 'પરસોના-નોન-ગ્રાટા' ડિપ્લોમેટ માટે ખાસ વપરાય છે. જ્યારે એક દેશમાંથી અન્ય દેશના રાજદ્વારી પ્રતિનિધિ, જેવા કે એમ્બેસેડરને કોઈપણ કારણસર હાંકી કાઢવામાં આવે ત્યારે આ કારણ આપવામાં આવે છે. પરંતુ કોઈપણ ગ્રુપ કે પાર્ટી વિરુધ્ધ જ્યારે કોઈ સભ્ય એવું વર્તન કરે કે જ્યારે તે અસ્વિકાર્ય બની જાય, તેના માટે પણ આ શબ્દ વપરાશમાં છે.

***Prosecution*** = ***પ્રોસીક્યુશન*** = *ફરિયાદ (માંડવી તે), ફરિયાદ પક્ષ, આગળ ચાલુ રાખવું તે.*




પ્રોસીક્યુટો મૂળ લેટીન ભાષાનો શબ્દ. જેમાંથી અંગ્રેજીમાં બન્યો પ્રોસીક્યુશન. પ્રોસીક્યુટોનો મતલબ થતો કોઈપણ કામને આગળ ધપાવવું, તેનો અંત ન આવે ત્યાં સુધી મચ્યા રહેવું, આગળ ચાલુ રાખવું. અંગ્રેજીમાં આ શબ્દનો અર્થ મોટેભાગે 'કાનૂની પ્રક્રિયા માટે કરવામાં આવતી ફરિયાદ' થાય છે. મહદ્ અંશે ફોજદારી ગુનાઓમાં ફરિયાદી પણ સરકાર હોય છે અને તેના વતી કાયદેસર કાનૂની પ્રક્રિયા આગળ વધારનાર સરકારી વકીલને પ્રોસીક્યુટર કહેવામાં આવે છે. આવા જ ઉચ્ચાર અને જોડણીમાં સહેજ ફેરફાર સાથેનો શબ્દ છે ***Persecution*** = પર્સિક્યુશન = જેનો મતલબ સિતમ, જુલમ, પીડન, દમન, ત્રાસ આપવો, દુઃખ દેવું, સતામણ, વિ. થાય છે.

***R.S.V.P.*** = ***આર.એસ.વી.પી.***




આ ટુંકાવેલા શબ્દ ફ્રેંચ ભાષાના '***repondez s'il vous plait***' રિપોન્ડ્ઝ સીલ વોસ પ્લેઈટનો અર્થ થાય છે : મહેરબાની કરીને જવાબ આપશો. જે સામાન્ય રીતે કોઈ આમંત્રણ પત્રિકામાં છેડે લખવામાં આવે છે કારણકે જેને આમંત્રણ મળેલ છે તે મહેમાન પ્રસંગમાં આવનાર છે કે નહીં તેની અગાઉથી યજમાનને ખબર પડે. જેથી તે યોગ્ય વ્યવસ્થા કરી શકે. હાલમાં જ મેં એક નાની પાર્ટી રાખેલ જેમાં આ શબ્દનો ઉપયોગ કરેલ અને આશરે વીસ-પચ્ચીસ મહેમાનોમાંથી માત્ર એક જ જણે ફોન કરીને પોતે આવશે તેવું જણાવેલ. અને ખરી મજા તો ત્યારે થઈ કે આ જ વ્યક્તિ, જેને આર.એસ.વી.પી. શબ્દના મહત્ત્વની ખબર હતી, તેજ ન આવી!! ■

## હાઈકુ

ખંડેર ખર્યું
પ્રાચીન વિચારમાં
કંઇ દટાયું!

સાચી ઘટના
દટાઈ ગઈ છે ને
નવા કુસુમે.

જિંદગી હવે
મુકાબલામાં વિતે
આભાસ પીને!

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

# ખૂબ જ અગત્યની જાણકારી

## સંખ્યા અને નંગ

- ૧૨ નંગ = ૧ ડઝન
- ૧૪૪ નંગ = ૧ ગ્રોસ
- ૧૨ ડઝન = ૧ ગ્રોસ
- ૨૦ નંગ = ૧ કોડી
- ૧ રીમ = ૫૦૦ કાગળ
- ૧ રીમ = ૨૦ ઘા

## વજન

- ૧ પાઉન્ડ (રતલ) = ૦.૪૫ કિ.ગ્રા.
- ૧ કિ.ગ્રા. = ૨.૨૧ પાઉન્ડ
- ૧ ગ્રામ = ૧૦૦૦ મિલિગ્રામ
- ૧ ક્વિન્ટલ = ૧૦૦ કિલોગ્રામ
- ૨૦ કિ.ગ્રા. = ૧ મણ
- ૧ ટન = ૧૦૦૦ કિલોગ્રામ
- ૧ તોલા = ૧૧.૬૬ ગ્રામ
- ૨૦ મણ = ૧ ખાંડી
- ૫ મણ = ૧ ગુણી

## અંતર

- ૧ ઈંચ = ૨.૫૪ સે.મી.
- ૧૦ મિલિમીટર = ૧ સેન્ટીમીટર
- ૧ મીટર = ૩૯.૩૭ ઈંચ
- ૧ ચો.ફુટ = ૯૨૯ ચો.સેમી.
- ૧ ફુટ = ૩૦.૪૮ સે.મી.
- ૧૦ સેમી = ૧ ડેસીમીટર
- ૧૦ મીટર = ૧ ડેકામીટર
- ૧ વાર = ૩ ફુટ
- ૧ માઈલ = ૧૬૦૯ મીટર
- ૧ માઈલ = ૧.૬૧ કિ.મી.

## પ્રવાહી માપ

- ૧ લીટર = ૧૦૦૦ મિલિ લીટર
- ૧૦૦૦ લીટર = ૧ કિલો લીટર
- ૧ કિલો લીટર = ૧ ઘન મીટર
- ૧ ગેલન = ૪.૫૪૬ લીટર
- ૧ લીટર = ૦.૨૨ ગેલન

## સમય

- ૬૦ વિપળ = ૧ પળ
- ૬૦ પળ = ૧ ઘડી
- ૨.૫ પળ = ૧ મિનિટ
- ૧ ઘડી = ૨૫ મિનિટ
- ૨.૫ ઘડી = ૧ કલાક
- ૩ કલાક = ૧ પહોર
- ૬૦ વિકલા = ૧ કલા
- ૬૦ કલા = ૧ અંશ
- ૮૦૦ કલા = ૧ નક્ષત્ર
- ૨૦૦ કલા = ૧ નવાંશ
- ૩૦ અંશ = ૧ રાશિ
- ૬૦ અંશ = ૧ ચક્ર
- ૧ સેકન્ડ = ૧૫ વિકલા
- ૪ સેકન્ડ = ૬૦ વિકલા
- ૪ મિનિટ = ૧ કલા
- ૧ કલાક = ૧૫ અંશ
- ૨ કલાક = ૧ રાશિ
- ૨૪ કલાક = ૩૬૦ અંશ

## કેટલા ગણું

- ડેકા = દસ ગણું
- હેક્ટો = સો ગણું
- કિલો = હજાર ગણું
- મેગા = દસ લાખ ગણું
- જીગા = અબજ ગણું
- ટેરા = હજાર અબજ ગણું
- પેટા = દસ લાખ અબજ ગણું

## કેટલા ભાગનું

- ડેસી = દસમા ભાગનું
- સેન્ટી = સોમાં ભાગનું
- મિલી = હજારમાં ભાગનું
- માઈક્રો = દસ લાખમાં ભાગનું
- નેનો = અબજમાં ભાગનું
- પેકો = હજાર અબજમાં ભાગનું
- ફેમટો = દસ લાખ અબજમાં ભાગનું
- એટ્ટો = અબજ અબજમાં ભાગનું

## જમીનના - કદના માપનું કોષ્ટક

- ૧ એકર = ૪૦ ગુંઠા
- ૧ એકર = ૪૮૪૦ ચો.વાર
- ૧ એકર = ૪૩૫૬૦ ચો.ફૂટ
- ૧ એકર = ૦.૪૦૪૭ હેક્ટર
- ૧ એકર = ૨.૫ વીઘા
- ૧ વીઘા = ૧૬ ગુંઠા
- ૧ વીઘા = ૧૭૪૨૪ ચો.ફૂટ
- ૧ હેક્ટર = ૬.૨૫ વીઘા
- ૧ ગુંઠા = ૧૦૧.૨ ચો.મીટર
- ૧ ગુંઠા = ૧૨૧ ચો.વાર
- ૧ ગુંઠા = ૧૦૮૯ ચો. ફૂટ
- ૧ મીટર = ૧૦૦ સે.મી.
- ૧ મીટર = ૩.૨૮ ફૂટ
- ૧ મીટર = ૩૯.૩૭ ઈંચ
- ૧ મીટર = ૧.૧૯૬ વાર
- ૧ ચો.મીટર = ૧૦.૭૬ ચો.ફૂટ
- ૧ વાર = ૩ ફૂટ
- ૧ વાર = ૦.૯૧૪૪ મીટર
- ૧ ચો.વાર = ૯ ચો.ફૂટ
- ૧ ફૂટ = ૦.૩૦૪૮ મીટર
- ૧ ઈંચ = ૨૫.૩ મિ.મિ.
- ૧ મીટર = ૧૦૦૦ મિ.મિ.
- ૧ ગજ = ૨ ફૂટ
- ૧ ગજ = ૦.૬૧ મીટર
- ૧ કડી = ૨ ફૂટ
- ૧ કડી = ૦.૬૧ મીટર
- ૧ સાંકળ = ૧૬ કડી
- ૧ સાંકળ = ૧૦.૦૬ મીટર
- ૧ સાંકળ = ૩૩ ફૂટ
- ૧ કિ.મી. = ૧૦૦૦ મીટર
- ૧ કિ.મી. = ૦.૬૨૧૫ માઈલ
- ૧ માઈલ = ૧૬૦૯ મીટર
- ૧ કિ.મી. = ૩૨૮૦.૮૦ ફૂટ
- ૧ ફલાંગ = ૬૬૦ ફૂટ
- ૧ ફર્લાંગ = ૨૦૧.૧૭ મીટર
- ૧ ઘનફૂટ = ૦.૨૮૩૧ ઘન મીટર
- ૧ ઘનમીટર = ૩૫.૩૧ ઘનફૂટ
- ૧ ઘન સેમી = ૧ સીસી
- ૧ સીસી = ૧ મિ.લિ.
- ૧ સીસી = ૧ ગ્રામ
- ૧ લીટર = ૧૦૦૦ સીસી
- ૧ ઘનફૂટ = ૧૦૦૦ સીસી
- ૧ ઘનફૂટ = ૬.૨૪ ગેલન
- ૧ ઘનમીટર = ૧૦૦૦ કિ.ગ્રા.
- ૧ ઘનફૂટ = ૬૨.૪ પાઉન્ડ
- ૧ વસા = ૧૨૮૦ ચો.ફૂટ
- ૧ વસા = ૧૧૮.૯૧ ચો.મી.
- ૧ એકર = ૩૪.૦૩ વસા
- ૧ વીઘા = ૨૦ વસા

***(વૉટ્સઍપ મેસેજના આધારે)***

---

*જે સત્યની આપણે શોધ કરી રહ્યા છીએ તે ચાર મુખ્ય વસ્તુઓ – પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી બનેલું છે.*

# પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો નવેમ્બર-૨૦૧૯નો અંક જોઈ ખરેખર ખૂબ આનંદ થયો. આમ તો નિરાંતે વાંચવાનો શિરસ્તો છે, પણ આ અંક એકી બેઠકે વાંચી જવાનો લોભ રોકી શક્યો નહીં. 'દૂધાળા પશુઓના ઘાસચારાના પ્રશ્ને કચ્છ સ્વાવલંબીત બની શકે' એ વિચાર શ્રી અશોકભાઈ મહેતાના સુંદર વિચારોનું પ્રતિબિંબ છે. એમના વિચારો ખરેખર સુંદર છે અને સમયને અનુરૂપ છે.

કચ્છના ભક્ત કવિશ્રી ચંદુભા જાડેજાના સ્મરણો રજૂ કરવા માટે શ્રી વી.જે. ઠાકર અભિનંદનને લાયક છે. કેમકે, મેરાઉમાં મારા નાનાભાઈ તલાટી હોતાં તે સમયે મારે ભાઇને મળવા અવારનવાર ત્યાં જવું પડતું હતું ત્યારે પૂ. ચંદુભાને મળવાનો મોકો મળતો હતો. એ ખરેખર સંત હતા. 'પાપ તારુ પરકાશ'ની વાત તો આપણે ત્યાં ઘરોઘરમાં જાણીતી છે. પરંતુ હાલના સંજોગોમાં થયેલું તેનું આલેખન પણ દાદ માંગી લે છે. સૌથી વધારે જો મન પર અસર કરી ગયો હોય તો તે છે હરેશ ધોળકિયાનો 'અદશ્ય પાત્રો-૧' વાળો લેખ. લેખકને ખાસ અભિનંદન. જ્યારે 'માનવ શરીરની અજાયબી'ની માહિતી અને લઘુકથા 'સ્વીકાર' પણ ખૂબ જ ગમી. લેખિકાને અભિનંદન.

આમ તો આખો અંક ખૂબ જ વાંચવાલાયક છે, પણ મારા મનમાં જે ઘર કરી ગયા છે એ અંગે લખનાર ઉપરના બધા કર્તાઓ અને અન્ય માહિતી લખનાર બધાને ફરીથી અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ, કચ્છ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

'કચ્છશ્રુતિ' મને ગમે છે. રસપ્રદ અને માહિતીપ્રદ કૃતિઓ આપવામાં આ સામાયિક અગ્રસર છે. ધન્યવાદ! મે-૨૦૧૯ અંકમાં જીના વીરેન શેઠ લિખિત કવિ કાન્તના કાવ્ય 'અતિજ્ઞાન'નું મનોહર રસદર્શન વાંચીને ખુશ થયો છું. આ ખંડકાવ્યમાં સરદેવની મનોવ્યથા અને ભવિષ્યમાં આવનાર મુશ્કેલીઓનું વેધક નિરૂપણ કર્યું છે. સંકલનકર્તા જીના શેઠને આ કાવ્યની યાદગાર સમીક્ષા માટે અભિનંદન! 'કચ્છશ્રુતિ' સામયિક પ્રતિ મારી હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશો.

*ઇશ્વરભાઈ પરમાર - અમદાવાદ*

★

'કચ્છશ્રુતિ' નિયમિત વાંચું છું. મારી કૃતિ - કાવ્ય રચના કે વાર્તાને સ્થાન મળે છે. આભાર. કચ્છ વિશે ઘણું જાણવા મળે છે. અગાઉના અંકોમાં વિજ્ઞાન વિશે, સંશોધન વિશે અતિ ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ છે. અંક સાચવી રાખવા જેવો છે. શ્રી હરેશભાઇ ધોળકિયાનું 'અદશ્ય પાત્રો-૧' ગમ્યું. વાંચનરસ જળવાતો રહેશે. એમનું 'નિયતિનું સંતાન' પણ ઉત્તમ પુસ્તક ગણાવી શકાય.

*રમીલાબેન મહેતા - ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

★

'કચ્છશ્રુતિ' નવેમ્બર-૨૦૧૯નો અંક કચ્છના રણનું દશ્ય કરાવતો નયનરમ્ય અંક છે. વિદ્વાન લેખક તંત્રીશ્રી અશોકભાઈ મહેતાનો લેખ કચ્છની ગ્રામ પંચાયત સ્થાપિત થયેલ ઉદ્યોગોનો વિકાસ થયેલ છે. દૂધાળા પશુઓના ઘાસચારાનો પ્રશ્ને કચ્છ સ્વાવલંબી બની શકે, નાગરિકો ક્ષમતા પ્રમાણે યોજનાને હાર્દિક આર્થિક સહકાર આપે તો દૂધાળા પશુઓના ઘાસચારાના પ્રશ્ને કચ્છ સ્વાવલંબી બની શકે. આ લેખના વાંચનથી ઘણું એવું જાણવા મળ્યું. કચ્છની ખનીજ સંપત્તિનો ફાળો, ચંદુભા જાડેજાના સંસ્મરણો, માનવ શરીરની અજાયબી, જેસલ તોરલનું લોકગીત, બોમ્બે સ્ટોક એક્ષચેન્જનો ઇતિહાસ વગેરે લેખો વાંચનમાં શ્રેષ્ઠ છે. 'કચ્છશ્રુતિ' માસિક ઉત્તરોત્તર પ્રગતિ કરે છે એ જાણી આનંદ થાય છે. તંત્રીશ્રી તથા સહયોગી કાર્યકરોને ધન્યવાદ. અભ્યાસપ્રદ માહિતીના લેખ 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થાય એ જરૂરી છે. જેથી વાંચનમાં જાણવાનું મળે એ અત્યારના સમયમાં જરૂરી છે.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

### નામકરણ વગરના નામી રસ્તા

આપણા દેશમાં વિવિધ રસ્તાઓને નામ આપવામાં આવે છે. શહેર કે ગામના રસ્તાઓના નામ નક્કી કરવા માટે નગરપાલિકા જાતજાતની પ્રક્રિયામાંથી પસાર થતી હોય છે. છેવટે નામ નક્કી થયા પછી જે તે રસ્તાઓના નામકરણ માટેના સમારોહ યોજાતા હોય છે અને રસ્તાના નામની તક્તીનું મહાનુભાવોના હસ્તે અનાવરણ પણ કરવામાં આવે છે.

આટલી વિધિઓ કર્યા પછી પણ જે તે રસ્તાઓ નક્કી થયેલા નામોથી ઓળખાતા હોતા નથી. ખુદ નગરજનોને પણ તે રસ્તાઓના નામની ખબર હોતી નથી. આવું ઘણા ગામો અને શહેરોમાં થતું હોય છે. બીજી બાજુ, કેટલાક રસ્તાઓ એવા પણ હોય છે જેના નામનું નામકરણ થયું ન હોવા છતાં નામ ધરાવતા

હોય છે. આવા કેટલાક નામી રસ્તા કચ્છના મુખ્ય મથક ભુજમાં પણ જોવા મળે છે.

દા.ત. ભુજનો છઠ્ઠી બારી રીંગ રોડ, અનમ રીંગ રોડ, સુહાગ રીંગ રોડ, પેરીસ બેકરી રોડ, હોસ્પિટલ રોડ, ઉપલી પાળ, કોલેજ રોડ, લાલ ટેકરી – આ બધા રસ્તા એવા છે જેના નામો વહીવટી તંત્રએ નક્કી નથી કર્યા પરંતુ આપોઆપ લોકજીભે ચડેલા નામો છે. આજ રસ્તાઓના સત્તાવાર નામો પણ છે પરંતુ તેની આમ જનતાને તો શું, કદાચ ટપાલતંત્રને પણ ખબર નથી હોતી.

આમ રસ્તાઓના નામનું નામકરણ ઘણીવાર રમૂજ ઉત્પન્ન કરાવતું હોય છે. સરકાર ઘણી વખત જૂના રસ્તાઓના નામ બદલી, નવા નામ નાખે છે. પરંતુ લોકો તો તેને જૂના નામે જ ઓળખતા હોય છે. કેટલાક રસ્તાઓના નામ મોટા રાજનેતાઓના નામ સાથે જોડાયેલા હોય છે પણ તેની કોઈને ખબર હોતી નથી. બીજી બાજુ જાણીતી દુકાન કે હોટલના નામે રસ્તા ચડી જતા હોય છે. કેટલાક રસ્તાઓના નામ ત્રણ - ચાર વખત બદલવામાં આવતા હોય છે પણ તે જૂના નામે જ ઓળખાય છે.

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*

★

## લુપ્ત થતી ભાષાઓ વિશે – કચ્છી બોલી

આજના ટી.વી. ન્યુઝમાં માનનિય શ્રી વડાપ્રધાનશ્રીએ 'મનકી બાત'ના અનુસંધાને પિથોરાગઢ ઉત્તરાંચલની ભાષા રંગ બોલીના ઉપક્રમે લુપ્ત થતી ભાષાઓને સાચવી લેવા માટે તેઓએ વધુને વધુ વાતચીત દ્વારા તેને જીવંત રાખવાનો અનુરોધ કર્યો. તેના અનુસંધાને હું મારૂં નમ્ર સૂચન મોકલી રહ્યો છું, જે કચ્છશ્રુતિના માધ્યમ દ્વારા આપ તેના અમલ માટે વિચારણા માટે મૂકશો તેવી આશા છે.

"કચ્છી બોલી" ભલે લિપી વિનાની, પરંતુ ગુજરાતી અને સિંધીની માસીયાઈ બહેન હોવા ઉપરાંત કચ્છની એક આગવી લઢણ, વિશેષતા તેમજ એક સંપૂર્ણ સંસ્કારની ભાષા છે. એને જીવંત રાખવા મારા નમ્ર સૂચનો છે, જે જણાવી રહ્યો છું.

૧. કચ્છી પરિવારો વધુમાં વધુ કચ્છી બોલીનો ઉપયોગ કરે તેવી ભલામણ.

૨. જેની માતૃભાષા કચ્છી છે તે કચ્છીમાં જ વાતચીત કરે તેવો આગ્રહ રાખવામાં આવે.

૩. કચ્છમાં બોલાતી ગુજરાતી ભાષી પરિવારો જેમકે કચ્છી કડવા પાટીદારો, જૈનો કે અન્ય જ્ઞાતિઓને પણ કચ્છી ભાષામાં બોલવાની વિનંતી સાથે પહેલ કરાવવી. જેથી કચ્છી માતૃભાષામાં બોલતા લોકો સાથે કચ્છીમાં વાતચીત કરી શકે.

૪. કચ્છી બોલીને પ્રોત્સાહિત કરવા ભલે લિપી ગુજરાતી હોય પરંતુ કાવ્યો, ટૂંકી વાર્તાઓ કે લઘુ કથાઓને પ્રોત્સાહન રૂપે ઈનામ કે બીજી રીતે કાંઈક વિચારી શકાય.

૫. કચ્છી ઉખાણાઓ 'પરૂલીઓ'ને કચ્છશ્રુતિમાં સિધ્ધહસ્ત જાણકારો દ્વારા એનો વિભાગ કે દર મહિને ૧૦થી ૧૨ એવા પરૂલીઓના અર્થ સાથે પહેલ કરી શકાય.

૬. તેજસ્વી તારલાઓમાં જેને ભાષામાં ખાસ કરીને ગુજરાતીમાં વધુ માર્કસ આવે તેને સ્પે. ઈનામરૂપે ભાષાને લોકભોગ્ય બનાવવા પહેલ કરવી જોઈએ. સાથે સાથે મને કચ્છી બોલીનું મહત્ત્વ સમજાવવું જરૂરી છે.

આ સિવાય એ બાબત સૂચનો મંગાવી કચ્છી બોલીને લોકભોગ્ય બનાવવા કોશિશ કરવા નમ્ર વિનંતી.

*બલવીરસિંહ જાડેજા- અમદાવાદ*


**Parbatbhai Patel**
**M. : 98240 62711**

**Shivam Packaging**

**Shiv Packing Industries**

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી**
**H.M., L.D., P.P. Bags**
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
**Ph. : (O) 25394011, 25394311**

## કચ્છરાજજી રણ ધરા તે સુરખાબ પંખી અચી વ્યા ને ભન્યા મેમાણ

રણોત્સવ પેલા પ્રવાસી પંખી અચી વ્યા ને ભન્યા મેમાણ
રંગ જમધો તડે રણોત્સવમેં અચીંધો માનવ મેરામણ

મેઘરાજજી કૃપાસે પાણીજે કારણ વડો રણ ભરી વ્યો છલોછલ
ખડીરજા વેરાણ રણજા પ્રેમી સુરખાબ પંખી કરીયેંતા કલબલ (૧)

રા'લાખેજા જાની સુરખાબ પંખીમેં ડીસો અજાઈ ભરલ પ્યાર
કચ્છરાજ જી ધરા તે સુરખાબ પંખી આય ખુશીજી ખીંકાર (૨)

કચ્છજા રણજો હી રણકાર કરીયેંતા ઈ જ આય ખડીરજો ધબકાર
રણોત્સવમેં સુરખાબ પંખી જ વડી નામના રખેંતા ઈજ ન્યાર. (૩)

કચ્છડો કામણગારો ને રણજા માડુ પ્રવાસીએંજી મેમાણી ધીલસે કરે
કચ્છી કલાગીરીસે ભનલ ભૂંગેમેં રોંધલ પ્રવાસીએંજો સ્વાગત કરે. (૪)

નવેમ્બર ઈનઈમેં રણોત્સવ શરૂ થીંધે પ્રવાસી અચીને ગાઈયેંધા ગુણગાન
રણોત્સવ કચ્છીયતજી આગવી તાસીર ધોરો રણ માનકારીને આન બાન શાન (૫)

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## ચલો આજ કુછ નયા કરેં

ચલો, આજ કુછ નયા કરેં
અંધેરેમેં ઉજાલા ભર દેં
ચલો, કિસીકે લિયે રોશની કરે...
ચલો આજ કુછ નયા કરેં...

દિયોંસે ઝગમગાએં ઘરોકોં
નકે દૂસરોં કે ઘરોમેં દિયા જલાયે
ઉસકેં ઘરોંમેં ભી રોનક લાદે...
ચલો આજ કુછ નયા કરેં...

ખૂબ ખાયા પીયા, જીભર કે જીએ
અબ ભૂખે બચ્ચોંકો હંસાયે...
ન કર ઉનકી ભૂખ મિટાયેં...
ચલો આજ કુછ નયા કરેં...

ફૂલોંકી લડીયોં સે ઘરોં કો સજાએં
પટાખે કી રોશનીમેં ખુશહાલ હુએ
ચલો, અપની ખુશિયાં ઉનકોભી બાંટે...
ચલો આજ કુછ નયા કરેં...

*રમીલા પી. મહેતા - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## હવે

જીવન મહીં સાચા વિચાર આવે હવે,
દુઃખ દર્દ જોઈને લાગણી થાય હવે.

કવિતા બને દુઃખ કોઈના જોઈ હવે
હૃદયોર્મિ મહીં કવિતા બને હવે.

હૃદયના દુઃખ હળવા કરવા કવિતા બને,
લાગણી ઠાલવવા માનવી આમતેમ ફરે.

દુઃખ 'દિલકશ' કવિતા હળવા કરે,
સાચી ભાવનાથી કવિતા બને.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## સ્વપ્નું

સ્વપ્નું આ જીવને ક્યાં ક્યાં દોરી જાય છે
બિહામણા સ્વપ્નાથી આપણું હૃદય ધબકી જાય છે.

ક્યારેક પીડા પાંગરે સ્વપ્નામાં તો ક્યારેક જીવ સહેલગાહે જાય છે
ક્યારેક થાય અનુભૂતિ એવી જાણે ચોમેર મહેલો રચાય છે

ભાવિમાં બનનારી ઘટના કોઈ સ્વપ્નું કહી જાય છે
સ્વપ્ના વડે ભાવિનું ભવિષ્ય ભખાઈ જાય છે.

અધૂરી ઈચ્છાઓ, આકાંક્ષાઓની પૂર્તિ સ્વપ્નામાં થાય છે
શ્રી હરિની આ અકળ લીલા ત્યારે જ આપણને સમજાય છે.

નિત્ય મૃત્યુ તો નિદ્રા છે જેમાં સ્વપ્નાનું સુખ સધાય છે
મહામૃત્યુ કેમ વર્ણવી શકાય? જ્યારે જીવ વિભ્રાંત થઈ જાય છે.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## મોં ન્યારેઓ આરીસે મેં!

### ડોસી જી ધાં ને દોષી જો એકરાર!

સઠ વરેંજી ડોસી રાવ ખણેતી
ફરિયાધ કરેતી ધાં સુણો!

મુંજો બોસ ચાલી વરે મોંધ
મું તે ભધકમ (દુષ્કર્મ) કેં વેં

મીડિયા જે પુછાણે બોસ ચે તો
ભો! ભનાવ ભનેઓ વો

પ્રપોઝ ઈનજો વો તડેં
હેડો તેરો મેણા હલેઓ વો.

વો 'હરિ' રાજીપે રાજીપો
હિ મામલો નાંય 'મી-ટુ' જો.

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - મસ્કા, તા. માંડવી, કચ્છ*

વિવિધતા

# ટાપલી દાવ

• તરલાબા આર. ચૌહાણ •

ધ્રુવીતાની આંખોમાં ઉજાગરાનો ભાર છે અને તેની મદિલી આંખોને અજંપો ઘેરી વળ્યો છે. બાલ્કનીની બારી નયનેશની રાહ જોવામાં ખુલ્લી રાખેલી. રાતભર ઝાકળ વરસતું રહેલું અને ગુલમહોરના પાંદડાને, ગરમાળના ફૂલોને ભીંજવતું રહ્યું. નયનેશ પણ માનશે, કે તેની યાદોમાં રાતભર સૂતી હોય તેમ લાગતું નથી. તેથી જ ચોમેરની હવા ભીંજાયેલી છે. રાતભર આંસુઓએ નયનેશને યાદ કરવામાં સાથ આપેલો છે. સવારના કોમળ કિરણો ફુટતા જ યાદો ઝાકળ બનીને હવામાં ઓગળી ગઈ. સંસ્મરણો ઓઝલ થઈ ગયા. શીતળ ઝાકળ ઠંડકની સાથે દાહક લાગે છે, સમગ્ર મનને દઝાડે છે. ચોમેર પ્રસરેલો શીતળ પવન ઝાકળ બિંદુઓ વચ્ચે અદ્યસ્નાતાની જેમ ભીંજાય તો છે, પણ નયનેશની હાજરી વગર ધ્રુવીનાના રોમેરોમમાં પ્રસરતી જાય છે. આંખોના અશ્રુ રેલાઈને ચહેરાને ભીંજવી તો દે છે પણ નયનેશની ગેરહાજરી તેને મિસ કરી દે છે. સંસ્મરણો, સંગતની યાદો, વિરહની અગનઝાળ એ બધું જ ધ્રુવીતાના કોમળ મનડાને કઠે છે. રંગત માણવાની મજા જ રુક્ષ, નીરસ બની જાય છે!

છતાય ધ્રુવીતાના નયન દાંપત્ય જીવનનો સ્નેહ ઝીલવા જરૂર મથે છે. તેના સ્મરણ વગરનું જીવન વેરાન રણ જેવું લાગે છે. છતાં પણ મૃગજળ પીતા પીતા તરસ છીપાવવાની મજા તો અનેરી બની જાય છે. પ્રેમ કરવામાં ખુમારી ભોગવવાની, સંવેદના સંસ્મરણોથી વિકસિત થઈને પ્રસરતી જાય છે. તેજ સ્તો પ્રેમના બીજનું આરોપણ છે. સ્નેહના બીજનું આરોપણ થાય છે. માટે પ્રકૃતિની કૃતિઓ લીલીછમ બને છે અને ચોતરફ લહેરાય છે. વહેતી લહેરખીથી પ્રેમની હયાતિનો સ્પર્શ થાય છે. તે પ્રેમનો સ્વીકાર બને છે. શબ્દોના સર્જનમાં પણ પ્રેમનો અર્થ ખળભળે છે. માટે જ તેનાથી ચોપાસનું વાતાવરણ જીવંત બની જાય છે અને રચના પણ તાલેવંત, માન્યવર બની જાય છે. અમૂલ્ય બની જવાનો ગુણ તો ગુણવાન વ્યક્તિત્વથી જ ખીલે છે, તેનો ઉઘાડ રમ્ય બને છે. સપનામાં પણ સંવાદિતાભર્યો સંવાદ ખીલે, તેજ સ્તો પ્રેમને મગરૂરી, ઝીંદાદિલીનું આવરણ ઓઢાડે છે. પ્રેમના અંકનની ઓઢણી જ તમારા જીવનની ઓળખ બનાવે છે. જીવનને કોરા કાગળની જેમ કોરું કટ રાખવું ન જોઈએ પણ દમદાર શબ્દોના અર્થોથી ભર્યુંભર્યું બનાવી દો. તેના કારમે જ રૂખા, શુષ્ક જીવનમાં પ્રાણ ફૂંકાશે.

રાતભર જાગી જાગીને રાગને સંકોરતા રહીને જોયેલી વાટ નકામી જતી નથી, પણ અંધકારને તે જાજરમાન બનાવી દે છે. પ્રેમની લાલ જાજમ પાથરવાથી જ ચોપાસની હવાનું સન્માન જળવાય છે. ફર્સ ઉપર ઉડતી બાઝેલી રજકણો પણ ગાઈ ઉઠતી હોય છે કે,

*ફર્સ પર તમારા પગલા પડ્યા ને,*
*હવા છમછમ ઝાંઝરીયા સંગ રણઝણે છે,*
*પડદાઓની હરફર તમારા આવવાનો ટકોરો પાડે ને*
*હરપળ હરખાતું તન-મન હવા સંગ ખણખણે છે.*

આંગણે ડગલા મૂકવા માટે લાગ કાંઈ જોવાનો ન હોય તેમ ધ્રુવીતા અકળાઈને નયનેશના ગાલે આસપાસ કોઈની હાજરીની નોંધ લીધા વગર હળવી ટાપલી લગાવે છે.

*૧૪-સી, પાર્થ સોસાયટી-૧,*
*વી.આર. નગર, સૃષ્ટિ પાર્ક પાછળ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૦૮૬ ૧૯૪૭૪*

## ભારતના મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજમ

***મહાન ભારતીય ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજમ દ્વારા મળેલ ગણિતના રસપ્રદ આંકડાઓ પર એક નજર ફેરવો. તેમની ગણિતના વિષયની હોંશિયારી માટે ખૂબ જ માન ઉપજશે.***

*આ અને આ પ્રકારના અનેક સમીકરણો તેઓએ રસપ્રદ રીતે બનાવેલ છે.*

૧ x ૮ + ૧ = ૯
૧૨ x ૮ + ૨ = ૯૮
૧૨૩ x ૮ + ૩ = ૯૮૭
૧૨૩૪ x ૮ + ૪ = ૯૮૭૬
૧૨૩૪૫ x ૮ + ૫ = ૯૮૭૬૫
૧૨૩૪૫૬ x ૮ + ૬ = ૯૮૭૬૫૪
૧૨૩૪૫૬૭ x ૮ + ૭ = ૯૮૭૬૫૪૩
૧૨૩૪૫૬૭૮ x ૮ + ૮ = ૯૮૭૬૫૪૩૨
૧૨૩૪૫૬૭૮૯ x ૮ + ૯ = ૯૮૭૬૫૪૩૨૧

૧ x ૯ + ૨ = ૧૧
૧૨ x ૯ + ૩ = ૧૧૧
૧૨૩ x ૯ + ૪ = ૧૧૧૧
૧૨૩૪ x ૯ + ૫ = ૧૧૧૧૧
૧૨૩૪૫ x ૯ + ૬ = ૧૧૧૧૧૧
૧૨૩૪૫૬ x ૯ + ૭ = ૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭ x ૯ + ૮ = ૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮ x ૯ + ૯ = ૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯ x ૯ + ૧૦ = ૧૧૧૧૧૧૧૧૧૧

વિવિધતા

# પ્રસંગની પ્રણાલિકા



ભાવના એ. ઝવેરી

આપણે ત્યાં પ્રસંગ આવે છે. આપણે તેને માણીએ પણ છીએ. પણ તેની શરૂઆત બહુ પહેલેથી જ થઈ ગઈ હોય છે. આજની ગેમ પણ કાંઈક એવી જ છે. શરૂઆત ક્યાંથી થઈ અને અંતમાં શું? તેને લગતા શબ્દો આડાઅવળા થઈ ગયા છે. તો તમે મને ચોક્કસ મદદ કરશો જ. નીચે શબ્દો આપેલા છે. આ શબ્દોમાંથી તમારે પ્રસંગની શરૂઆતથી પ્રસંગના અંત સુધીના શબ્દો તમારી સમજ પ્રમાણે લખવાના છે. (સમય : ૧૦ મિનિટ)

સમૂહર્તા
સંપીને રહેવું
એકબીજાને સેટ થવું
હસ્તમેળાપ
રસમ
આકર્ષણ
સગાઈ
સાત ફેરા
રીંગ સેરેમની
લગ્નની કંકોત્રી
વિદાય
માંડવા
લગ્ન
સંપીને રહેવું
રોમાંસ
ગણેશપૂજન
વોટ્સએપ-ફેસબુક
જયમાલા
મંત્રોચ્ચાર
ગઠબંધન
સિંદૂર
સાંજીના ગીત
મંગલસૂત્ર
છેડછાડ
મીઠી તકરાર
રૂપિયો નાળિયેર
મહેંદી
એકબીજાને પસંદ કરવા
લગ્નના ગીત
હનીમુન



વિનર કોણ? સમય પ્રમાણે જેના વધુ નામ સાચા લખાયા હોય તે ક્રમવાર ૩ વિનર જાહેર કરવા. જેનો ક્રમ ખોટો લખાયો હોય ત્યારબાદના શબ્દો કાઉન્ટ નહીં થાય.

**<u>નોંધ</u>** : આપેલી ગેમના શબ્દો મેં મારી રીતે લખેલા છે. બધાના રીત-રિવાજ કે પ્રણાલિકામાં ફેરફાર હોય છે. તમે તમારી મુજબ શબ્દોનું લીસ્ટ તૈયાર કરી આ ગેમ રમાડી શકો છો. આ ગેમ સાંજીમાં, સમૂહર્તામાં કે મેરેજની આપેલી પાર્ટીમાં રમાડી શકાય.

***આશા છે કે તમને આ ગેમ રમવી ગમશે.*** *(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## અનામત - આરક્ષણ

*કોઈ પણ દેશનો બોમ્બથી વિનાશ કરવો શક્ય નથી. દા.ત. જાપાન.*

*કોઈ દેશનો અનેક વર્ષો સુધી અત્યાચાર કર્યા પછી પણ તેનો વિનાશ કરવો શક્ય નથી. દા.ત. ઈઝરાયેલ*

*પરંતુ કોઈ પણ દેશનો વિનાશ કરવો હોય તો કોઈ પણ પ્રકારની અનામત - આરક્ષણ યોજના દાખલ કરી દો કે જેથી અયોગ્ય વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર આવી જાય અને સ્વયં રીતે એ દેશ વિનાશ તરફ ધકેલાઈ જાય.*

*સત્ય એક મશાલ છે, જે ધુમ્મસને વિખેરી નાખ્યા વિના પણ તેની વચ્ચે ઝળહળે છે.*

# શબ્દ શોધ : ૯૦

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | |
| ■ | | ■ | ૭ | | | ■ | | ■ |
| ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | | ૧૧ |
| | ■ | ૧૨ | ૧૩ | | ૧૪ | | ■ | |
| ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ |
| ૨૩ | | | ■ | ■ | ■ | ૨૪ | | ૨૫ |
| | ■ | ■ | ૨૬ | | ૨૭ | ■ | ■ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | |

## આડી ચાવીઓ

૧. એક દૂધાળું પ્રાણી (૨)
૩. નીચ, નઠારું (૩)
૬. આમીર ખાન અભિનીત કઈ ફિલ્મની ગુજરાતમાં રીલીઝ વખતે વિરોધ થયો હતો? (૨)
૭. જમવું એ, ભોજન (૩)
૮. મોં, ચહેરો (૩)
૧૦. હિમાલયના જે શિખરમાંથી ગંગા નીકળી આવે છે તે શિખર (૩)
૧૨. એક અભિનેત્રી (૫)
૧૫. ક્રિકેટનો એક જાણીતો શબ્દ (૨)
૧૭. "ગાજ _____ " (૩)
૧૮. પોલીસ થાણું (૨)
૧૯. બોધ, સાર, પાઠ (૩)
૨૧. ટીલું (૩)
૨૩. આંખનું મટકું (૩)
૨૪. અંધારું (૩)
૨૬. એક રાશિ (૩)
૨૮. ગણેશજી (૪)
૨૯. એક ફળ (૪)

## ઊભી ચાવીઓ

૨. નક્કર, ગાઢ, ઝીણવટપૂર્વક (૩)
૩. પરમેશ્વર, પરમાત્મા, બ્રહ્મા (૨)
૪. ધમધમવાની ક્રિયા (૫)
૫. વજનનું એક એકમ (૨)
૬. " _____ ફુટવો" એટલે નવી બાબતે કે પ્રસંગ ઊભો થવો (૩)
૮. ભાટિયા જ્ઞાતિની એક અટક (૩)
૯. રક્તવાહિની (૨)
૧૦. એક પવિત્ર નદી (૨)
૧૧. બ્રાહ્મણોની એક અટક (૩)
૧૩. "_____ ઝબક" એટલે દેખાય ન દેખાય એમ આછા ઝબકારા થાય એમ (૩)
૧૪. ઢાળ, નમન, નમસ્કાર (૩)
૧૬. કુળ, વંશ (૩)
૧૮. દાળ, શાક વિ.માં ખટાશ માટે વપરાય છે (૩)
૨૦. બગલો (૨)
૨૨. હેવા, ટેવ (૨)
૨૩. સૂવા માટે વપરાય (૩)
૨૫. સિધ્ધ, ફતેહમંદ, સાર્થક (૩)
૨૬. "_____ હોય તો માળવે જવાય" (૨)
૨૭. પરવાનગી (૨)

## શબ્દશોધ : ૮૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | વા | મા | ■ | વ | ■ | ગ | દા | ■ |
| નૂ | ત | ન | વ | ર્ષા | ભિ | નં | દ | ન |
| પુ | ■ | ■ | ળ | ■ | ક્ષ | ■ | ■ | ચ |
| ર | વે | શ | ■ | લા | ■ | કં | ગ | ન |
| ■ | ■ | મા | ન | વા | ચ | ક | ■ | ■ |
| સ | ત્યા | ■ | વા | ■ | ક | ■ | ન | ક |
| લા | ■ | ■ | બ | ક | રી | ■ | ■ | છ |
| મ | લા | જો | ■ | મા | ■ | હ | ર્ષા | શ્રુ |
| ત | ■ | ગાં | ધી | ન | ગ | ર | ■ | તિ |

## શબ્દ શોધ : ૮૯નો ઉકેલ મોકલાવનારના નામ

- વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ - ગાંધીનગર
- કાવ્ય બિહાંગ અંતાણી - ગાંધીનગર
- મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ
- અશોક મહેતા - ભુજ, કચ્છ

*કોઈ વ્યક્તિને હરાવીને નીચું પાડવું એ સફળતા નથી; પણ કોઈ વ્યક્તિને સન્માન આપી, જીતી લેવી એ જ સાચી સફળતા છે.*

*જેને બધી વાતોએ સંતોષ છે તે જ સાચો ધનવાન.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ બોપલ ખાતે એક નવું મેડિકલ સેન્ટર ઓપન કરવા જઈ રહેલ છે. તેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પધારવા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ સમૂહ ભોજન લઈ સૌ છૂટા પડીશું.

***કાર્યક્રમ અને સ્થળની વિગત નીચે મુજબ છે :***

- *તારીખ : રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦*
- *સમય : સવારમાં ૧૦ કલાકે*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત*
  *નવનીત મેડિકલ સેન્ટર અને*
  *દીપ ફાઉન્ડેશન્સ મેડિકલ ચેક-અપ સેન્ટર*
  ગાલા હબ એનેક્ષ, બીજો અને ત્રીજો માળ, ગાલા જીમખાના પાસે, બોપલ, અમદાવાદ

***ઉપરોક્ત કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા નીચે મુજબના મહાનુભાવોએ સહમતિ આપેલ છે.***

| | | |
|---|---|---|
| *શ્રી ચંદ્રકાંત ગોગરી* | *આરતી ગ્રુપ* | *મુંબઈ* |
| *શ્રી મૂકેશભાઈ ઝવેરી* | *જાહેર અગ્રણી* | *ભુજ* |
| *શ્રી હરીશભાઈ રંગવાલા* | *હર્ષા એન્જિનિયર્સ* | *અમદાવાદ* |
| *શ્રી મેઘજીભાઈ પટેલ* | *પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ* | *અમદાવાદ* |
| *શ્રી દીપકભાઈ ભેદા* | *બિલ્ડર અને સામાજિક કાર્યકર* | *મુંબઈ* |
| *શ્રી બિપીન કાનજી જૈન* | *અગ્રણી* | *મુંબઈ* |
| *શ્રી વલ્લભજી ભાણજી ગડા* | *બિલ્ડર* | *મુંબઈ* |
| *શ્રી હિતેશ મોતા* | *અગ્રણી અને કાર્યકર* | *મુંબઈ* |
| *શ્રી નયન ભેદા* | *અગ્રણી અને સામાજિક કાર્યકર* | *મુંબઈ* |

આપશ્રીને આ કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**પ્રદીપ મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**અગત્યની હકીકત :**

સવિનય જણાવવાનું કે બોપલ ખાતેની તેની સ્કીમ ગાલા હબ એનેક્ષમાં બીજે અને ત્રીજે માળે ૬,૨૦૦ ચો.ફુટ કાર્પેટ એરીયા જેટલી જગ્યા નવનીત ફાઉન્ડેશને ૨૦ વર્ષના ભાડા પટ્ટે, વાર્ષિક રૂા. ૧૦૧/-ના ભાડાથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને મેડિકલ સેન્ટરની સ્થાપના કરવા ફાળવેલ છે. તદુપરાંત રૂા. ૧.૫૦ કરોડનું ડોનેશન પણ આપેલ છે. એ જ રીતે

*આમ તો સંતોષ કડવું વૃક્ષ છે પણ તેના ફળ અત્યંત મધુર અને હિતકર છે.*

ત્યાં મેડિકલ ચેક-અપ સેન્ટર ઊભું કરવા દીપ ફાઉન્ડેશનને રૂા. ૧.૦૦ કરોડનું ડોનેશન આપેલ છે. આ સાથે બંને દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે.

બાકીના ખર્ચને પહોંચી વળવા સમાજે નીચે મુજબની સ્કીમનું આયોજન કરેલ છે કે જેમાં ઉત્સાહભેર ભાગ લેવા દરેક કચ્છી પરિવાર અને અન્ય પરિવારને પણ આમંત્રિત કરવામાં આવે છે.

***સ્કીમ નીચે મુજબ છે :***

**ગાલા હબ એનેક્સના ત્રીજા માળ પર**

- *પેથોલોજી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *એક્સ-રે વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *સોનોગ્રાફી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *ફિઝિયોથેરાપી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *ડેન્ટલ વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૧૧.૦૦ લાખ*
- *આઈ ઑપરેશન માઈનોર ઑપરેશન થિયેટર પર નામ મૂકવાના : રૂા. ૧૫.૦૦ લાખ*
- *ત્રીજા માળના રીસેપ્શન વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૧૧.૦૦ લાખ*
- *ઓ.પી.ડી. કન્સલ્ટિંગ વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૫.૦૦ લાખ (અપાઈ ગયેલ છે)*
- *જનરલ વોર્ડ પર નામ મૂકવાના : રૂા. ૫.૦૦ લાખ (અપાઈ ગયેલ છે)*
- *સન્માનનીય દાતા તરીકે બોર્ડ પર નામ મૂકવાના : રૂા. ૨.૫૧ લાખ (દરેક નામના)*
  *(વધુમાં વધુ ૨૫ નામ લેવામાં આવશે.)*

*ઉપરોક્ત યોજનામાં હોંશભેર ભાગ લેવા દરેક કચ્છી પરિવારને આમંત્રિત કરવામાં આવે છે.*

**પ્રદીપ મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ ઝોન પ્રેરિત સમૂહ લગ્ન આયોજન સમિતિ આયોજિત નવમ્ સમૂહ લગ્નોત્સવ હર્ષોલ્લાસથી સંપન્ન

તા. ૧૦-૧૧-૨૦૧૯ને રવિવારે તુલસી વિવાહના રોજ ઉમિયા માતાજી કેમ્પસ - સોલા મુકામે અમદાવાદ ઝોન પ્રેરીત સમૂહ લગ્ન આયોજન સમિતિના શ્રી નરસિંહભાઈ સાંખલાના અધ્યક્ષ સ્થાને ભવ્યાતિભવ્ય રીતે હર્ષોલ્લાસના વાતાવરણમાં સંપન્ન...

સવારના પહોરમાં ઘડિયાળના કાંટે - સૌપ્રથમ માં ઉમિયા આગળ દીપ પ્રાગટ્ય, આરતી સાથે આ સમૂહ લગ્નની શુભ શરૂઆત કરવામાં આવી. આ વખતે પંદર નવયુગલો સાજન-માજન સાથે પધારી ચૂકેલ. લગ્ન વધામણા - વરરાજાના માંડવા, શાસ્ત્રોક્ત વિધિથી પૂર્ણ કરવામાં આવેલ. વરરાજાઓને બગીમાં બેસાડી, ડી.જે. મ્યુઝિકના તાલે જાનૈયાઓને વાજતે ગાજતે કન્યાઓના માંયરામાં પધરાવવામાં આવેલ. ગોર મહારાજના મંગળાષ્ટકથી શરૂ કરી ચોરી ફેરા, સપ્તપદીની વિધિ-વિધાનથી સંપન્ન કરવામાં આવેલ. સંગીત પાર્ટીના સૂરીલા લગ્ન ગીતોથી વાતાવરણ આહ્લાદક બની ગયેલ. વિવિધ સમિતિઓએ કાર્યક્રમોનું મોનિટરીંગ કરી આયોજનને સફળ બનાવેલ. વિશેષમાં કન્યાની ચોરીઓની વિશિષ્ટ સજાવટો તેમજ સંપૂર્ણ જવાબદારી ગીતા મંદિર સમાજ મહિલા મંડળે સુપેરે નિભાવેલ.

બપોરના ભોજન મંડપમાં સૌ આમંત્રિતોને સુરૂચિપૂર્ણ ભોજન માણવા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. વરઘોડિયાઓ માટે અલગથી ભોજન વ્યવસ્થા ગોઠવેલ.

*જ્યાં ભાગ્ય વ્યક્તિને તાજથી વંચિત રાખે છે ત્યાં સંતોષ તેને મુગટ પહેરાવે છે.*

બપોર પછી બે કલાકે સન્માન સમારોહ તથા અતિથિ વિશેષો દ્વારા આશિર્વચન માટે સભાનું આયોજન કરવામાં આવેલ. આ અનેરા અવસરે ભામાશાઓનું મોમેન્ટો - શાલ ઓઢાડી લક્ષ્મી નારાયણ રૂપે અભિવાદન કરવામાં આવેલ. આજના આ નવમા સમૂહ લગ્ન ભોજનના દાતા શ્રી સ્વ. કેસરાભાઈ લધાભાઈ છાભૈયા પરિવારના પુત્રો શ્રી વસંતભાઈ, શ્રી હસમુખભાઈ તથા શ્રી નટુભાઈનું ભવ્યાતિભવ્ય રીતે સન્માન કરવામાં આવેલ. અન્ય સખી દાતાઓ - કન્યાભેટના દાતાશ્રી — સર્વેનું હાર્દિક સન્માન કરવામાં આવેલ.

આજના આ સમૂહ લગ્ન આશિર્વચન પ્રસંગે કેન્દ્રીય સમાજના મહામંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ ભગત, યુવાસંઘ પ્રમુખ શ્રી વસંતભાઈ ધોળુ, મહિલા સંઘના ઉપપ્રમુખ શ્રીમતી ગંગાબેન ધોળુ તેમજ આજુબાજુ ઘટક સમાજના હોદ્દેદારોએ હાજર રહી પ્રભુતામાં પગલા પાડતા નવ દંપતિઓને શુભાશિષ આપેલ.

આયોજકોના આમંત્રણને માન આપીને ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના કર્ણધાર એવા શ્રી મણિભાઈ મમ્મી તેમજ તેમની ટીમે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરેલ. ઊંઝા પ્રમુખે શ્રી કડવા પાટીદારોના સમૂહ લગ્નના ઇતિહાસની માહિતી આપેલ. આગામી તા. ૧૮થી ૨૨ ડિસેમ્બરના રોજ યોજાનાર લક્ષચંડી મહોત્સવની જાણકારી આપેલ. સર્વેજનોને આ પ્રસંગે પધારવા આમંત્રણ આપેલ.

આવી જ રીતે સમસ્ત પાટીદાર - સરદાર ધામના પ્રમુખશ્રી ગગજીભાઈ સુતરીયાએ ખાસ ઉપસ્થિત રહી નવ યુગલોને આશિર્વચન આપેલ અને સરદાર ધામની પ્રવૃત્તિઓની જાણકારી આપેલ. પાટીદાર સંદેશ પરિવાર વતી દાનનો ચેક તથા પ્રચાર - પ્રસાર માટે તંત્રી શ્રી શામજીભાઈ પટેલ ખાસ હાજર રહેલ.

આ આયોજનની ધૂરા જેમના ખભે છે એવા ઝોન પ્રમુખ શ્રી જયંતીભાઈ પોકાર તથા તેમની ટીમ, આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી નરસિંહભાઈ સાંખલા તથા તેમની ટીમ, મહાત્મા ગાંધી યુવાસંઘ રીજીયન પ્રમુખ શ્રી વિપુલભાઈ પોકાર તથા તેમની ટીમ, વિવિધ સમિતિના કન્વીનરો તથા તેમની ટીમ, મહિલા ટીમ સૌએ ખભેખભા મિલાવી આ પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધેલ. દર વરસની જેમ ઝોન તથા યુવાસંઘ દ્વારા આરોગ્ય મિશનના અનુસંધાને બ્લડ ડોનેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવેલ. સાથે પધારેલ વાય.એસ.કે. મિશન તેમજ આગામી ૩/૪/૫-૧-૨૦૨૦ના રોજ હિંમતનગર મુકામે આયોજીત ઓલિમ્પિયાડમાં પધારવાનું નિમંત્રણ આપેલ. વિદ્યા લક્ષ્મી અમૃત કુંભની યોજના જે ચાલી રહી છે તેમનું પણ આ સ્થળેથી ઉજાગર કરવામાં આવેલ.

અંતમાં ૩.૩૦ કલાકે કન્યા વિદાય રૂડે-રાદીપે સગાવહાલાને સમગ્ર આયોજકો દ્વારા બંને બાજુના આવજોની મુદ્રામાં ઊભા રહી કન્યા વિદાયના સંવેદનાયુક્ત પ્રસંગને ભવ્ય બનાવેલ.

આવા કાર્યોમાં વધુને વધુ નવયુગલો જોડાય. સમય - સંપત્તિનો બચાવ તેમજ નાના-મોટા, ગરીબ-તવંગર એક તાંતણે બંધાય તે માટે સૌને આ સમૂહલગ્ન રૂપી યજ્ઞમાં જોડાયા એ જ આયોજનની સફળતા છે, એ જ પ્રસંગની સાર્થકતા છે.

સાથે સાથે આવતા સમૂહ લગ્નની તારીખ ૨૯-૧૧-૨૦૨૦ની જાહેરાત કરવામાં આવેલ. જેથી સમયસર ઇચ્છુક લગ્નાર્થીઓ જોડાઈ શકે. વિશેષમાં દસમા સમૂહ લગ્ન ભોજનના આગોતરા દાતા શ્રી ગોપાલભાઈ ભગત પરિવાર મળેલ છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મણિભાઈ વિલાપ તથા શ્રીમતી ચંદાબેન ભાવાણીએ આગવી શૈલીમાં કરેલ. આયોજન સમિતિના એવરગ્રીન મહામંત્રીશ્રી ડૉ. વિઠ્ઠલભાઈ ભાવાણીએ સૌનો હૃદયપૂર્વક આભાર માની આવતા સમૂહ લગ્નમાં પધારવા આગોતરૂ આમંત્રણ આપેલ.

*મણિભાઈ વી. લીંબાણી - ઝોન ઉપપ્રમુખ*
*શ્રી અ.ભા.ક.ક.પા.સમાજ - અમદાવાદ ઝોન*

## વિશ્વ ડાયાબિટીસ દિન નિમિત્તે લીયો ક્લબ ઓફ ભુજ રેઇનબો દ્વારા ઉમા યોગ કેન્દ્રના સહયોગથી ડાયાબિટીસ અવેરનેસ સેમિનાર

મંગળવાર, તા. ૧૨-૧૧-૨૦૧૯ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. યોગગુરૂ કમલકાંતભાઈ ભટ્ટ દ્વારા માર્ગદર્શન, શરીરની જાળવણી, ખોરાક, વ્યાયામ વિશેની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી. ભાવનાબેન ઝવેરી દ્વારા યોગ, પ્રાણાયામ, એક્સરસાઇઝ, સૂર્ય નમસ્કાર કરાવી યોગ નિંદ્રા કરાવવામાં આવી હતી.

લીયો ક્લબના પ્રમુખ બીજલ ઠક્કર, મંત્રી રાજવી ઠક્કર, પ્રોજેક્ટ ચેરમેન હર્ષ ઠક્કર અને માધવ ચંદે હાજર રહી લાયન્સ ક્લબના પ્રમુખ પ્રફુલ શાહ અને મંત્રી શૈલેન્દ્રભાઈ રાવલનું સ્વાગત કરેલ. મયંક ઠક્કર, રીયા પટેલ, મૈત્રી પરમાર, વિધિ ઠક્કર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

*જેવી રીતે સૂર્યના પ્રકાશથી પૃથ્વી પરનો અંધકાર નષ્ટ થાય છે તેવી રીતે સત્સંગથી જીવનનો અંધકાર નાશ પામે છે.*

ભાવનાબેન ઝવેરી દ્વારા ઉમા યોગ કેન્દ્રની પ્રવૃત્તિ, શિબિર, સેમિનારની માહિતી આપવામાં આવી. આ સેમિનારનો ૭૦થી ૮૦ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો.

લીયો પ્રમુખે ઉમા યોગ કેન્દ્રનો આભાર માન્યો હતો અને કમલકાંતભાઈ - ભાવના બેનને મોમેન્ટો, સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવેલ.

*ભાવના એ. ઝવેરી - ઉમા યોગ કેન્દ્ર*
*બીજલ ઠક્કર - લીયો પ્રમુખ*

## બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત ગુજરાતી ગૌરવ અને ગીરનાર એવોર્ડ એનાયત સમારંભ સંપન્ન

પ્રથમ વખત બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના ૩૫મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે ત્રણ નોન ગુજરાતી વ્યક્તિઓને ગીરનાર ઍવોર્ડ એનાયત કરવાનું સમાજે નક્કી કર્યું છે એમ સમાજના પ્રમુખ હેમરાજ શાહે સ્વાગત કરતા જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગીરનાર ઍવોર્ડ પસંદ કરવા સાત વ્યક્તિઓની પસંદગી સમિતિ નિમવામાં આવી છે. એઓ ચર્ચા વિચારણા કરી વિવિધ ક્ષેત્રે અગ્રેસરોની ગીરનાર ઍવોર્ડ માટે પસંદગી કરે છે.

અતિથિ વિશેષ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના દિલીપ જોશીએ સમાજના આ કાર્યની પ્રશંસા કરી હતી અને ગુજરાતીઓ વિવિધ ક્ષેત્રે છવાયેલા છે, તેમને શોધી બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ ગીરનાર ઍવોર્ડ એનાયત કરે છે તે પ્રશંસનીય છે તેમ જણાવ્યું હતું.

ગુજરાતી ગૌરવ ઍવોર્ડ પૂજ્ય સ્વામી માધવ પ્રિયદાસજી મસ્કત હોવાથી તેમના વતી તેમના ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ઍવોર્ડ સ્વીકાર્યો હતો. મેન ઑફ ધ યર ઍવોર્ડ બી.એસ.ઇ.ના ચેરમેન આશિષકુમાર ચૌહાણ, સવાયા ગુજરાતી ઍવોર્ડ મહાવીર પ્રસાદ સરાફ, એન.આર.આઈ. ઍવોર્ડ મોઝામ્બિકના રીઝવાન આડતિયા, નાટ્યરત્ન ઍવોર્ડ સનત વ્યાસ, સાહિત્ય ઍવોર્ડ જવાહર બક્ષી, સંગીત ઍવોર્ડ સુરેશ જોશી, કલારત્ન ઍવોર્ડ જીજ્ઞા શાહ ઓઝા, પત્રકાર ઍવોર્ડ ચિત્રલેખાના દેવાંશુ દેસાઈ, સોશિયલ મીડિયા ઍવોર્ડ દેવાંગ દવે, રમત ગમત ઍવોર્ડ કુ. શ્વેની નિમિષ ગાલા, સમાજસેવા ઍવોર્ડ ઘાટકોપરના ગાંધી ડૉ. રસિકલાલ પી. ગાંધી, નારીરત્ન ઍવોર્ડ ફેશન ડિઝાઈનર બબુશા શાહ, વ્યાપાર ઉદ્યોગ ઍવોર્ડ પ્રદીપકુમાર રમણલાલ શાહ, મિતેશ મોરારજી પલણ અને નરેન્દ્ર હંસરાજ લોડાયાને એનાયત કરવામાં આવ્યા હતા.

શરૂઆતમાં ચેતન ગઢવી અને સાથી કલાકારોએ ડાયરો રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન કવિ મુકેશ જોશીએ કર્યું હતું.

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ

### મહાત્મા ગાંધી @ ૧૫૦
### 'ચિત્રલેખા'ના સહયોગથી બૃહદ્ મુંબઇ ગુજરાતી સમાજ આયોજિત 'ગાંધીજીના વિચારો અને આદર્શો આજે કેટલા ઉપયોગી?' નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર

જીવનનું એવું કોઈ ક્ષેત્ર નહીં હોય કે જેને વિષે ગાંધીજીએ પોતાના વિચારો પ્રગટ ન કર્યા હોય. પોતાના વિચારો અને આદર્શો સાથે બાંધછોડ કર્યા વગર ગાંધીજીએ આપણા દેશને આઝાદી અપાવી. એટલું જ નહીં, બહુ મોટી સંખ્યામાં દેશવાસીઓનું માનસ પરિવર્તન પણ કર્યું. પણ હવે સમય બદલાયો છે. દેશની અને લોકોની જરૂરિયાતો બદલાઈ છે. એટલે આજના સંજોગોમાં ગાંધીજીના વિચારો અને આદર્શો કેટલા ઉપયોગી સાબિત થાય તેમ છે? તેમના નામે દેશમાં જે યોજનાઓ શરૂ થઈ છે તે કેટલી અસરકારક બનશે? ગાંધીજીના વિચારો આજના સ્થળ - સમય સાથે બંધબેસતા થાય તેમ છે? એ વિશે બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજે ચિત્રલેખાના સહયોગથી પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના ૧૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે નિબંધ સ્પર્ધા યોજી હતી. તેના પરિણામ સમાજના પ્રમુખ હેમરાજ શાહે તાજેતરમાં જાહેર કર્યા હતા.

*પ્રથમ ઈનામ (રૂા. ૨૫,૦૦૦/-) : નીતિનકુમાર ઢાઢોદરા - અમદાવાદ*

*દ્વિતીય ઈનામ (રૂા. ૨૦,૦૦૦/-) : ગુલાબ દેઢિયા - અંધેરી (મુંબઈ)*

*તૃતીય ઈનામ (રૂા. ૧૫,૦૦૦/-) : જ્યોતિબેન નીલેશ ધરોડ - મુલુંડ (મુંબઈ)*

*ચતુર્થ ઈનામ (રૂા. ૧૪,૦૦૦/-) : નિર્ઝરી મહેતા - વડોદરા*

*પાંચમું ઈનામ (રૂા. ૧૨,૦૦૦/-) : ધરા શુક્લ - બેંગ્લોર*

*છઠ્ઠું ઈનામ (રૂા. ૧૨,૦૦૦/-) : જયશ્રી પંકજ ઠક્કર - કાંદિવલી, મુંબઈ*

*સાતમું ઈનામ (રૂા. ૧૧,૦૦૦/-) : નીલેશ શાંતિલાલ ભટ્ટ - જામનગર*

*આઠમું ઈનામ (રૂા. ૧૦,૦૦૦/-) : યતીન કંસારા - ગાંધીનગર*

*નવમું ઈનામ (રૂા. ૯,૦૦૦/-) : રમેશ તન્ના - અમદાવાદ*

રૂા. ૧,૦૦૦/-ના ૨૧ આશ્વાસન ઈનામોના નામ પણ જાહેર કરવામાં આવ્યા હતા. ટોટલ રૂા. દોઢ લાખના ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. આ ઈનામો શનિવાર, તા. ૨૩-૧૧ના રોજ મુંબઈના યોગી સભાગૃહ - દાદર ખાતે આપવામાં આવેલ. નિર્ણાયક તરીકે પ્રા. દીપક મહેતાએ કામગીરી બજાવી હતી.

*ભગવાનને માનવાનું જે બીજાઓ માટે વધુ સહેલું બનાવે તે સંત છે.*

## વડતાલ મુકામે વચનામૃત દ્વિ-શતાબ્દી મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી પર અવતરી, બાળ સ્વરૂપે ઘનશ્યામ મહારાજ તરીકે, તપસ્વી સ્વરૂપે નીલકંઠવર્ણી તરીકે અને શ્રી રામાનંદ સ્વામીના ગુરૂપદે સહજાનંદ સ્વામી તરીકે પ્રસિધ્ધિ પામી સ્વામિનારાયણ સંપ્રદાય થકી ધર્મ પ્રચાર દ્વારા સમાજ ઉત્થાનનું ખૂબ મોટું કાર્ય થયું. વિશાળ પ્રદેશોમાં સત્સંગના પ્રચાર પ્રસાર અર્થે ભગવાનના બંને ભાઈઓ થકી અમદાવાદ અને વડતાલ દેશના સ્થાપના કરી. ભગવાને સ્વહસ્તે છ મંદિરોનું નિર્માણ કરાવ્યું અને આજે સેંકડો મંદિરો અને હજારો સંતો થકી સંપ્રદાય દેશ-વિદેશમાં સંસ્કૃતિનું અને ધર્મનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે. સત્સંગીઓ તેમજ સાધુઓ માટે અને સભ્ય સમાજ માટે પણ દીવાદાંડીરૂપ 'શિક્ષાપત્રી' એ સ્વામિનારાયણ સંપ્રદાયની ખૂબ મોટી ભેટ છે. તે ઉપરાંત અનેક ગ્રંથો સાહિત્ય પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નિર્માણ પામ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા અનેક નંદસંતોની ઉપસ્થિતિમાં જ્યાં જ્યાં વિચરતાં કરતાં ત્યાં ઉપદેશાત્મક સત્સંગનું આયોજન થતું. ત્યારબાદ આ પ્રકારના સંવાદોની તમામ નોંધોને સુવ્યવસ્થિત રીતે સંકલિત કરી આ તમામ જ્ઞાન "વચનામૃત" તરીકે પ્રસિધ્ધ થયું, જે ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી પણ કહેવાય છે. વચનામૃતના નિર્માણમાં મુખ્યત્વે શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી નિત્યાનંદ સ્વામી, શ્રી મુક્તાનંદ સ્વામી તથા શ્રી શુક્લાનંદ સ્વામીનું સંકલન રહ્યું છે. કુલ ૨૬૨ વચનામૃતોમાંથી ૧૮૪ વચનામૃત ગઢડા, પંચાળામાં ૭, અમદાવાદમાં ૩, વડતાલમાં ૨૦, કારિયાણીના ૧૨, લોયાના ૧૮ તેમજ સાળંગપુરના ૧૮ વચનામૃતનો સમાવેશ થાય છે. આ વચનામૃતના પ્રકાશનને ૨૦૦ વર્ષ પૂર્ણ થયા. જેના ઉપલક્ષમાં વડતાલ મુકામે વચનામૃત દ્વિ-શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. વિશ્વવિખ્યાત વક્તા પૂ. શાસ્ત્રીસ્વામી ધર્મજીવનસ્વામી દ્વારા કથા સ્વરૂપે વચનામૃતનું પંચામૃત પીરસાયું. લગભગ ૩ કિ.મી. લાંબી શોભાયાત્રાએ જ સમગ્ર કાર્યક્રમનો અંદાજ આવી ગયો હતો. ગોમતી નદીના કિનારે હજારો સત્સંગીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ લેસર શો તેમજ ટાઇટેનિયમ ધાતુ ઉપર લખાયેલ વચનામૃતનું અનાવરણ તેમજ અભિષેક, સંત સંમેલન, મહિલા સંમેલન અને લાખો હરિભક્તોનું તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, ધર્મગુરૂઓની ઉપસ્થિતિથી કાર્યક્રમ અદ્ભુત બની ગયો હતો. સમર્પિત સત્સંગી સ્વયં સેવકોની સેવા પણ અદ્ભુત હતી. કોઈ પણ જાતની તકલીફ ન પડે તેવી ઉતારા વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, રક્તદાન કેમ્પ, સમગ્ર વડતાલમાં સ્વચ્છતા અભિયાન, વચનામૃત પ્રદર્શની, અન્નકુટ, મહાવિષ્ણુયાગ, સંત દીક્ષા સમારોહ વગેરેથી પણ આચાર્ય મહારાજશ્રી રાકેશ પ્રસાદજી મહારાજ ખૂબ પ્રભાવિત થયા હતા અને



તમામ માટે ગૌરવની લાગણી વ્યક્ત કરી, પૂ. હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ દેવની કૃપા સૌ ઉપર ઉતરે તેવા રૂડા આશિર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં સહભાગી થવા માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદને સંતોએ કાર્યાલય પર રૂબરૂ પધારી, પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા તથા હોદ્દેદારોને આમંત્રણ પાઠવ્યું હતું. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સેવાનો પણ લાભ મેળવ્યો હતો અને સભાના આશિર્વાદ પણ મેળવ્યા હતા. સમગ્ર કચ્છમાંથી પણ ખૂબ મોટી સંખ્યામાં સંતો તથા હરિભક્તો આ મહોત્સવમાં સહભાગી થયા હતા. ■

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 04-05-2010**
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૧૯**
  કિશોરભાઈ મૂળજીભાઈ લાલકા (ઉં.વ. ૭૧) (લાલા - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૪-૧૨-૨૦૧૯**
  તારાબાઈ રાયચંદભાઈ દંડ (પરજાઉ - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૯**
  માતુશ્રી ધનલક્ષ્મીબેન રાયચંદભાઈ ખોના (સાંધવ - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

*સદગત્‌શ્રીઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
## વર્ષ ૨૦૧૯-૨૦ના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની પ્રથમ મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની મીટિંગ સંયુક્ત સ્વરૂપે શનિવાર, તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ મળેલ હતી કે જેમાં ૧૪ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. "કચ્છી મિલન" અલગથી શા માટે ઉભું કરવામાં આવે છે તેની વિગતો શ્રી અશોકભાઈ મહેતા, શ્રી જગદીશભાઈ ઠક્કર તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ સભામાં ઉપસ્થિત સભ્યોને સમજાવેલ હતી.

૨. સમાજના નવા ઓડિટર શ્રી એન.કે. કાપડિયાએ વર્ષ ૨૦૧૪-૧૫ના હિસાબો સામે ઇન્કમટેક્ષ વિભાગે જે સ્કુટીની કાઢેલ છે તેના જવાબો આપી દીધેલ છે તેની વિગત આ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી.

૩. વર્ષ ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબના ત્રણ સભ્યોને કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે લેવામાં આવેલ હતા.

★ શ્રી નરસિંહભાઈ નારણભાઈ પટેલ
★ શ્રી શાંતિલાલ મુળજી સાવલા
★ શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી



૪. વર્ષ ૨૦૧૯-૨૦ માટે શ્રી અશોકભાઈ મહેતાની મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

૫. નીચે મુજબના ૫ ટ્રસ્ટીશ્રીઓની કારોબારી સમિતિમાં વરણી કરવામાં આવેલ હતી.

★ શ્રી હરીશભાઈ રંગવાલા
★ શ્રી જગદીશભાઈ ઠક્કર
★ શ્રી મનુભાઈ શાહ
★ શ્રી મેઘજીભાઈ પટેલ
★ શ્રી હિમાંશુભાઈ ઠક્કર

૬. વર્ષ ૨૦૧૯-૨૦ માટે શ્રી જેન્તીભાઈ લાકડાવાલાની કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ હતી.

*સંકલ્પથી જ મનની શક્તિ ઉપર વિજય મળી શકે છે.*

૭. વર્ષ ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| ઉપપ્રમુખ - ૧ | : | શ્રી જગદીશભાઈ ઠક્કર |
| ઉપપ્રમુખ - ૨ | : | શ્રી મેઘજીભાઈ પટેલ |
| ઉપપ્રમુખ - ૩ | : | શ્રી ચમનભાઈ પલણ |
| માનદ્ મંત્રી | : | શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| સહમંત્રી - ૧ | : | શ્રી જેન્તીભાઈ લાકડાવાલા |
| સહમંત્રી - ૨ | : | શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા |
| ખજાનચી | : | શ્રી હરસુખભાઈ પટેલ |

૭. વર્ષ ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબની સમિતિઓના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| કચ્છશ્રુતિ તંત્રી મંડળ | : | શ્રી અશોકભાઈ મહેતા |
| શૈક્ષણિક સમિતિ | : | શ્રી દીપકભાઈ ચૌહાણ |
| ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિ | : | શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ | : | શ્રી હિમાંશુભાઈ ઠક્કર |

નોંધ : (૧) કચ્છ શ્રુતિ – જાહેરાત સમિતિ, (૨) કચ્છ શ્રુતિ – વ્યવસ્થાપક સમિતિ, (૩) ફંડ રેઈઝિંગ સમિતિ, (૪) કોર ગ્રુપ સમિતિ વગેરે સમિતિઓના કન્વીનરશ્રીઓની રચના કરવાની બાકી રહેલ હતી.

૮. ''કચ્છી મિલન'' વિશે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વિગતવાર માહિતી આ સભા સમક્ષ રજૂ કરેલ હતી કે જેના પ્રતિસાદ સ્વરૂપે નીચે મુજબના મહાનુભાવોએ ''કચ્છી મિલન''ના સભ્યો બનાવવાની જવાબદારી સ્વીકારેલ હતી.

| | | |
|---|---|---|
| શ્રી હિમાંશુભાઈ ઠક્કર | : | ૧૦૦ સભ્ય |
| શ્રી હસમુખભાઈ કે. મહેતા | : | ૭૫ સભ્ય |
| શ્રીમતી રેખાબેન પટેલ | : | ૫૦ સભ્ય |
| શ્રી દક્ષેશભાઈ સંઘવી | : | ૫૦ સભ્ય |

૯. ડિસેમ્બર-૨૦૧૯માં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવા અંગે આ મીટિંગમાં ચર્ચા કરવામાં આવેલ હતી કે જેના પ્રતિસાદ સ્વરૂપે ઉપસ્થિત વિવિધ સભ્યોએ ૮ ટીમની નોંધમી કરાવી દીધેલ હતી.

અહીં આ મીટિંગની કાર્યવાહી પૂર્ણ થયેલ હતી.

*હિમાંશુ ઠક્કર*

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*


**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની વરણી થઈ ગયેલ હોવાથી તેની વિગતવાર માહિતી નીચે મુજબ રહેવા પામેલ છે.

## ટ્રસ્ટ મંડળ : ૨૦૧૯-૨૦૨૦

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | મેનેજીંગ ટ્રસ્ટી | ૯૮૭૯૦ ૬૩૧૦૦<br>૯૮૨૫૩ ૨૨૬૮૯ |
| ૨. | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર | ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૦૫૯૦૧ |
| ૩. | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી | ટ્રસ્ટી | ૯૯૨૫૪ ૪૮૮૮૮ |
| ૪. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૫. | શ્રી હરીશભાઈ રણજીત રંગવાલા | ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૬૬૪૭૬ |
| ૬. | શ્રી અશોક રઘુરામ ઠક્કર | ટ્રસ્ટી | ૯૮૭૯૨ ૦૮૬૨૫ |
| ૭. | શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ | ટ્રસ્ટી | ૯૩૨૭૦ ૧૩૩૯૦ |
| ૮. | શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી | ટ્રસ્ટી | ૯૮૨૫૩ ૨૫૧૪૫ |
| ૯. | શ્રી હિમાંશુ ભાઈલાલભાઈ ઠક્કર | ટ્રસ્ટી | ૯૮૭૯૩ ૦૧૦૦૪ |
| ૧૦. | શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા | ટ્રસ્ટી | ૯૮૨૫૭ ૧૪૮૩૩ |
| ૧૧. | શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા | ટ્રસ્ટી | ૯૬૦૧૨ ૭૫૦૭૮ |
| ૧૨. | શ્રી અતુલભાઈ શંકરલાલ સોની | ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૩૮૧૪૦ |
| ૧૩. | શ્રી કૃણાલ નરેન્દ્ર છ. શાહ | ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૩૩૫૯૮ |
| ૧૪. | શ્રી નરસિંહભાઈ નારણભાઈ પટેલ | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૯૮૨૫૨ ૪૩૫૫૭ |
| ૧૫. | શ્રી શાંતિલાલ મુળજી સાવલા | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૧૬. | શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવી | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૯૮૨૫૨ ૨૬૧૭૦ |

*વકીલ ઈચ્છે છે – તમે મુસીબતમાં રહો.*
*ડૉક્ટર ઈચ્છે છે – તમે માંદા પડો.*
*પોલીસ ઈચ્છે છે – તમે ગુનામાં સપડાઓ.*
*મકાન માલીક ઈચ્છે છે – તમે પોતાનું ઘર ખરીદી જ ન શકો.*
*ડેન્ટીસ્ટ ઈચ્છે છે – તમારા દાંત સડી જાય.*
*મિકેનિક ઈચ્છે છે – તમારી કાર બગડી જાય.*
*એક માત્ર ચોર ઈચ્છે છે – તમે જીવનમાં ખૂબ પૈસા કમાઓ અને તમને ખૂબ સારી ઊંઘ આવે.*

## કારોબારી સમિતિ : ૨૦૧૯-૨૦૨૦

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | પ્રમુખ | ૯૮૭૯૦ ૬૩૧૦૦<br>૯૮૨૫૩ ૨૨૬૮૯ |
| ૨. | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર | ઉપપ્રમુખ-૧ | ૯૮૨૫૦ ૦૫૯૦૧ |
| ૩. | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી | ઉપપ્રમુખ-૨ | ૯૯૨૫૪ ૪૮૮૮૮ |
| ૪. | શ્રી ચમનભાઈ વલમજી પલણ | ઉપપ્રમુખ-૩ | ૯૯૨૫૦ ૭૦૭૧૯ |
| ૫. | શ્રી હિમાંશુ ભાઈલાલભાઈ ઠક્કર | માનદ્ મંત્રી | ૯૮૭૯૩ ૦૧૦૦૪ |
| ૬. | શ્રી જેન્તીભાઈ કરમશીભાઈ લાકડાવાલા | સહમંત્રી-૧<br>(કો-ઓપ્ટ સભ્ય) | ૯૩૨૭૦ ૮૧૫૬૫ |
| ૭. | શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા | સહમંત્રી-૨ | ૯૩૭૬૧ ૩૬૧૨૫ |
| ૮. | શ્રી હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલ | ખજાનચી | ૯૯૦૯૯ ૫૬૭૪૦<br>૯૮૨૫૦ ૭૦૩૮૪ |
| ૯. | શ્રી હરીશભાઈ રણજીતભાઈ રંગવાલા | સભ્ય | ૯૮૨૫૦ ૬૬૪૭૬ |
| ૧૦. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | સભ્ય | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૧૧. | શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા | સભ્ય | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૧૨. | શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ | સભ્ય | ૯૮૨૪૦ ૬૨૭૧૧ |
| ૧૩. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | સભ્ય | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૧૪. | શ્રી સંજયભાઈ કલ્યાણજી રાઠોડ | સભ્ય | ૯૮૯૮૯ ૧૪૯૮૪ |
| ૧૫. | શ્રી દીપકભાઈ નાનાલાલ ચૌહાણ | સભ્ય | ૯૮૭૯૫ ૪૯૭૬૫ |
| ૧૬. | શ્રી હીરેન ચમનલાલ પલણ | સભ્ય | ૯૮૭૯૯ ૯૭૭૭૭ |
| ૧૭. | શ્રી વાડીલાલ રામજી પંચાલ | સભ્ય | ૯૩૭૭૨ ૨૫૫૨૫ |
| ૧૮. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | સભ્ય | ૯૨૨૭૨ ૧૩૩૫૧ |
| ૧૯. | શ્રી અશોકભાઈ અંબરીશ ધોળકિયા | સભ્ય | ૯૮૨૫૦ ૩૯૮૭૧ |
| ૨૦. | શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા | સભ્ય | ૯૪૨૭૬ ૦૯૦૧૩ |
| ૨૧. | શ્રીમતી રેખાબેન વિનોદ પટેલ | સભ્ય | ૯૯૨૫૧ ૭૪૬૦૪ |
| ૨૨. | શ્રીમતી શિલ્પીબેન પંકજભાઈ શાહ | સભ્ય | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |

*સૌંદર્ય સત્તા છે અને સ્મિત તેની તલવાર છે.*

*માણસ પ્રથમ સંકલ્પ કરે છે પછી સંકલ્પ માણસનું જીવન ઘડે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

*આયોજિત*

## ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના દીર્ઘ આયુષ્યકાળમાં પ્રથમ વખત જ અમદાવાદ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજી રહેલ છે. સમાજ સાથે સંકળાયેલ વિવિધ ઘટક સમાજોના યુવાનો વચ્ચે આત્મિયતા વધે અને સંગઠનનો હેતુ સધાય તેવા શુભ આશયથી આ ટુર્નામેન્ટ યોજવામાં આવી રહેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ ડિસેમ્બર-૨૦૧૯ની ૨૦/૨૧/૨૨ તારીખ દરમિયાન **પાર્થ પાર્ટી પ્લોટ,** ***વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ, ગુજરાત-૩૮૨ ૪૮૧*** ખાતે યોજવામાં આવનાર છે.

આ ટુર્નામેન્ટમાં અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોની ૮ ટીમ ભાગ લેવાની છે. તા. ૨૦ અને ૨૧ દરમિયાન સવારના ૭.૩૦થી સાંજના ૫ વાગ્યાની વચ્ચે પાંચ પાંચ લીગ મેચો રમવાની છે અને રવિવાર તા. ૨૨ના દિવસે સાંજના ૭.૩૦થી રાત્રે ૧ વાગ્યા સુધી બે સેમિ ફાઇનલ અને એક ફાઇનલ – એમ ટોટલ ૩ મેચ નાઇટ મેચ તરીકે રમવાની છે.

***ટુર્નામેન્ટના સફળ આયોજન માટે નીચે મુજબના આર્થિક સહયોગની અપેક્ષિતતા રાખવામાં આવી છે***

| | | | |
|---|---|---|---|
| ટુર્નામેન્ટના મુખ્ય સૌજન્યદાતા | : | રૂા. ૫૧,૦૦૦/- | |
| ટુર્નામેન્ટના સહ-સૌજન્ય દાતા | : | રૂા. ૩૧,૦૦૦/- | |
| ટીમ સ્પોન્સરર દાતા (દરેક ટીમના) | : | રૂા. ૧૫,૦૦૦/- | |
| ગ્રાઉન્ડ ઉપર (એલ.સી.ડી. અથવા કાપડ બેનર) બેનર | : | રૂા. ૫,૧૦૦/- | દરેકના |
| વિવિધ ઇનામોનું મુખ્ય સૌજન્ય | : | રૂા. ૩૧,૦૦૦/- | |
| ખેલાડીઓના નાસ્તા / ભોજનનું સૌજન્ય | : | રૂા. ૩૧,૦૦૦/- | |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક સક્ષમ મહાનુભાવને ઉપરોક્ત યોજનામાં હર્ષભેર ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

આ ટુર્નામેન્ટમાં જે જે ટીમો ભાગ લેવાની છે, તેની વિગત નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન | ૧ ટીમ |
| ૨. | શ્રી કચ્છી લોહાણા સમાજ | ૧ ટીમ |
| ૩. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ | ૧ ટીમ |
| ૪. | શ્રી કચ્છ વાગડ સાત ચોવીસી જૈન સમાજ | ૨ ટીમ |
| ૫. | શ્રી કચ્છ વાગડ બે ચોવીસી જૈન સમાજ | ૧ ટીમ |
| ૬. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ | ૨ ટીમ |
| | | ૮ ટીમ |

જે - તે સમાજની દરેક ટીમમાં ૧૪ સભ્યો જ લેવાના હોવાથી સમાજના "સંપર્ક સુત્ર સભ્ય" દ્વારા અપાયેલ માર્ગદર્શન અનુસાર સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

આ આઠ ટીમોને પ્રમાણે A, B, C, D, E, F, G, H પ્રમાણે ક્રમાંક આપતા નીચે મુજબ બે સેમિ ફાઇનલ અને એક ફાઇનલ સહિત ૧૩ મેચો રમાડવામાં આવશે.

(1) A V/s. B. (2) C V/s. D

(3) E V/s F (4) G V/s. H

(5) Looser-1 V/s. Looser-2
(6) Looser-3 V/s. Looser-4
(7) Winner-1 V/s. Winner-2
(8) Winner-3 V/s. Winner-4
(9) Looser-7 V/s. Winner-6
(10) Looser-8 V/s. Winner-5
(11) Semi Final-1 : Winner-7 V/s. Winner-9
(12) Semi Final-2 : Winner-8 V/s. Winner-10
(13) Final : Winner-11 V/s. Winner-12

**આ ટુર્નામેન્ટ માટે નીચે મુજબના નીતિ નિયમો નક્કી કરવામાં આવેલ છે.**

- ટેનિસ બોલથી રમાનાર આ ટુર્નામેન્ટના પ્રથમ બે દિવસ પાંચ-પાંચ લીગ મેચો ૧૨ ઓવરની રહેશે જે સવારે ૭.૩૦ કલાકથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં પૂર્ણ થશે.
- અંતિમ દિવસે એટલે કે ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ને રવિવારે બે સેમિ ફાઈનલ મેચ અને એક ફાઈનલ મેચ કે જે ૧૪ ઓવરની રમાશે અને આ ત્રણે મેચો ડે-નાઈટ રમાશે. તમામ ઘટક સમાજના શ્રેષ્ઠીઓ, સૌજન્ય પરિવારો અને યુવક મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં ક્લોઝીંગ સેરેમની મોડી રાત્રે યોજાશે.
- પ્રત્યેક ખેલાડીને ટી- શર્ટ તથા કેપ આપવામાં આવશે.
- જે તે ટીમમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોને સભ્યદીઠ રૂા. ૧૦૦૦/- પાર્ટીસીપેશન ફી, નીચે મુજબના જે તે ટીમના 'સંપર્ક સુત્ર' પાસે ત્વરીતપણે જમા કરાવવાના રહેશે.

**જે તે ટીમના સંપર્ક સુત્ર સભ્યની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | જે તે ઘટક સમાજની ટીમ | નોમિનેટ કરવામાં આવેલ સંપર્ક સુત્ર સભ્ય | |
|---|---|---|---|
| ૧. | શ્રી કચ્છી વાગડ લોહાણા મહાજન ટીમ | શ્રી અંકિત હાલાણી<br>શ્રી વૃશાંક હાલાણી | ૯૮૭૯૬ ૧૦૮૫૨<br>૯૭૩૭૨ ૪૮૮૨૨ |
| ૨. | શ્રી કચ્છી લોહાણા સમાજ ટીમ | શ્રી વિજય ઠક્કર<br>શ્રી સાગર ઠક્કર | ૯૮૨૪૯ ૪૭૨૯૪<br>૯૯૭૪૭ ૪૪૭૭૦ |
| ૩. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ ટીમ | ડૉ. કેતન શાહ<br>શ્રી પીયૂષ પારેખ | ૯૮૨૫૬ ૮૭૭૪૧<br>૯૮૨૫૦ ૨૯૬૯૮ |
| ૪. | શ્રી કચ્છ વાગડ સાત ચોવીસી જૈન સમાજ ટીમ | શ્રી આલીન મહેતા | ૯૮૨૫૧ ૮૪૫૯૫ |
| ૫. | શ્રી કચ્છ વાગડ બે ચોવીસી જૈન સમાજ ટીમ | શ્રી વિવેક દોશી<br>શ્રી ધનેશ કોરડિયા<br>શ્રી હર્ષ મોરબિયા | ૯૪૨૮૩ ૦૯૪૦૧<br>૯૪૨૮૦ ૮૫૮૫૮<br>૯૦૯૯૪ ૯૬૧૮૯ |
| ૬. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ટીમ | શ્રી હરસુખભાઈ પટેલ<br>શ્રી જેન્તીભાઈ લાકડાવાલા | ૯૮૨૫૦ ૭૦૩૮૪<br>૯૩૨૭૦ ૮૧૫૬૫ |

*ઉપરોક્ત ટુર્નામેન્ટના સમયે અમદાવાદ સ્થિત દરેક ઘટક સમાજના સભ્યોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.*

*ટુર્નામેન્ટ સમયે ઉપસ્થિત રહી ટીમના સભ્યોનો ઉત્સાહ વધારવા સહુ સભ્યોને અપીલ કરવામાં આવે છે.*

**હિમાંશુ ઠક્કર**
**કન્વીનર - ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**૯૮૭૯૦ ૬૩૧૦૦ / ૯૮૨૫૩ ૨૨૬૮૯**

**હરસુખ પટેલ**
**ખજાનચી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**૯૯૦૯૯ ૫૬૭૪૦ / ૯૮૨૫૦ ૭૦૩૮૪**

*કોઈ પણ વસ્તુનો નિર્ણય કરવાને માટે ત્રણ વસ્તુની જરૂર છે : અનુભવ, જ્ઞાન અને નિર્ણયને અભિવ્યક્ત કરવાની ક્ષમતા.*

# કચ્છમાં ગામેગામ ઘાસ ઉગાડવાના તથા વૃક્ષારોપણના આયોજનો

સોમવાર, તા. ૨૫-૧૧-૨૦૧૯ના રોજ નખત્રાણા ખાતે પાટીદાર હોસ્ટેલમાં નખત્રાણાના પ્રાંત અધિકારીશ્રી (ડેપ્યુટી કલેક્ટરશ્રી) જી.કે. રાઠોડની અધ્યક્ષતામાં એક મીટિંગ મળેલ હતી કે જેમાં નખત્રાણા તાલુકાના ગામોના ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, ખેડૂત આગેવાનો, વિવિધ વિભાગના સરકારી અધિકારીશ્રીઓ તથા મુંબઈ / અમદાવાદથી આવેલ મહેમાનો ઉપસ્થિત રહેલ હતા. ટોટલ સંખ્યા લગભગ ૮૦ જેટલી રહેવા પામેલ હતી.

કચ્છમાં ગામેગામ ઘાસ ઉગાડવા માટે પ્રોત્સાહન આપનાર મુંબઈના શ્રી ગુણવંતભાઈ શાહ તથા શ્રી નરેન્દ્ર મહેતા ઉપસ્થિત રહેલ હતા કે જયારે અમદાવાદથી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોક મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી પીયૂષભાઈ પારેખ તથા શ્રી ગિરીશભાઈ દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગનો હેતુ હતો કે દુષ્કાળના સમયે કચ્છમાં જે ઘાસની આયાત કરવી પડે છે તેના બદલે કચ્છના ગામેગામ ત્યાંની ગોચર જમીનમાં ઘાસ ઉગાડવામાં આવે તો આ ઘાસનો પ્રશ્ન કાયમના માટે હલ થઈ શકે અને દુષ્કાળનો સમય કચ્છ સારી રીતે પાર કરી શકે. તેથી કચ્છના ગામડાઓમાં ઘાસ ઉગાડવાના પ્રોત્સાહન સ્વરૂપે નખત્રાણાના પ્રાંત અધિકારી શ્રી જી. કે. રાઠોડે આ મીટિંગ બોલાવતા, ઉપરોક્ત સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગની શરૂઆતમાં શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવેલ કે અમે અમદાવાદમાં રહી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, શ્રી કચ્છી સમાજ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ જેવી અલગ અલગ સંસ્થાઓના નેજા હેઠળ કચ્છના હિતોના કામ કરી રહ્યા છીએ. દુષ્કાળના સમયે કચ્છ ઘાસના પ્રશ્ને અણિશુધ્ધ રીતે બહાર આવે તેવા પ્રયાસો કરવાના ચિંતન માટે અમે અહીં આવ્યા છીએ. કચ્છના ગામેગામની ગોચર જમીનમાં ઘાસ ઉગાડવામાં આવશે તો અમે તે માટે પૂરેપૂરો સહયોગ આપીશું.

શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે કચ્છના કોઈ પણ ગામમાં ચારેબાજુ બાઉન્ડ્રી / વાડ બનાવડાવી, જમીન અને તે જમીનમાં એક સ્થળે પાણી આપવામાં આવે તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ ત્યાં ૨૦' x ૨૦' વૃક્ષારોપણ કરી, બાદમાં ત્રણ વર્ષ સુધી તેની માવજત કરી, આ વૃક્ષોનો ઉછેર કરી, જે તે ગામને એ જમીન પરત સોંપી દેશે. આ પ્રકારે તેઓએ કચ્છમાં અનેક સ્થળે વૃક્ષારોપણ કરેલ છે. આ રીતે પર્યાવરણને સુરક્ષિત કરવાના તેના પ્રયાસો ચાલુ છે.





શ્રી ગુણવંતભાઈ શાહે જણાવેલ કે કચ્છના કોઈ પણ ગામની જેટલી પણ ફાજલ જમીન હોય અને તેના પર જે તે ગામ ઘાસ ઉગાડવા માંગતું હોય તો પ્રથમ શરત એ કે તે જમીનમાં એક સ્થળે પાણી આપવામાં આવે અને ત્યારબાદ તેની બાઉન્ડ્રી બનાવવામાં આવે. ત્યારબાદ ઘાસ ઉગાડવા માટે જે પણ ખર્ચ થશે તેટલા રૂપિયાની વગર વ્યાજની લોન મારા તરફથી આપવામાં આવશે કે જે ત્યાં ઘાસ વેચતા, તેના નફામાંથી હપ્તા સ્વરૂપે મને જે-તે ગામ તરફથી પાછી મળવી જોઈએ. મારા અંદાજ પ્રમાણે ઘાસ ઉગાડવાનો ખર્ચ એક એકરે અંદાજિત રૂપિયા ૧ લાખ થાય છે, કે જે વગર વ્યાજની લોન સ્વરૂપે આપવા હું તૈયાર છું. મોટા અંગીયામાં આ પ્રયાસો કરવામાં આવેલ છે અને અઢી એકર જમીનમાં આજે ૭થી ૮ ફુટ ઊંચું ઘાસ ઉગી નીકળેલ છે. જેઓ મારી પાસેથી લોન લઈ ઘાસ ઉગાડશે, તેઓ કોઈ પણ સંજોગોમાં રૂા. ૧.૫૦ પ્રતિ કિલોથી વધુ ભાવે ઘાસ વેચી શકશે નહીં. આ લોકોના હિતની યોજના છે.



શ્રી રાઠોડ સાહેબે તેમના પ્રવચનમાં જણાવેલ કે આપણે સહુએ સહિયારા પ્રયાસ કરી ગામેગામની ગોચર જમીનનો વિકાસ કરવો જોઈએ. જમીનમાં ચારેબાજુ વૃક્ષારોપણ કરવામાં આવે અને વચ્ચે ઘાસ ઉગાડવામાં આવે. વૃક્ષારોપણમાં સાગ, બાંબુ વગેરેનો પ્રયાસ પણ કરી શકાય અને ઘાસ તરીકે જુવાર, બાજરી જેવા પાકો ઉગાડી શકાય. આ માટે દરેક ગામે પોતાની રીતે આગળ આવવું જોઈએ. સરકાર તે માટે પોતાનાથી બનતા બધા પ્રયાસ કરી શકશે.

મોટા અંગીયા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી ઈસ્માઈલ ઘાંચીએ જણાવેલ કે પ્રથમ મોટા અંગીયામાં નરેગા યોજના હેઠળ ત્રણ તળાવ બનાવવામાં આવેલ છે. હાલે ઘાસની ખેતીનો પ્રયોગ ચાલુ છે. હાલે અઢી એકર જમીનમાં શ્રી ગુણવંતભાઈના સહકારથી ઘાસ ઉગાડવામાં આવેલ છે, કે જે ૭ ફુટથી ૮ ફુટ ઊંચો થઈ ગયેલ છે. આ ગામમાં ગટરની યોજના હોવાથી તેના વેસ્ટ પાણીનો ત્રણ પ્રકારના ખાડા બનાવી તેમાં પથ્થર, કાંકરા, રેતી વગેરે નાંખી ત્યાંથી પાણી પાસ કરાવી તેને ખેતીલાયક બનાવવામાં આવે છે. દરરોજ આ પ્રકારે ૨ લાખ લીટર જેટલું પાણી મળે છે કે જે ઘાસની ખેતી તથા અન્યત્ર ઉપયોગમાં લેવાય છે. ત્યાંની ગ્રામ પંચાયત પાસે આવી ૧૦૦ એકર જમીન છે કે જેમાં ધીરે ધીરે ઘાસ ઉગાડવાના આયોજનો છે.

ત્યારબાદ નખત્રાણા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પ્રવચન આપતા જણાવેલ કે બહારથી આયાત કરવામાં આવતા ઘાસમાં મીઠાશ હોતી નથી. આપણે અહીં ઘાસ ઉગાડીએ તો એક એકરમાં ૮૦૦ મણ ઘાસ થઈ શકે. કપીત જમીનમાં વર્ષે ૨૦૦ મણ ઘાસ ઉગી શકે. એક ગાયને દરરોજ ૨ મણ ઘાસ જોઈએ. આ સિવાય તેમણે ખેતીને લગતા અનેક ઉદાહરણ અને આંકડા આપ્યા હતા અને આ યોજનામાં આગળ વધવા પ્રોત્સાહન આપેલ હતું.

ત્યારબાદ શ્રી જશુભાઈ પટેલ, શ્રી લાલજીભાઈ રામજી, શ્રી કમલેશભાઈ નાકરાણી, બેંગ્લોરથી પધારેલ શ્રી અર્જુનભાઈ પટેલ વગેરેએ પ્રવચનો કરેલ હતા. અંતમાં સૌનો આભાર માની આ મીટિંગ પૂરી કરવામાં આવેલ હતી.

અમદાવાદ - મુંબઈના મહેમાનોએ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સાથે ભોજન લઈ ત્યાંથી વિદાય લીધેલ હતી. ત્યાંથી શ્રી કમલેશભાઈ નાકરાણીની ઓફિસની મુલાકાત લઈ મોટા અંગીયા ગયેલ હતા. અહીં ઉગી નીકળેલ ઘાસનું નિરીક્ષણ કરી સૌ ભુજ પરત આવ્યા હતા.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## નવેમ્બર - ૨૦૧૯

**★ રવિવાર, તા. ૨૭-૧૦-૧૯થી રવિવાર, તા. ૩-૧૧-૨૦૧૯**

- દીપોત્સવી તહેવાર નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયે રજા રાખેલ હતી.

**★ શનિવાર, તા. ૯-૧૧-૨૦૧૯**

- વર્ષ ૨૦૧૯ની વાર્ષિક સામાન્ય સભા પછી સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની પ્રથમ બેઠક સંયુક્ત મીટિંગ સ્વરૂપે મળી. આ મીટિંગમાં ૧૪ વ્યક્તિ ઉપસ્થિત રહી શકેલ હતી. વર્ષ ૨૦૧૯-૨૦ના કો-ઓપ્ટ ટ્રસ્ટીશ્રીઓ, કારોબારીના કો-ઓપ્ટ સભ્યશ્રી, મેનેજિંગ ટ્રસ્ટી, ઉપપ્રમુખશ્રીઓ, માનદ્ મંત્રી, બે સહમંત્રી તથા ખજાનચીશ્રીની વરણી કરવામાં આવી. એ જ રીતે કચ્છશ્રુતિ તંત્રી મંડળ, શૈક્ષણિક સમિતિ, ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિ તથા વિદ્યાર્થી દત્તક યોજના સમિતિના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવી. અન્ય કેટલીક સમિતિઓના કન્વીનરશ્રીઓની વરણી બાકી રહેલ હતી.

*મનુષ્યમાં શક્તિની ખામી નથી હોતી, સંકલ્પની ખામી હોય છે.*

★ **સોમવાર, તા. ૧૧-૧૧-૨૦૧૯**

- શનિવાર, તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગની મિનિટ્સ વોટ્સ ઍપ દ્વારા બધા જ ટ્રસ્ટીશ્રીઓને તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓને મોકલી આપેલ હતી.
- કચ્છશ્રુતિ નવેમ્બર-૨૦૧૯ના અંકની PDF ફાઇલ અનેક સભ્યશ્રીઓને વોટ્સ ઍપ દ્વારા મોકલી આપી.
- વિવિધ વિજ્ઞાપન દાતાઓ વગેરેને ઉઘરાણીના પત્રો ફરીથી મોકલી આપવાની શરૂઆત કરી.

★ **બુધવાર, તા. ૧૩-૧૧-૨૦૧૯**

- સમાજના વર્ષ ૨૦૧૯-૨૦ના નિમણૂંક પામેલ હોદ્દેદારોને વિધિસર રીતે પત્રો લખી તેમને તેમની વિગતો જણાવી.
- ઉઘરાણીના પત્રો મોકલવાની પ્રક્રિયા ચાલુ છે.
- નવેમ્બર-૧૯ના કચ્છશ્રુતિના અંકો છપાઇને આવી ગયા.

★ **ગુરૂવાર, તા. ૧૪-૧૧-૨૦૧૯**

- પંદર વર્ષ સુધી સતતપણે ૪ ટર્મમાં ચૂંટાયેલ કચ્છના સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી આજ રોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસની મુલાકાત માટે પધારેલ હતા. તે સમયે કચ્છની નર્મદા બ્રાંચ કેનાલના કાર્યોની સમીક્ષા કરવામાં આવેલ હતી.

★ **શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૯**

- આજે સાંજના ૬ વાગે સમાજની ઓફિસ પર ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિની પ્રથમ મીટિંગ મળેલ હતી. અલગ અલગ ઘટક સમાજોની ક્રિકેટ ટીમના લગભગ ૧૦ જેટલા યુવા કાર્યકરો આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. ટુર્નામેન્ટના લગભગ નીતિ નિયમો બનાવી લેવામાં આવેલ હતા. આજકાલમાં ગ્રાઉન્ડ બુક થઇ જવાનો છે તેવું આ મીટિંગમાં જણાવવામાં આવેલ હતું. વર્ષ ૨૦૧૯ની પ્રથમ ટુર્નામેન્ટમાં વિવિધ ઘટક સમાજોની ૮ જેટલી ક્રિકેટ ટીમ ભાગ લઈ શકશે તેવું નક્કી કરવામાં આવેલ. ટોટલ ત્રણ દિવસનો કાર્યક્રમ રહેશે. ૨૦/૨૧/૨૨ ડિસેમ્બર - ૨૦૧૯ની તારીખો નક્કી કરવામાં આવેલ હતી. તે માટે SKS Cricket નામનું વોટ્સઍપ ગ્રુપ પણ બનાવી લેવામાં આવેલ છે.

★ **સોમવાર, તા. ૧૮-૧૧-૨૦૧૯**

- શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા આજરોજ સાંજના સમાજની ઓફિસ પર આવેલ હતા. શ્રી અતુલભાઈ સોનીએ સમાજની F.D. ની પાંચ રસીદો, સમાજનું પાનકાર્ડ તથા BMCB બેંકની ચેકબુક જમા કરાવેલ હતી.
- ક્રિકેટ ટુર્નામેન્ટનો પત્ર શ્રી હિમાંશુભાઈ ઠક્કરે SKS ક્રિકેટ ટુર્નામેન્ટના ગ્રુપમાં વોટ્સ ઍપ કરાવેલ હતો.

★ **મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૧૯**

- ક્રિકેટ ટુર્નામેન્ટના સમાચાર ટ્રસ્ટ બોર્ડ, કારોબારી સભ્યો તથા કેટલાક અન્ય મહાનુભાવો પર વોટ્સ ઍપ દ્વારા મોકલી આપ્યા.
- શ્રી હરસુખભાઈ પટેલ આજરોજ સમાજ પર આવેલ હતા. તેમને F.D. ની પાંચ રસીદો તથા સમાજનું પાન કાર્ડ હેન્ડ ઓવર કરી દીધેલ હતું. તેઓને શ્રી રાજુભાઈ એકાઉન્ટન્ટ તથા C.A. નીરવભાઈ કાપડિયા સાથે ફોન પર વાત પણ કરાવી દીધેલ હતી.

★ **બુધવાર, તા. ૨૦-૧૧-૨૦૧૯**

- ક્રિકેટ ટુર્નામેન્ટનું બીજો સરક્યુલર શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ક્રિકેટના વોટ્સ ઍપ ગ્રુપ પર મોકલી આપ્યો.
- શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી સંદીપભાઈ બજરીયાની જાહેરાત વગેરેના પેમેન્ટ આજે આવી ગયા.

★ **સોમવાર, તા. ૨૫-૧૧-૨૦૧૯**

- નખત્રાણાના પ્રાંત અધિકારી શ્રી જી.કે. રાઠોડ દ્વારા નખત્રાણા ખાતે ઘાસચારા તથા વૃક્ષારોપણ માટે બોલાવવામાં આવેલ મીટિંગમાં અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પીયૂષ પારેખ તથા શ્રી ગિરીશભાઈ દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. વિવિધ વિભાગના સરકારી અધિકારીશ્રીઓ, આજુબાજુના ગામના સરપંચશ્રીઓ, ખેડૂત આગેવાનો તથા મુંબઈથી ઉપસ્થિત રહેલ શ્રી ગુણવંતભાઈ વગેરેની ૮૦ની સંખ્યામાં ઉપસ્થિતિ આ મીટિંગમાં રહેવા પામેલ હતી. શ્રી ગુણવંતભાઈની જરૂરી લોનના સહકારથી દરેક ગામોમાં કે જ્યાં ગ્રામ પંચાયત દ્વારા પાણી પહોંચાડવામાં આવે ત્યાં ઘાસ ઉગાડવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દરેક સ્થળે વૃક્ષારોપણ કરશે તેવું પણ નક્કી કરવામાં આવ્યું. નખત્રાણા વિભાગના સાંસદ શ્રી પ્રદ્યુમનસિં જાડેજા પણ આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ મોટા અંગીયામાં આ પદ્ધતિથી ૨.૫ એકર ગૌચર જમીનમાં ઉગાડવામાં આવેલ ૭ થી ૮ ફુટ ઊંચા ઘાસનું નિરીક્ષણ કર્યું. અમદાવાદ પાછા ફરતાં વચ્ચે માધાપરમાં શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા શ્રી મનોજભાઈ સોલંકી સાથે નર્મદાના પાણી વિશે ચર્ચા કરી.

★ **મંગળવાર, તા. ૨૬-૧૧-૨૦૧૯**

- વાગડ સાત ચોવીસીની બે ક્રિકેટ ટીમના રૂા. ૫૮,૦૦૦/- આજરોજ સમાજ પર જમા કરાવવામાં આવ્યા.
- BMCB બેંકનું જાહેરાતનું પેમેન્ટ આજરોજ આવી ગયું.

*નિશ્ચય જ સારામાં સારી અને સાચામાં સાચી ચતુરાઈ છે.*


NUTS MASTI
MICHI'S®
Candies & Toffees
आईये,
खुशियाँ बाटें...
काजू बादाम भरी
₹2/-
PER PIECE
MICHI'S
Badam
Nuts Masti
MICHI'S
Kaju
Nuts Masti
सब' मस्त है!
JRJ
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેકશન એન્ડ આઇવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices


યુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719
Nileshbhai : M. 98250 70719
Amitkumar : M. 98790 24849
Hirenkumar : M. 98799 97777



**DEEP Industries Limited**

Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

RII

**RUDANI**
INNOVATION INDUSTRIES

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry

SUJAKO





**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels**®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

BUILDERS WE PRESENT

SUN
SHILP
shivalik
& Many More...

BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axion,
Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

**PRIME PROPERTY**

- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)